બફૈઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ બયાદગારે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ



અહલે સુન્નત વ જમાઅત
એટલે
મસ્લકે આ'લા હઝરત
નું અજોડ મુખપત્ર


# બરકાતે ખ્વાજા (માસિક)

**નવેમ્બર-૨૦૨૪**

રબીઉલ્ અવ્વલ - રબીઉલ્ આખર
હિજરી સન : ૧૪૪૬

વર્ષ : ૨૧, અંક : ૧૧, સળંગ અંક : ૨૫૦

**સ્થાપક અને પ્રકાશક**
ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા



**એડ્રેસ :** બરકાતે ખ્વાજા (માસિક)
C/o. ફયૂઝાને રઝા મંઝિલ, દયાદરા-૩૯૨૦૨૦
તા. જિ. ભરૂચ, ગુજરાત, મો. ૯૬૬૪૫૨૧૪૭૭
9427464411 PhonePe/Paytm/G Pay
Web. :www.barkatekhwaja.net
Email : anjuman2006@hotmail.com



બેંક ઓફ બરોડા-દયાદરા બ્રાન્ચ
A/c. No. 34620100000303
Razvi Kitab Ghar
IFSC Code : BARB0DAYADR

**★ લવાજમ ★**

| | | |
|---|---|---|
| છુટક નકલ | રૂા. | ૨૫/- |
| વાર્ષિક લવાજમ | રૂા. | ૩૦૦/- |
| વિદેશ માટે | રૂા. | ૨,૦૦૦/- |
| પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૩,૦૦૦/- |
| આજીવન | રૂા. | ૬,૦૦૦/- |
| વિદેશ માટે પેટ્રન | રૂા. | ૧૫,૦૦૦/- |
| વિદેશ માટે આજીવન | રૂા. | ૨૫,૦૦૦/- |


: માનદ તંત્રી :
પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી (B.Sc.)


## ● અનુક્રમણિકા ●


| | | |
|---|---|---|
| 01 | 'ઉમ્મી' લક઼બવાળા નબી ﷺની શાનમાં મરદૂદ નામસઊદીની અસહ્ય ગુસ્તાખી ! | 04 |
| 02 | કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈર્ફાન | 09 |
| 03 | (દર્સે હદીષ) મિર્આત (ઉર્દૂ) શર્હે મિશ્કાત (ભાગ : ૨) | 12 |
| 04 | અવામી ગલતફેહમી અને તેની સુધારણા | 15 |
| 05 | તઝકેરતુલ અવલિયા : હઝરત હમ્દુન ક઼સ્સાર તથા હઝરત મન્સૂર અમ્મારرضی اللہ عنہما ના હાલાત તથા ખૂબીઓ | 18 |
| 06 | ઈસ્લામી અખ્લાક઼ તથા આદાબ | 21 |
| 07 | રસૂલે ખુદા ﷺનો ગયબનો ઈલ્મ કિતાબ તથા સુન્નતની રોશનીમાં | 25 |
| 08 | *(બીજી સદીના મુજદ્દિદ-૫)* હઝરત અસદુદ્દીન મઅરૂફ ઈબ્ને ફીરોઝ કર્ખી رحمۃ اللہ علیہ | 29 |
| 09 | પાંચ નબવી નસીહતો | 32 |
| 10 | કશ્ફુલ મહજૂબ (તસવ્વુફનાં રહસ્યો ખોલનાર કિતાબ) | 36 |
| 11 | ઝર્બે હૈદરી | 44 |
| 12 | બરકાતે ખ્વાજાની ટપાલ | 50 |


કલામુલ્ ઈમામ ઈમામુલ્ કલામ
રઝા : આ'લા હઝરત ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رضی اللہ عنہ

સૂના જંગલ રાત અંધેરી છાઈ બદલી કાલી હૈ
સોનેવાલે જાગતે રહીયો ચોરોં કી રખવાલી હૈ
યે જો તુઝ કો બુલાતા હૈ યે ઠગ હૈ માર હી રખેગા
હાએ મુસાફિર દમ મેં ન આના મત કૈસી મતવાલી હૈ
સોના પાસ હૈ સૂના બન હૈ સોના ઝહેર હૈ ઉઠ પ્યારે
તૂ કહતા હૈ નીંદ હૈ મીઠી તેરી મત હી નિરાલી હૈ
બાદલ ગર્ઝે બિજલી તળપે ધક સે કલેજા હો જાએ
બન મેં ઘટા કી ભયાનક સૂરત કૈસી કાલી કાલી હૈ
સાથી સાથી કેહ કે પૂકારું સાથી હો તો જવાબ આએં
ફિર ઝુંઝલા કર સર દે પટકું ચલ રે મૌલા વાલી હૈ
તુમ તો ચાંદ અરબ કે હો પ્યારે તુમ તો અજમ કે સૂરજ હો
દેખો મુઝ બેકસ પે સબને કૈસી આફત ડાલી હૈ
શહદ દિખાએ ઝહર પિલાએ ક઼ાતિલ ડાઈન શૌહર કુશ
ઈસ મુર્દાર પે ક્યા લલચાના દુન્યા દેખી ભાલી હૈ
વો તો નિહાયત સસ્તા સૌદા બેચ રહે હૈં જન્નત કા
હમ મુફલિસ ક્યા મોલ ચૂકાએં અપના હાથ હી ખાલી હૈ
મૌલા તેરે અફવો કરમ હો મેરે ગવાહ સફાઈ કે
વરના **"રઝા"** સે ચોર પે તેરી ડિગ્રી તો ઈક઼બાલી હૈ



# ‘ઉમ્મી’ લક઼બવાળા નબી ﷺની શાનમાં

## મરદૂદ નામસઊદીની અસહ્ય ગુસ્તાખી !

**तंत्री लेख**

દુનિયાભરમાં ઈસ્લામની તથા મુસલમાનોની શાનો શૌકત તથા ઈક્તેદારને ખત્મ કરવામાં સૌથી મોટો રોલ કોઈનો હોય તો તે નબી કરીમ عَلَيْهِ التَّحِيَّةُ وَالثَّنَاء ના ગુસ્તાખોનો છે. યૂરોપી દેશો પર પોતાનો પ્રભાવ તથા પ્રતિષ્ઠા સ્થાપિત કરીને તુર્કી ઉષ્માની હુકૂમતના નબીના આશિક ખલીફાઓએ ૬૦૦ વરસ સુધી અભેદ હુકૂમત જમાવી રાખી જેને કોઈ વિરોધી ઈસાઈ યૂરોપી શક્તિઓ ભેદી ન શકી, પણ લડાઈના મેદાનમાં વારંવાર પછડાટ ખાધા પછી વિરોધી શક્તિઓએ ભાંપી લીધું કે મુસલમાનોમાં ગમે તેવા મતભેદો છતાં તેમને એકત્ર કરી આપનાર કોઈ ચીજ હોય તો તે મહબ્બતે રસૂલ છે, મુસલમાન પોતાના નબી પાક صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَاٰلِهٖ وَسَلَّمَ પર સર્વસ્વ કુર્બાન કરવા તૈયાર રહેતો હોય છે જેથી તેને જંગના મેદાનમાં હરાવવો મુશ્કેલ છે. જેથી તેમણે અનેક મનોમંથનોને અંતે નક્કી કર્યું કે મુસલમાનોમાંથી એવા લાલચુ લોકોને તલાશ કરીને તેમને એ કામ માટે તૈયાર કરવામાં આવે કે તેઓ નબી પાક صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَاٰلِهٖ وَسَلَّمَ વિશે બેઅદબી કરતી વાતો લોકોમાં વહેવડાવે, તેમને સત્તાની, માલ દૌલતની લાલચ આપી આ કામ માટે ઉભારવામાં આવે જેનાથી મુસલમાનો આપસી લડાઈઓમાં પડીને કમજોર થઈ જશે તો પછી તેમને ઝેર કરવાનું આસાન થઈ જશે. અંગ્રેજોએ આ એજન્ડા મુજબ ધાર્મિક નેતા તરીકે મુહમ્મદ ઈબ્ને અબ્દુલ વહહાબને અને રાજકીય નેતા તરીકે ઈબ્ને સઊદને ઉભા કરીને તેમને લશ્કરી વગેરે સહાય કરીને તેમના થકી નબી પાક علیہ الصلوٰۃ والسلام ની ગુસ્તાખી કરતા ફિર્કા વહાબિયતનો ફેલાવો કર્યો અને ઉષ્માની સુન્ની હુકૂમતનો પાયો ઉખેડી કઢાયો, સાથોસાથ પેલેસ્ટાઈનની ભૂમિ પર ઈઝરાઈલનો નાજાઈઝ કબજો થયો. હિંદમાં એ જ ગુસ્તાખે રસૂલ ઈબ્ને અબ્દુલ વહહાબ નજદીના ચેલા ઈસ્માઈલ દહેલ્વીએ નબી વલીની ગુસ્તાખી કરતી કિતાબ ‘તક઼વિયતુલ ઈમાન’ લખી જેનો ફેલાવો અંગ્રેજોના સહારે કરી અખંડ ભારતમાં પણ મુસલમાનોમાં ફાટફૂટ પડાવી, અને એ ક્રમ હજી ચાલુ જ છે.

એવા જ ગુસ્તાખ વહાબી દેવબંદી પાકિસ્તાની મોલ્વી કહેવાતા મુફતી તારિક મસૂદે હુઝૂરે અન્વર صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَاٰلِهٖ وَسَلَّمَ ની શાનમાં ભયાનક ગુસ્તાખી કરી છે. એવા ગુસ્તાખોને જોઈને જ મનહૂસ યતિ નરસિહાંનદ જેવા ગુસ્તાખોને હિંમત આવી છે કે તેમની ઝબાનો પર નબી પાક علیہ الصلوٰۃ والسلام ની ગુસ્તાખીના વેણો અવાર નવાર આવવા લાગે છે. આવા નફરત ફેલાવનારા શૈતાનો પર સખત કાર્યવાહી થવી જોઈએ. એવા બદ્‌બખ્તોને પણ અમે સખત શબ્દોમાં વખોડી કાઢીએ છીએ. આ બદ્‌બખ્ત દેવબંદી મોલ્વી તારિક઼ મસૂદે કહ્યું કે : *"આપણા નબીના બારામાં પૂરી ઉમ્મતનો ઈજમાઅ છે ભાઈ ! ન લખવાનું જાણતા હતા અને ન વાંચવાનું જાણતા હતા. અબે ભાઈ ! પછી શા માટે ફોલો કરી રહ્યા છો ?! યાર ! ખુદ બોલી રહ્યા છો કે, ન લખવાનું જાણતા હતા અને ન પઢવાનુ જાણતા હતા, અનપઢ હતા. જુઓ આપણા નબી صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَاٰلِهٖ وَسَلَّمَ એ જે કુર્આન લખાવ્યું તો કેમ કે આપ લખવા વાંચવાનુ જાણતા ન હતા તો કેટલીકવાર કાતિબથી ગ્રામરની ગલતી થઈ લખવામાં તો આપણા નબીએ તેનું કરેકશન ન કર્યું. આપને ખબર ન પડી કે ગ્રામરના લેહાઝથી આ ગલત લખેલું છે. અત્યાર સુધી એ જ પ્રમાણે લખેલું છે. સમજી રહ્યા છો કે નહીં સમજી રહ્યા છો ?!.... આ ગ્રામરના લેહાઝથી ૧૦૦% શું છે ?! મિસ્ટેક ! કાતિબે ગલત લખ્યું અને નબી લખતા વાંચતા જાણતા ન હતા."* (વીડીયો બયાન)

www.barkatekhwaja.net

સુન્ની ભાઈઓ ! બહેનો ! જરા વિચારો ! આ મરદૂદ નામસઉદે કેટલી મહાન ગુસ્તાખી અલ્લાહના નબી કરીમ દાનાએ ગુયૂબ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَاٰلِهٖ وَسَلَّمَની કરી છે ! એક તરફ આપણા નબી કહે છે.... નબીનો અર્થ જ છે "ગયબ જાણનાર !" તો આ મૂરખે અલ્લાહના રસૂલ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَاٰلِهٖ وَسَلَّمَને "અનપઢ લખતાં વાંચતા ન જાણનાર કહી દીધા !" વળી કુર્આન શરીફને ગલતીવાળુ કહ્યું ! "ઉમ્મી" લક઼બનો અર્થ અનપઢ કર્યો અને કુર્આનને ગલતીવાળુ કહ્યું, તો મરદૂદ તારિક મસ્ઊદના આ શબ્દો તદ્દન કોઈ કાફિરની બોલી છે અને બારગાહે ખુદા વ રસૂલમાં મહાન ગુસ્તાખી છે. જે રાફઝીઓ કુર્આન અપૂર્ણ હોવાનો બદ્અક઼ીદો ધરાવે છે તેમને પણ બોલવાનો બદ્બખ્તે મોકો આપ્યો છે તથા અન્ય કાફિરોને પણ બોલવાનો મોકો આપ્યો છે.

## ★ 'ઉમ્મી' લક઼બનો અર્થ બુઝુર્ગોની તફસીરો થકી ★

સૌ પ્રથમ આપણે હુઝૂર عَلَيْهِ التَّحِيَّةُ وَالثَّنَاءનું "ઉમ્મી" હોવાનો શો મતલબ છે ! કુર્આનમાં આ શબ્દ આપ્યો છે અને કુર્આન મજીદની તફસીરો લખવામાં આવી છે, હુઝૂરે અકરમ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَاٰلِهٖ وَسَلَّمَનાં નામો પર કિતાબો લખાયેલી છે, તો એ તફસીરો અને બુઝુર્ગોની કિતાબોમાં "ઉમ્મી" સિફતના શું અર્થ તથા હિકમતો દર્શાવેલી છે તેનો અભ્યાસ કરીએ અને આ ગુસ્તાખે નબીના શબ્દોનું ઓપરેશન કરીએ.

(૧) **ઉમ્મી એટલે સૃષ્ટિનું મૂળ** : અલ્લાહના રસૂલ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَاٰلِهٖ وَسَلَّمَને "ઉમ્મી"નો ખિતાબ આપવામાં આવ્યો છે તેનું એક કારણ એ છે કે "ઉમ્મી" એ "ઉમ્મુન"થી બન્યુ છે, અને "ઉમ્મુન" અરબીમાં અસલ અને જડ (મૂળ)ને કહે છે. અને એ "ઉમ્મુન"થી હુઝૂર صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَاٰلِهٖ وَسَلَّمَનો લક઼બ 'ઉમ્મી" બન્યો છે. તો "ઉમ્મી"નો અર્થ થયો : "આ તે નબી છે જે આખી સૃષ્ટિ (કાઈનાત)નું મૂળ તથા અસલ છે. અને અલ્લાહના રસૂલ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَاٰلِهٖ وَسَلَّمَએ એટલા માટે ઈર્શાદ ફર્માવ્યો, જેને "મક્તૂબાત"માં **ઈમામે રબ્બાની મુજદ્દિદે અલ્ફેષાની** رَحْمَةُ اللّٰهِ تَعَالٰى عَلَيْهِ વર્ણવે છે : "અલ્લાહ عَزَّوَجَلَّએ ફર્માવ્યું : لولاک لما خلقت الافلاک "મહબૂબ ! જો આપને પેદા કરવાના ન હોત તો હું આસ્માનોને પેદા ન કરત." બીજી જગાએ શબ્દો આ પ્રકારના પણ છે : "હું દુનિયાને પેદા ન કરત" અલ્લાહ جَلَّ جَلَالُهٗએ ફર્માવ્યું :–

لولاہ ما خلقتک ولا خلقت عرشا ولا کرسیا ولا لوحا ولا قلما ولا سماء ولاأرضا ولا جنة ولا نارا ولا دنیا ولا أخری

"મહબૂબ ! જો આપને પેદા કરવાના ન હોત તો હું આદમને પણ પેદા ન કરત, જમીનને પણ પેદા ન કરત, આસ્માનને પેદા ન કરત, ચાંદ સૂરજ તારાઓ પેદા ન કરત, જન્નત તથા જહન્નમને પેદા ન કરત. (જવાહિરુલ બિહાર, ૩/૨૩૫) મહબૂબ ! આ સર્વ કાંઈ અમે આપના નૂરથી પેદા કરેલ છે. એટલા માટે આપને મેં "ઉમ્મી" અને કાઈનાતની અસ્લ (મૂળ) બનાવ્યા છે. તો "ઉમ્મી'નો અર્થ છે : "સૃષ્ટિ (કાઈનાત)ની જડ."

(૨) **"ઉમ્મી" એટલે મક્કાના રહેવાસી** : ઉમ્મી એ ઉમ્મુકુર્રાની તરફ સંબંધિત છે. ઉમ્મુલ કુર્રા મક્કા મુકર્રમાનું નામ છે (પૃથ્વીનું કેન્દ્ર). જેથી "ઉમ્મી" લક઼બનો અર્થ થયો : મક્કા મુકર્રમાના રહેવાસી.

(૩) **"ઉમ્મી" ઉમ્મુલ કિતાબ પરથી** : ઉમ્મી એ ઉમ્મુલ કિતાબ તરફ સંબંધિત છે, અને ઉમ્મુલ કિતાબ એ કુર્આન મજીદનો લક઼બ છે કે કુર્આન સર્વ કિતાબોની અસ્લ (મૂળ) છે તો એ ઉમ્મુલ કિતાબ આ ઉમ્મી નબી પર ઉતરી છે એટલા માટે આ નબીનો લક઼બ પણ "ઉમ્મી" એટલે "ઉમ્મુલ કિતાબવાળા નબી" છે.

ઉપરાંત "ઉમ્મી" લક઼બના અન્ય પણ અર્થો બુઝુર્ગોની કિતાબો તફસીરોમાં છે. હકીમુલ ઉમ્મત હઝરત

અલ્લામા મુફ્તી અહમદ યારખાં નઈમી رَحْمَةُاللّٰهِ تَعَالٰی عَلَیْهِ લખે છે :–

ઉમ્મી લક્બ ઉમ્મુનથી બન્યો છે, અર્થ : અસ્લ (જડ) અથવા મા. એમાં નિર્દેશ અરબવાસીઓ તરફ છે. ઉમ્મીનો અર્થ છે ઉમ્મુલ કુર્રા એટલે મક્કા અથવા હિજાઝવાળા, અથવા ''પઢેલો નહીં એવો શખ્સ'' કે જેવા માના પેટથી પેદા થયા તેવા જ રહ્યા. હુઝૂર صَلَّى اللّٰهُ تَعَالٰی عَلَیْهِ وَاٰلِهٖ وَسَلَّمَને ઉમ્મી કહેવામાં આવે છે. યાદ રાખશો કે ઉમ્મીનો અર્થ ''પઢેલા નહીં'' છે પણ ''બેઈલ્મ'' નથી ! અલ્લાહ તઆલાએ સહાબાએ કિરામને હુઝૂરે અન્વર صَلَّى اللّٰهُ تَعَالٰی عَلَیْهِ وَاٰلِهٖ وَسَلَّمَની સોહબતથી એવા આલિમ બનાવ્યા કે જે જગતભરના આલિમો તેમની શાગિર્દી કરે. **હુઝૂરે અન્વર** صَلَّى اللّٰهُ تَعَالٰی عَلَیْهِ وَاٰلِهٖ وَسَلَّمَ **એ અર્થમાં ''ઉમ્મી'' છે કે પેદાઈશી આલિમ, આરિફ, મુઅલ્લિમ છે.** રહમાન તેમનો ઉસ્તાદ છે કોઈ માણસ નહીં. (શેઅર)

*જો ફલસફિયોંસે હલ ન હૂએ ઔર નુકતાવરોંસે ખુલ ન સકે*
*વો રાઝ ઈક ઉમ્મી લક્બીને સમઝા દીએ ચંદ ઈશારોંમેં*

*(મિર્અતુલ મનાજીહ શરહે મિશ્કાતુલ મસાબીહ, ૩/૧૮૭૧)*

**પ્યારા દોસ્તો ! વિચારો ! ''ઉમ્મી'' સિફતનાં જેટલાં કારણો દર્શાવામાં આવ્યા છે તેમાં એક પણ કારણ એવું નથી જેનો તર્જુમો કોઈએ એ કર્યો હોય કે તેમની પાસે લખવા તથા વાંચવાનું જ્ઞાન ન હતું એટલા માટે એ ઉમ્મી છે.** અમે અહીં રૂહુલ બયાન, રૂહુલ મઆની તથા મુફસ્સિરોના હવાલાઓથી એ વાત આપની સમક્ષ રાખવા ચાહીએ છીએ કે **માણસ લખે શા માટે છે ? માણસ કિતાબ પઢે શા માટે છે ?** માણસ એટલા માટે લખે છે અને કિતાબ એટલા માટે પઢે છે કે જેથી લખી પઢીને ઈલ્મ (જ્ઞાન) હાંસલ કરે અથવા હાંસલ કરેલો ઈલ્મ મહેફૂઝ કરે. પણ અલ્લાહ عَزَّوَجَلَّએ પોતાના હબીબ صَلَّى اللّٰهُ تَعَالٰی عَلَیْهِ وَاٰلِهٖ وَسَلَّمَને એટલા બેનિયાઝ રાખ્યા છે કે જ્યારે જિબ્રઈલ عَلَیْهِ الصَّلٰوةُ وَالسَّلَام કુર્આન મજીદની આયતો લઈને ઉતરતા હતા તો સરકારે દો આલમ صَلَّى اللّٰهُ تَعَالٰی عَلَیْهِ وَاٰلِهٖ وَسَلَّمَ જિબ્રઈલની સાથે જલ્દી જલ્દી કુર્આન મજીદ પઢતા હતા જેથી એ કુર્આનને હુઝૂર યાદ કરી લે. આમ જ્યારે સરકાર صَلَّى اللّٰهُ تَعَالٰی عَلَیْهِ وَاٰلِهٖ وَسَلَّمَ જલ્દી જલ્દી પઢતા તો હોઠ સૂકાય જતા, ઝબાન મુબારક હોટો પર આવતી. અલ્લાહે આયત નાઝિલ ફર્માવી : لَا تُحَرِّكْ بِهٖ لِسَانَكَ لِتَعْجَلَ بِهٖ ﴿۱۶﴾ اِنَّ عَلَیْنَا جَمْعَهٗ وَ قُرْاٰنَهٗ ﴿۱۷﴾ ''યાદ કરવાની જલ્દીમાં કુર્આનની સાથે તમારી જીભને હરકત ન આપો. બેશક ! એને મહેફૂઝ કરવું અને પઢવું અમારા જિમ્મે છે.'' *(સૂરએ કિ઼યામહ, ૭૫/૧૬,૧૭)*

મારા મહબૂબ ! આપ કુર્આન મજીદ પઢવામાં પોતાની જીભને જલ્દી જલ્દી હરકત આપનારી તકલીફ ન ઉઠાવો ! આ કુર્આનને તમારા દિલમાં જમા કરી દેવું એ પણ તમારા રબના કરમના જિમ્મે છે અને જીભ પર જારી કરી દેવું પણ રબના કરમના જિમ્મે છે. મહબૂબ ! તમે યાદ કરવા માટે એટલી તકલીફ પણ ન ઉઠાવો કે ઝબાનને વારંવાર હરકત આપો. વિચારો ! જ્યારે વહી વખતે આ રીતની તકલીફ હુઝૂર صَلَّى اللّٰهُ تَعَالٰی عَلَیْهِ وَاٰلِهٖ وَسَلَّمَ માટે રબ ગવારા નથી કરતો તો પછી કુર્આન કરીમ સિવાય અન્ય કિતાબ પઢવી અથવા કલમ ઉઠાવીને લખવું તે પણ ''ઈલ્મ હાંસલ કરવા'' એ અલ્લાહ عَزَّوَجَلَّને કેવી રીતે ગવારા હોય શકે છે ?!

યકીનન ! બારગાહે ઈલાહીનો ફયઝ છે કે મહબૂબ ! દુનિયામાં લોકો ઈલ્મ હાંસલ કરશે કિતાબો વાંચીને, ક઼લમ ચલાવીને, લખીને, પરંતું મહબૂબ જેવી રીતે અમે કુર્આન તમારા દિલ ઝબાન પર જમા રાખવા માટે ઝબાન

ઝડપી ચલાવવાની તકલીફ નથી આપી એવી જ રીતે મહબૂબ ! અમે તમને ઈલ્મ પ્રાપ્ત કરવા માટે લખવા વાંચવાની તકલીફથી મુક્ત રાખ્યા. કોઈ ઈલ્મ કઈ રીતે હાંસલ કરે છે ? કિતાબ પઢીને અથવા કલમ ચલાવીને, પરંતું **આપના માટે ઈલ્મ પ્રાપ્તિનો ઝરીયો વહીયે ઈલાહી છે, ઈલ્મે લદુન્ની છે, ફયઝે રબ્બાની છે.** તમામ માણસો ઝરીયાથી લખવા વાંચવાથી ઈલ્મ પ્રાપ્ત કરે છે તેનાથી આપને બેનિયાઝ રાખીને રબ તઆલાએ પોતાના મહબૂબ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَاٰلِهٖ وَسَلَّمَ ને મા કાન વમા યકૂનનો (ભૂત, વર્તમાન, ભાવિનો) ઈલ્મ અતા કર્યો છે, એમને અભણ કહેવા એ કેટલી મહાન ગુસ્તાખી છે ?!

મુફસ્સિરે કુર્આન હઝરત ઈમામ અબ્દુલ્લાહ બયઝાવી رَحْمَةُ اللّٰهِ تَعَالٰى عَلَيْهِ પોતાની "તફસીરે બયઝાવી"માં લખે છે : "એવી મહાન પુષ્કળ ઈલ્મોની જામેઅ (સમૃદ્ધ) કિતાબનું ઉતરાણ તે નબી ઉમ્મી પર થયું જે નુઝૂલે કુર્આનથી પહેલાં લખતા વાંચતા ન હતા. આ ખુદ એક મો'જિઝો છે."

મોહતરમ દોસ્તો ! અલ્લાહના રસૂલ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَاٰلِهٖ وَسَلَّمَનું કિતાબ વાંચીને ઈલ્મ હાંસલ ન કરવું અને કલમથી લખીને ઈલ્મ હાંસલ ન કરવામાં હજારો હિક્મતો છે. અને એ હિક્મતો ખુદ કુર્આન મજીદમાં અલ્લાહ عَزَّوَجَلَّએ વર્ણવી આપી છે. જે આયત પઢીને દેવબંદી નામસ્ઊદે (તારીકે) નબીની તૌહીન કરી ખુદ એ આયતની અંદર જવાબ મૌજૂદ છે. કુર્આન મજીદમાં અલ્લાહ عَزَّوَجَلَّએ ફર્માવ્યું : اَلرَّسُوْلَ النَّبِیَّ الْاُمِّیَّ الَّذِیْ یَجِدُوْنَهٗ مَكْتُوْبًا عِنْدَهُمْ فِی التَّوْرٰىةِ وَالْاِنْجِیْلِ "એ રસૂલ ન પઢેલા, ગયબની ખબર આપનારાની (પયરવી કરશે) જેને (ઉમ્મી) લખેલા પામશો અને પાતાની પાસે તૌરાત તથા ઈન્જીલમાં. (સૂરએ અઅ્રાફ, ૭/૧૫૭) વિચારો ! તે નબી જે આખરી નબી થશે તે "ઉમ્મી" હશે, તે કિતાબ નહીં પઢે, તે કલમથી નહીં લખે, એવું લખેલુ છે તૌરાત તથા ઈન્જીલમાં અને તૌરાત અને ઈન્જીલને માનવાવાળા યહૂદી તથા નસારા આખરી નબીમાં આ ખૂબી શોધી રહ્યા હતા.....

આ તો નબીએ આખિરુઝ્ઝમાં عَلَيْهِ التَّحِيَّةُ وَالثَّنَاءની શાન છે કે "ઉમ્મી" કોઈ માણસ પાસે કોઈ કિતાબથી પઢયા કે ઈલ્મ લખતા વાંચતા શીખ્યા ન હતા. આપને તો આપના રબે સર્વ કાંઈ શીખવાડી આપ્યું હતું. રબ તઆલાનું ફર્માન છે : وَاَنْزَلَ اللّٰهُ عَلَيْكَ الْكِتٰبَ وَالْحِكْمَةَ وَعَلَّمَكَ مَا لَمْ تَكُنْ تَعْلَمُ **"અને અલ્લાહે તમારા પર કિતાબ અને હિક્મત ઉતારી, અને તમને શીખવાડી આપ્યું જે કાંઈ તમે જાણતા ન હતા."** (સૂરએ નિસાઅ્, ૪/૧૧૩) કુર્આન તો કહે છે કે **"અલ્લાહે તમને શીખવાડી આપ્યું જે કાંઈ તમે જાણતા ન હતા." તો પછી આ તારીક મસઊદ બદ્બખ્ત ગુસ્તાખ કુર્આનને નથી માનતો ? રબે તો બધું જ શીખવાડી આપ્યું જે આપ ન જાણતા હતા** ! તો હજી એવું કહે કે હુઝૂર અભણ હતા, લખતા વાંચતાં આવડતુ ન હતું એ આ આયતનો ઈન્કાર તથા કુફ્ર નથી ?!

## ★ હુઝૂર ﷺ માટે લખવા વાંચવા વિશે સાબિતી ★

હવે અહીં જે આયતે મુબારકા છે એમાં ખાસ શબ્દ છે : وَمَا كُنْتَ تَتْلُوْا مِنْ قَبْلِهٖ مِنْ كِتٰبٍ (અને આનાથી પહેલાં તમે કોઈ કિતાબ પઢતા ન હતા. સૂરએ અન્કબૂત, ૨૯/૪૮) આ કુર્આન કહી રહ્યું છે કે કુર્આન નાઝિલ થવાથી પહેલાં وَلَا تَخُطُّهٗ بِيَمِيْنِكَ આપે હાથથી કાંઈ નથી લખ્યું, પરંતુ કુર્આન નાઝિલ થયા બાદ તો સેંકડો જગાઓ એવી છે

જેમાં અલ્લાહના રસૂલ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَاٰلِهٖ وَسَلَّمَએ ખુદ કલમ હાથમાં લીધી અને લખ્યું. એટલા માટે મુફસ્સિરે કુર્આન અલ્લામા સૈયદ મહમૂદ આલૂસી બગદાદી رَحْمَةُ اللّٰهِ تَعَالٰى عَلَيْهِ લખે છે : "આ રીતે એ સમજમાં આવે છે કે **કુર્આન મજીદના નાઝિલ થયા બાદ હુઝૂર સૈયદે આલમ** صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَاٰلِهٖ وَسَلَّمَ **લખવા વાંચવા પર કાદિર હતા.** અને જો આ કૈદ (શર્ત કે કુર્આન નાઝિલ થતા પહેલાં)નો એતબાર કરવામાં ન આવે તો એ કૈદ બેફાયદા થશે." "ઉમ્મી" હોવા છતાં (કોઈ માનવીથી ન પઢયા છતાં) આપનું લખતાં વાંચતા જાણવું એ મો'જિઝાની વિરુદ્ધ નથી, બલ્કે આ એક બીજો મો'જિઝો છે, કેમ કે **કોઈ માણસથી શીખ્યા વિના લખવું એક મો'જિઝો છે.** *(તફસીરે આલૂસી, તફસીરે બગ્વી, અદ્ દુર્રુલ્ મન્સૂર, ૩/૨૪૨)*

ઈમામ ઈબ્ને અબી શયબા વગેરેથી રિવાયત છે કે અલ્લાહના રસૂલ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَاٰلِهٖ وَسَلَّمَએ વિસાલથી પહેલાં પોતાના હાથથી લખ્યું પણ અને પત્રો પણ વાંચ્યા અને આ વાત ઈમામ શઅબી رَحْمَةُ اللّٰهِ تَعَالٰى عَلَيْهِની સમક્ષ પેશ કરવામાં આવી તો તેમણે તેનું સમર્થન કર્યું અને કહ્યું, મેં બુઝુર્ગોને આ જ પ્રમાણે કહેતાં સાંભળ્યા છે. અને હઝરત અનસ ઈબ્ને માલિક رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُથી રિવાયત છે કે અલ્લાહના રસૂલ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَاٰلِهٖ وَسَلَّمَએ ફર્માવ્યું, મેં **મેઅરાજની રાતે જન્નતના દરવાજા પર એ "લખેલુ વાંચ્યું" કે સદકાનો અજરો** સવાબ દસગણો છે અને કરજનો અજરો સવાબ અઢારગણો છે.

સહીહ બુખારી વગેરે હદીષની કિતાબોમાં કેટલીય હદીષો હુઝૂર صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَاٰلِهٖ وَسَلَّمَના લખવા સંબંધે સાક્ષી છે જેવું કે સુલહે હુદૈબિયાના મોકા પર થયું કે અલ્લાહના રસૂલ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَاٰلِهٖ وَسَلَّمَ એ પત્ર લીધો અને આપે લખ્યું : هٰذَا مَا قَاضٰى عَلَيْهِ مُحَمَّدُ بْنُ عَبْدِ اللّٰهِ "આ સુલેહનામુ છે મુહમ્મદ બિન અબ્દુલ્લાહની તરફથી." *(સહીહ બુખારી વગેરે)*

હઝરત ઈબ્ને અબ્બાસ رَضِيَ اللّٰهُ عَنْهُمَا ફર્માવે છે : જ્યારે રસૂલુલ્લાહ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَاٰلِهٖ وَسَلَّمَની વફાતનો સમય નજીક થયો તો ઘરમાં ઘણા સહાબાએ કિરામ رِضْوَانُ اللّٰهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْنَ મૌજૂદ હતા. આં હઝરત صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَاٰلِهٖ وَسَلَّمَએ ફર્માવ્યું, લાવો ! **તમારા માટે એક દસ્તાવેજ લખી આપું.** જો તમે એના પર ચાલતા રહ્યા તો પછી તમે ગુમરાહ ન થઈ શકશો. ઈબ્ને અબ્બાસ رَضِيَ اللّٰهُ عَنْهُمَاકહેતા હતા કે મુસીબત સૌથી મોટી એ હતી કે લોકોનો મતભેદ અને શોર હુઝૂર صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَاٰلِهٖ وَسَلَّمَના પત્ર લખવામાં રૂકાવટ બની ગયો. *(સહીહ બુખારી–૪૪૩૨)*

તેમજ અરબીમાં બિસ્મિલ્લાહ શરીફ લખવા સંબંધે આવ્યું છે કે : "આપે હઝરત મુઆવિયહ رَضِيَ اللّٰهُ عَنْهُને ફર્માવ્યું, દવાત (ખડીયો) રાખો અને કલમ એક કિનારામાં રાખો. બાઅ્ (બે)ને લાંબો કરીને લખો, સીનને દન્દાનેદાર લખો અને મીમને કાણો ન કરો." *(તિબ્યાનુલ કુર્આન) (ખુત્બાતે જુમ્આ–૪૮, અન્નબિય્યુલ ઉમ્મી, અઝ : મૌલાના ઝહીર મિસ્બાહીના આધારે)*

આ સિવાય ઘણા હવાલા આ સંબંધે રજૂ કરી શકાય છે જે આ ટૂંકા લેખમાં સમાવવા શક્ય નથી, પણ એક ઈમાનવાળા માટે આટલા ઈશારાઓ પૂરતા છે. અલ્લાહ કરીમ તેના પ્યારા હબીબ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَاٰلِهٖ وَسَلَّمَના સદકામાં બુઝુર્ગોના વસીલાથી આપણને તેના મહબૂબ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَاٰلِهٖ وَسَلَّمَ તથા રબના સર્વ મહબૂબ બંદાઓની બારગાહના બાઅદબ રાખે અને આવા તારિક મસૂદ તથા તેના જેવા ગુસ્તાખોથી બચાવે અને એ ગુસ્તાખાને રસૂલને તેમના અંજામે વહેલી તકે પહોંચાડે. (આમીન)

www.barkatekhwaja.net

કુર્આને પાકની તફસીર

# કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈર્ફાન

:: અઝ ::
આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ

:: અનુવાદક ::
મૌલાના હસન આદમ કોલવનવી رحمۃ اللہ علیہ

આ સૂરહમાં ૧૬૫ આયતો અને ૧૨૯૩૫ અક્ષરો છે.

سَيَقُوْلُ الَّذِيْنَ اَشْرَكُوْا لَوْ شَآءَ اللّٰهُ مَاۤ اَشْرَكْنَا وَ لَاۤ اٰبَآؤُنَا وَ لَا حَرَّمْنَا
مِنْ شَیْءٍؕ كَذٰلِكَ كَذَّبَ الَّذِيْنَ مِنْ قَبْلِهِمْ حَتّٰى ذَاقُوْا بَاْسَنَاؕ قُلْ هَلْ
عِنْدَكُمْ مِّنْ عِلْمٍ فَتُخْرِجُوْهُ لَنَاؕ اِنْ تَتَّبِعُوْنَ اِلَّا الظَّنَّ وَ اِنْ اَنْتُمْ اِلَّا
تَخْرُصُوْنَ۝١٤٨ قُلْ فَلِلّٰهِ الْحُجَّةُ الْبَالِغَةُۚ فَلَوْ شَآءَ لَهَدٰىكُمْ اَجْمَعِيْنَ۝١٤٩
قُلْ هَلُمَّ شُهَدَآءَكُمُ الَّذِيْنَ يَشْهَدُوْنَ اَنَّ اللّٰهَ حَرَّمَ هٰذَاۚ فَاِنْ شَهِدُوْا
فَلَا تَشْهَدْ مَعَهُمْۚ وَ لَا تَتَّبِعْ اَهْوَآءَ الَّذِيْنَ كَذَّبُوْا بِاٰيٰتِنَا وَ الَّذِيْنَ لَا
يُؤْمِنُوْنَ بِالْاٰخِرَةِ وَ هُمْ بِرَبِّهِمْ يَعْدِلُوْنَ۝١٥٠ قُلْ تَعَالَوْا اَتْلُ مَا حَرَّمَ
رَبُّكُمْ عَلَيْكُمْ اَلَّا تُشْرِكُوْا بِهٖ شَيْــٴًـا وَّ بِالْوَالِدَيْنِ اِحْسَانًاۚ وَ لَا تَقْتُلُوْۤا
اَوْلَادَكُمْ مِّنْ اِمْلَاقٍؕ نَحْنُ نَرْزُقُكُمْ وَ اِيَّاهُمْۚ وَ لَا تَقْرَبُوا الْفَوَاحِشَ
مَا ظَهَرَ مِنْهَا وَ مَا بَطَنَۚ وَ لَا تَقْتُلُوا النَّفْسَ الَّتِیْ حَرَّمَ اللّٰهُ اِلَّا بِالْحَقِّؕ
ذٰلِكُمْ وَصّٰىكُمْ بِهٖ لَعَلَّكُمْ تَعْقِلُوْنَ۝١٥١ وَ لَا تَقْرَبُوْا مَالَ الْيَتِيْمِ اِلَّا بِالَّتِیْ
هِیَ اَحْسَنُ حَتّٰى يَبْلُغَ اَشُدَّهٗۚ وَ اَوْفُوا الْكَيْلَ وَ الْمِيْزَانَ بِالْقِسْطِۚ لَا
نُكَلِّفُ نَفْسًا اِلَّا وُسْعَهَاۚ وَ اِذَا قُلْتُمْ فَاعْدِلُوْا وَ لَوْ كَانَ ذَا قُرْبٰىۚ وَ بِعَهْدِ
اللّٰهِ اَوْفُوْاؕ ذٰلِكُمْ وَصّٰىكُمْ بِهٖ لَعَلَّكُمْ تَذَكَّرُوْنَ۝١٥٢ وَ اَنَّ هٰذَا صِرَاطِیْ
مُسْتَقِيْمًا فَاتَّبِعُوْهُۚ وَ لَا تَتَّبِعُوا السُّبُلَ فَتَفَرَّقَ بِكُمْ عَنْ سَبِيْلِهٖؕ
ذٰلِكُمْ وَصّٰىكُمْ بِهٖ لَعَلَّكُمْ تَتَّقُوْنَ۝١٥٣ ثُمَّ اٰتَيْنَا مُوْسَى الْكِتٰبَ تَمَامًا عَلَى
الَّذِیْۤ اَحْسَنَ وَ تَفْصِيْلًا لِّكُلِّ شَیْءٍ وَّ هُدًى وَّ رَحْمَةً لَّعَلَّهُمْ بِلِقَآءِ رَبِّهِمْ
يُؤْمِنُوْنَ۝١٥٤ وَ هٰذَا كِتٰبٌ اَنْزَلْنٰهُ مُبٰرَكٌ فَاتَّبِعُوْهُ وَ اتَّقُوْا لَعَلَّكُمْ
تُرْحَمُوْنَ۝١٥٥ اَنْ تَقُوْلُوْۤا اِنَّمَاۤ اُنْزِلَ الْكِتٰبُ عَلٰى طَآىٕفَتَيْنِ مِنْ قَبْلِنَا۪ وَ اِنْ
كُنَّا عَنْ دِرَاسَتِهِمْ لَغٰفِلِيْنَ۝١٥٦ اَوْ تَقُوْلُوْا لَوْ اَنَّاۤ اُنْزِلَ عَلَيْنَا الْكِتٰبُ لَكُنَّاۤ
اَهْدٰى مِنْهُمْۚ فَقَدْ جَآءَكُمْ بَيِّنَةٌ مِّنْ رَّبِّكُمْ وَ هُدًى وَّ رَحْمَةٌۚ فَمَنْ
اَظْلَمُ مِمَّنْ كَذَّبَ بِاٰيٰتِ اللّٰهِ وَ صَدَفَ عَنْهَاؕ سَنَجْزِی الَّذِيْنَ يَصْدِفُوْنَ
عَنْ اٰيٰتِنَا سُوْٓءَ الْعَذَابِ بِمَا كَانُوْا يَصْدِفُوْنَ۝١٥٧

## સૂરએ અનઆમની તફસીર

હવે મુશ્રિકો કહેશે કે,[૮૧] ''અલ્લાહ ઈચ્છત તો ન અમે શિર્ક કરત ન અમારા બાપદાદા ન અમે કાંઈ હરામ ઠરાવત''[૮૨] આમ જ એમના આગળનાઓએ જૂઠાડયું હતું, એટલે સુધી કે અમારો અઝાબ ચાખ્યો.[૮૩] તમે કહો, ''શું તમારી પાસે કાંઈ વિદ્યા છે કે તેને અમારા માટે કાઢો ? તમે નર્યા અનુમાનની પાછળ છો, અને તમે આમ જ અંદાજ લગાડો છો''[૮૪] (૧૪૮) તમે કહો, ''તો અલ્લાહની દલીલ જ સંપૂર્ણ છે.[૮૫] તો તે ઈચ્છત તો તમને બધાને હિદાયત આપત'' (૧૪૯) તમે કહો, ''લાવો તમારી તે સાક્ષી જેઓ ગવાહી આપે કે અલ્લાહે એ હરામ કર્યું''[૮૬] જો પછી તેઓ સાક્ષી આપી બેસે,[૮૭] તો હે સાંભળનાર ! તું તેમની સાથે સાક્ષી ન આપીશ અને તેમની ઈચ્છાઓ પાછળ ન ચાલીશ, જેઓ અમારી આયતોને જૂઠાડે છે, અને જેઓ આખેરત પર ઈમાન નથી લાવતા, અને પોતાના રબની સમકક્ષ ઠરાવે છે[૮૮] (૧૫૦) તમે કહો, ''આવો ! હું તમને પઢી સંભળાવું જે તમારા રબે હરામ કર્યું,[૮૯] એ કે તેનો કોઈ ભાગીદાર ન બનાવો અને મા–બાપ સાથે ભલાઈ કરો.[૯૦] અને પોતાની ઔલાદ કતલ ન કરો મુફલિસીના કારણે, અમે તમને અને તેમને બધાંને રોજી આપીશું.[૯૧] અને નિર્લજ્જતા પાસે ન જાઓ, જે એમાં સ્પષ્ટ છે અને જે છુપી.[૯૨] અને જે જીવને

(મારવાનું) અલ્લાહે હરામ રાખ્યું તેને નાહક ન મારો.[૯૩] આ તમને હુકમ ફર્માવ્યો છે કે તમને અક્કલ આવે." (૧૫૧) "અને યતીમોના માલની પાસે ન જાવ પણ ઘણી જ ઉત્તમ રીતે,[૯૪] જ્યાં સુધી તેઓ પોતાની યુવાન વયે પહોંચે.[૯૫] અને તોલ માપ ન્યાય સાથે પૂરું કરો" અમે કોઈ જીવ પર ભાર નથી લાદતા પણ તેની શક્તિ મુજબ. "અને જ્યારે વાત કરો તો ઈન્સાફની કરો, ભલે પછી તમારા સગા સંબંધીનો મામલો હોય. અને અલ્લાહનો જ વાયદો પૂરો કરો. આ તમને તાકીદ કરી કે ક્યાંક તમે શિખામણ માનો" (૧૫૨) અને એ કે[૯૬] "આ છે મારો સીધો રસ્તો તો એના પર ચાલો, અને અન્ય માર્ગે ન ચાલો,[૯૭] કે તમને તેના રસ્તાથી અલગ કરી દેશે. આ તમને આદેશ આપ્યો કે ક્યાંક તમને પરહેઝગારી સાંપડે (૧૫૩)" પછી અમે મૂસાને કિતાબ આપી.[૯૮] તેના પર સંપૂર્ણ ઉપકાર કરવા જે નેક છે. દરેક વસ્તુની વિગત અને માર્ગદર્શન અને રહમત, કે ક્યાંક તેઓ[૯૯] પોતાના રબના મેળાપ પર ઈમાન લાવે[૧૦૦] (૧૫૪) અને આ બરકતવાળી કિતાબ[૧૦૧] અમે ઉતારી, તો એને અનુસરો અને પરહેઝગારી કરો કે (જેથી) તમારા પર કૃપા થાય (૧૫૫) (કે) ક્યાંક (એવું) કહો કે કિતાબ તો અમારા અગાઉ બે જુથો પર ઉતરી હતી[૧૦૨] અને અમને તે પઢવા બઢવાની કશી ખબર ન હતી[૧૦૩] (૧૫૬) અથવા (એવું) કહો કે, "જો અમારા પર કિતાબ ઉતરત તો અમે તેમના કરતાં વધારે સાચા રસ્તા પર હોત"[૧૦૪] તો તમારી પાસે તમારા રબની સ્પષ્ટ દલીલ અને હિદાયત અને રહમત આવી.[૧૦૫] તો તેનાથી વધીને જાલિમ કોણ જે અલ્લાહની આયતોને જૂઠાડે અને તેનાથી મોઢું ફેરવે. નજીકમાં જ તે જેઓ અમારી આયતોથી મોઢું ફેરવે છે, અમે તેમને મહાન અઝાબની સજા આપીશું. તેમનું મોઢું ફેરવવાનો બદલો (૧૫૭)

## :: સમજૂતી ::

**૮૧ :** આ ગૈબની ખબર છે કે જે વાત તેઓ કહેવાના હતા તે વાત અગાઉથી કહી દીધી.

**૮૨ :** અમે જે કાંઈ કર્યું તે અલ્લાહના ઈચ્છવાથી થયું એ વાતની દલીલ છે કે તે એનાથી ખુશ છે.

**૮૩ :** અને એ ખોટું બહાનું તેમને કશા કામ ન આવ્યું, કારણ કે તેની જાણ અનુસાર થવાથી એ અનિવાર્ય બનતું નથી કે એ તેની મરજી મુજબ ને તેના હુકમ અનુસાર છે. મરજી તો તે જ છે જે નબીઓ મારફત બતાવવામાં આવી અને જેને હુકમ કરવામાં આવ્યો.

**૮૪ :** અને ખોટા અનુમાન બાંધો છો.

**૮૫ :** કે તેણે રસૂલ મોકલ્યા, કિતાબો ઉતારી, સત્ય માર્ગ સ્પષ્ટ કરી દીધો.

**૮૬ :** જેને તમે પોતાના માટે હરામ કરો છો અને કહો છો કે અલ્લાહ તઆલાએ અમને એનો હુકમ આપ્યો છે.

આ ગવાહી એટલા માટે માગવામાં આવી કે જેથી જાહેર થઈ જાય કે કાફિરો પાસે કોઈ સાક્ષી નથી, અને જે તેઓ કહે છે તે તેમની ઉપજાવી કાઢેલી વાત છે.

**૮૭ :** આમાં ચેતવણી છે કે જો એવી ગવાહી રજૂ થાય તો પણ એ પોતાની મરજીનું અનુસરણ અને જૂઠ તેમજ ખોટી હશે.

**૮૮ :** મૂર્તિઓને મઅ્બૂદ સમજે છે, અને શિર્કમાં સપડાયેલ છે.

**૮૯ :** તેનું વર્ણન આ છે.

**૯૦ :** કારણ કે તમારા પર તેમના ઘણા હક્કો છે. તેમણે તમારુ પોષણ કર્યું તમારી સાથે પ્યાર અને મહેરબાનીની વર્તણૂંક રાખી, દરેક ભયસ્થાનથી

તમારી જાળવણી રાખી, તેમના હક્કોનો ખયાલ નહીં કરવો અને તેમની સાથે સદવર્તનને છોડી દેવું હરામ છે.

**૯૧ :** આમાં ઔલાદને જીવતી દાટી દેવાને અને મારી નાખવાને હરામ ઠરાવવામાં આવ્યું જેનો રિવાજ અજ્ઞાનયુગમાં હતો. **તેઓ ઘણુ કરીને નાદારીની બ્હીકે ઔલાદનો નાશ કરતા હતા. તેમને બતાવવામાં આવ્યું કે તમને, તેમને અને બધાને રોજી આપનાર અલ્લાહ છે, પછી શા માટે તમે હત્યા જેવા સખ્ત ગુનાહમાં સપડાઓ છો ?**

**૯૨ :** કારણ કે માનવી જ્યારે ખુલ્લા અને જાહેર ગુનાહથી બચે અને છુપા ગુનાહથી દૂર ન રહે, ત્યારે તેનું જાહેર ગુનાહથી દૂર રહેવું પણ ખુદા ખાતર નથી હોતું, લોકોને દેખાડવા અને તેમની બદગોઈથી બચવા માટે હોય છે. અને અલ્લાહની ખુશી અને સવાબના લાયક તે છે જે તેના ખૌફથી ગુનાહ ત્યજે.

**૯૩ :** તે વાતો જેના કારણે કતલ કરવું યોગ્ય ઠરે છે તે આ મુજબ છે : મુર્તદ થઈ જવું અથવા કિસાસ (ખૂનનો બદલો ખૂન) અથવા પરણિત વ્યક્તિએ વ્યભિચાર કરવું (અર્થાત એ ગુનાહોની સજા મૃત્યુદંડ છે).

બુખારી અને મુસ્લિમની હદીષમાં છે કે હુઝૂર ﷺએ ફર્માવ્યું, કોઈ મુસલમાન જે લાઈલાહ ઈલ્લલ્લાહુ મુહમ્મદુર્રસૂલુલ્લાહની ગવાહી આપતો હોય તેનું ખૂન હલાલ નથી, પણ આ ત્રણ કારણોમાંના કોઈ એક કારણસર : પરણિત હોવા છતાં જેનાથી વ્યભિચાર થઈ ગયો, અથવા તેણે કોઈને નાહક મારી નાખ્યો હોય અને તેનો કિસાસ (બદલો) તેના પર આવતો હોય, અથવા તે મઝહબ ત્યજીને મુરતદ બની ગયો હોય.

**૯૪ :** જેનાથી તેમનો ફાયદો હોય.

**૯૫ :** તે સમયે તેનું ધન તેને સોંપી દો.

**૯૬ :** આ બન્ને આયતોમાં જેનો હુકમ અપાયો છે (તેના વિશે કહો કે)

**૯૭ :** જે ઈસ્લામથી વિરૂધ્ધ હોય. યહૂદી ધર્મ હોય કે ક્રિશ્ચિયન અથવા બીજો કોઈ ધર્મ.

**૯૮ :** તવરાત.

**૯૯ :** અર્થાત બની ઈસ્રાઈલ.

**૧૦૦ :** અને મરણ પછી જીવંત થવાની, તેમજ હિસાબ અને સવાબ તથા અઝાબ, તેમજ અલ્લાહના દીદારની સત્યતા સ્વીકારે.

**૧૦૧ :** એટલે કે કુર્આન શરીફ, જે ખૂબ જ બરકતવંત અને અતિ ફાયદાકારક છે, અને કયામત સુધી બાકી રહેશે, અને ફેરફાર સુધારા વધારાથી જળવાએલું રહેશે.

**૧૦૨ :** અર્થાત યહૂદીઓ અને ખ્રિસ્તીઓ પર તવરાત અને ઈન્જીલ.

**૧૦૩ :** કારણ કે તે (કિતાબો) અમારી ભાષામાં ન હતી, ન અમને તેનો કોઈએ અર્થ કહ્યો. અલ્લાહ તઆલાએ કુર્આન શરીફ ઉતારીને તેમના એ બહાનાને કાપી નાખ્યું.

**૧૦૪ :** કાફિરોના એક જુથે કહ્યું હતું કે, યહૂદીઓ અને ખ્રિસ્તીઓ પર કિતાબો ઉતરી, છતાં તેઓ કુબુધ્ધિમાં સપડાયેલા રહ્યા, તે કિતાબોથી ફાયદો ન ઉઠાવ્યો. અમે તેમની જેવા કમ અક્કલ અને નાદાન નથી, અમારી બુધ્ધિ સતેજ છે. અમારી અક્કલ અને સમજદારી એવી છે કે જો અમારા પર કિતાબ ઉતરત તો અમે સાચા રસ્તા પર હોત. (અલ્લાહ તઆલાએ) કુર્આન ઉતારીને તેમનું એ બહાનું પણ કાપી નાખ્યું જેમ કે આગળ ફર્માવ્યું છે.

**બરકાતે ખ્વાજા (માસિક)ના**

**ગ્રાહક બનો અને બનાવો !**

www.barkatekhwaja.net

# દર્સે હદીષે પાક

## મિર્અતુલ્ મનાજીહ તર્જુમએ મિશ્કાતુલ મસાબીહ

એટલે

## મિર્આત (ઉર્દૂ) શરહે મિશ્કાત (ભાગ-૨)

**અઝ :** હકીમુલ ઉમ્મત હઝરત મુફ્તી **અહમદ યારખાં નઈમી અશરફી બદાયૂની** رحمۃ اللہ علیہ
**અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી** *(તંત્રી : બરકાતે ખ્વાજા–માસિક)*

*'હઝરત સઅદ رضی اللہ عنہ થી રિવાયત છે. તે પોતાનાં બાળકોને આ કલમા શીખવાડતા હતા[૧] અને કહેતા હતા કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم નમાઝના પછી તેમની સાથે તઅવ્વુઝ કરતા હતા. ઈલાહી ! હું બુઝદિલીથી તારી પનાહ લઉં છું અને કંજૂસથી તારી પનાહ[૨]. અને ઉમરના આખરી હિસ્સાથી તારી પનાહ[૩] અને દુનિયાના ફિત્નાઓ તથા ક઼બ્રના અઝાબથી તારી પનાહ માગુ છું[૪].'' (બુખારી)*

**૧.** એટલે કે બાલિગ તથા નાબાલિગ સર્વ બાળકોને. આ પરથી જાણવા મળ્યું કે ઔલાદને સારી વાતો શીખવવી માબાપનો પ્રથમ ફર્ઝ છે.

**૨.** જુબ્નનો વિરોધાર્થી શુજાઅત (બહાદુરી) છે. બુખ્લનો વિરોધાર્થી સખાવત, અને શહનો વિરોધાર્થી જૂદ. કંજૂસ તે જે પોતે ખાય બીજાઓને ન ખવડાવે. શહ તે જે ન ખાય ન ખાવા દે, સર્વ કાંઈ જમા કરીને છોડી જાય. સખી તે જે પોતે ખાય અને અન્યોને પણ ખવડાવે. જવ્વાદ તે જે પોતે ન ખાય અને અન્યોને ખવડાવે. એટલા માટે રબને સખી નથી કહેતા જવ્વાદ કહેવામાં આવે છે. અલ્લાહના હબીબ صلی اللہ علیہ وسلم લાખોપતિ દાતા, ખાતા નથી ખવડાવે છે. (શેઅર)

بوریا ممنوں خواب راحتش — تاج کسریٰ زیر پائے آتش

આ દુઆ આપણી તા'લીમના માટે છે. હુઝૂર — તો પેદાઈશી કુલના રાજા છે જગના દાતા છે.

**૩.** એટલે કે વૃદ્ધાવસ્થાની તે હાલત જ્યારે હાથ પગ જવાબ દઈ જાય અને રબની ઈબાદત ન કરી શકે, દુનિયવી કામ અંજામ ન દઈ શકે, એનાથી ખુદાની પનાહ !

**૪.** શક્ય છે કે આ દુઆ હુઝૂર صلی اللہ علیہ وسلم સર્વ નમાઝોમાં ખાસ કરીને તહજ્જુદ પછી માગતા હોય, પંજગાના નમાઝોમાં સુન્નતોથી ફારિગ થઈને. જેથી આ હદીષ અન્ય હદીષોથી વિરુદ્ધ નથી.

*''હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે મુહાજિર ફ઼ક઼ીરો હુઝૂર صلی اللہ علیہ وسلم ની ખિદમતમાં હાજર થઈને બોલ્યા કે માલદાર મોટા દરજા તથા ક઼ાયમી નેઅમત લઈ ગયા[૧] ફર્માવ્યું, એ કઈ રીતે ? અર્ઝ કરી, જેવી અમે નમાઝો પઢીએ છીએ, તેઓ પણ પઢે છે. અને જેવા અમે રોઝા રાખીએ છીએ, તેઓ પણ રાખે છે. અને તેઓ ખૈરાત કરે છે, અમે નથી કરતા. તેઓ ગુલામ આઝાદ કરે છે, અમે નથી કરતા[૨]. તો નબી صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું, શું હું તમને એ ચીજ ન શીખવાડું જેનાથી તમે આગળવાળાઓને પકડી લો, અને પાછળવાળાઓથી આગળ વધી જાવ ?![૩] અને તમારામાંથી કોઈ અફઝલ ન હોય એના સિવાય જે તમારાં જેવુ કામ કરે[૪]. બોલ્યા, હા યા રસૂલલ્લાહ ! صلی اللہ علیہ وسلم ફર્માવ્યું, દરેક નમાઝ બાદ ૩૩–૩૩ વાર તસ્બીહ, તકબીર તથા હમ્દ કરો[૫]. અબૂ સાલેહ કહે છે[૬] કે પછી મુહાજિર ફ઼ક઼ીરો હુઝૂરે અન્વર صلی اللہ علیہ وسلم ની ખિદમતમાં પરત થયા અને અર્ઝ કરી કે અમારા પર અમલને અમારા માલદાર*

*ભાઈઓએ સાંભળી લીધો તો તેમણે પણ એ જ પ્રમાણે કર્યું[૭] ત્યારે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે આ અલ્લાહનો ફઝ્લ છે જેને ચાહે આપે[૮]. (મુસ્લિમ, બુખારી) અબૂ સાલેહનો ક઼ૌલ કેવળ મુસ્લિમની રિવાયતમાં છે કે દરેક નમાઝ બાદ દસવાર તસ્બીહ, ૧૦વાર તકબીર કહો, ૩૩ વારના બદલે[૯]."*

**૧.** એટલે કે અમારી સરખામણીમાં દરજાઓમાં વધી ગયા, અને જન્નતની આ'લા નેઅમતોને પાત્ર થઈ ગયા. આમાં ન તો રબની શિકાયત છે અને ન માલદારો પર હસદ છે, બલ્કે એમના પર રશ્ક છે. દીની ચીજોમાં રશ્ક જાઈઝ છે. એટલે કે બીજાઓ જેવી નેઅમતો પોતાના માટે પણ ચાહવું. હસદ હરામ છે, એટલે કે બીજાની નેઅમતો છીનવાય જવાની ખ્વાહિશ કરવી.

**૨.** એટલે કે શારીરિક ઈબાદતોમાં તેઓ અમારા સમાન છે અને માલી ઈબાદતોમાં અમારાથી વધીને છે. આ હદીષના આધારે અમુક ઉલમાએ ફર્માવ્યું કે શાકિર ગની સાબિર ફક઼ીરથી અફઝલ છે. પણ સહીહ એ છે કે સાબિર ફક઼ીર, શાકિર ગનીથી અફઝલ છે, કેમ કે રબે ફર્માવ્યું કે **જો તમે શુક્ર કરશો તો તમને ઔર વધારે નેઅમતો આપીશું.** અને ફર્માવ્યું કે અલ્લાહ સાબિરોની સાથે છે. એટલે કે શુક્રથી નેઅમતો મળે છે સબ્રથી અલ્લાહ તઆલા મળે છે.

**૩.** અહીં આગળ તથા પાછળથી દરજાઓમાં આગળ પાછળ થવું મુરાદ છે, ન કે જમાનામાં. એટલે કે જે સહાબીઓ તમારાથી દરજામાં વધી ગયા તો આ કલમાઓના સબબે તમો તેમના બરાબર થઈ જશો. અને જેઓ તમારા બરાબર છે અને આ કલમા નથી પઢતા એમનાથી તમે વધી જશો. નહીં તો **ગૈર સહાબી કેટલીયે નેકીઓ કરે પણ સહાબીના પગની ધૂળ સુધી નથી પહોંચી શકતો,** કેમ કે તેઓ જનાબે મુસ્તફા ﷺ ની સોહબત પામેલા છે. હઝરત જિબ્રઈલ علیہ السلام સર્વ ફરિશ્તાઓથી અફઝલ છે કેમ કે તે ﷺ અંબિયાઓના ખાદિમ છે, જેથી સહાબા અંબિયા પછી સર્વ મખ્લૂક઼થી અફઝલ છે કેમ કે તેઓ જનાબ ﷺ ના ખાદિમ છે.

یک زمانہ صحبتے با مصطفیٰ بہتر از لکھ سالہ طاعت بے ریا

**૪.** એટલે કે જે માલદાર સહાબી એને પઢશે તે તમારાથી અફઝલ થઈ જશે.

**૫.** એટલે કે પંજગાના નમાઝ બાદ ૩૩ વાર સુબ્હાનલ્લાહ, ૩૩ વાર અલ્હમ્દુલિલ્લાહ અને ૩૩વાર અલ્લાહુ અકબર કહી લીધા કરો. આ તસ્બીહે ફાતિમા કહેવાય છે, કેમ કે હુઝૂરે અન્વર એ લગભગ આ જ તસ્બીહ હઝરત ફાતિમા ઝહ્‌રા رضی اللہ عنہا ને બતાવી હતી. એના કારણે આજે તસ્બીહના મણકાઓમાં એક નાયબ ઈમામ નાખવામાં આવે છે. યાદ રાશો કે ઝોહર, મગરિબ, ઈશામાં આ તસ્બીહ સુન્નતો વગેરે પઢીને પઢવામાં આવે છે.

**૬.** અબૂ સાલેહ તાબઈ છે જેમણે હઝરત અબૂ હુરૈરહ્‌થી આ રિવાયત કરી.

**૭.** તેમનો હેતુ એ હતો કે હવે કોઈ છુપો અમલ બતાવવામાં આવે, એ રાઝ તો ખુલી ગયું.

**૮.** એટલે કે હવે તમે સબ્ર કરો અને રબના આપેલા પર રાજી રહો. આ રશ્ક પણ ઈબાદત છે અને તમે એના પર સબ્ર કરીને સમાન દરજો પામશો.

**૯.** આ પ્રથમ રિવાયત અધિક મજબૂત છે, કેમ કે એમાં અધિક્તા છે અને એના પર ઉમ્મતનો અમલ છે.

*"હઝરત કઅબ ઈબ્ને ઉજરા رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે અમુક લોકો આગળ પાછળ આવનારી ચીજો[૧] તે છે જેમને કહેવાવાળો તથા કરવાવાળો નુકસાનમાં નથી રહેતો[૨]. દરેક ફર્ઝ*

*નમાઝ પછી ૩૩વાર તસ્બીહ, ૩૩ વાર હમ્દ અને ૩૪વાર તકબીર કહે[૩]." (મુસ્લિમ)*

**૧.** معقبات (મુઅક્કિબાત)ના કેટલાયે અર્થો છે : (૧) નમાઝના બાદવાળો વઝીફો (૨) તે અમલ જેના લખવા પર દરેક ફરિશ્તો આગેકૂચ કરે છે અને ચાહે છે કે અન્ય ફરિશ્તાઓને પોતાની પાછળ કરી દઉં. (૩) તે વઝીફાઓ જે એક પછી એક પઢવામાં આવે છે. (૪) તે વઝીફાઓ જેનો અંજામ સારો છે.

**૨.** બલ્કે થોડી મહેનતથી ઘણો જ નફો હાંસલ કરી લે છે.

**૩.** આ પૂરા સો છે, એનું નામ તસ્બીહે ફાતિમા છે. ક઼ાદરી સિલસિલાના મશાઈખ એના ઘણા પાબંદ છે.

*'હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, જે દરેક નમાઝ પછી ૩૩ વાર તસ્બીહ, ૩૩વાર હમ્દે ઈલાહી, ૩૩વાર તકબીર કહી લીધા કરે એ ૯૯ થયા અને સો પૂરા કરવા માટે કહે : અલ્લાહના સિવાય કોઈ મઅબૂદ નથી, તે એકલો છે, તેનો કોઈ શરીક નથી, એનો જ મુલ્ક છે, તેની જ હમ્દ છે, તે દરેક ચીજ પર ક઼ાદિર છે. તો* ***એના ગુનાહ બખ્શી દેવામાં આવશે, ભલે સમુદ્રના ફીણના બરાબર કેમ ન હોય[૩]****." (મુસ્લિમ)*

**૧.** એટલે કે જે આ તસ્બીહે ફાતિમા પર પાબંદી કરશે તેના ગુનાહો ભલે ગણત્રી બહાર હોય બખ્શી દેવામાં આવશે. યાદ રાખશો કે ગણત્રી માટે આંગળીઓ પર ગણવું ખૂબ જ આ'લા ચીજ છે. દરેક મુસલમાનોને આવડવું જોઈએ. જો એ ન આવડતુ હોય તો બેડકાંઓ પર ગણત્રી કરે. મજબૂરીના લીધે કાંકરીઓ કે તસ્બીહ પર ગણત્રી કરે. હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ એ એક દોરામાં હજાર ગાંઠો મારી હતી જેના પર ક્યારેક ગણત્રી કર્યા કરતા હતા. (મિર્ક઼ાત) ફક઼ીહોએ તસ્બીહ પર ગણવાને બિદઅત નથી કહ્યું. એટલે કે એ બિદઅતે હસના છે જેની અસ્લ સહાબાથી સાબિત છે.

## (વિભાગ : ૨) الفصل الثانی

*"હઝરત અબી ઉમામા رضی اللہ عنہ થી[૧] રિવાયત છે. ફર્માવ્યું, અર્ઝ કરવામાં આવી, યા રસૂલલ્લાહ ! ﷺ કઈ દુઆ અધિક સાંભળવામાં આવે છે ? ફર્માવ્યું, આખરી રાતની વચમાં અને ફર્ઝ નમાઝના પછી[૨]." (તિર્મિઝી)*

**૧.** આપના હાલાત અગાઉ વર્ણન થઈ ચૂક્યા કે આપ ક઼બીલા બાહિલાથી છે. હમ્સમાં વસવાટ રહ્યો. હુઝૂર ﷺની વફાતના સમયે આપ ૩૦ કે ૩૩ વરસના હતા. ૯૧ વરસની ઉમર પામી. હિ.સ. ૮૧ કે ૮૬માં હમ્સમાં જ વફાત પામ્યા. (رضی اللہ عنہ) આપની રિવાયતો થોડી છે.

**૨.** એટલે બે સમયોમાં દુઆઓ અધિક્તર ક઼બૂલ થાય છે. એક તો આખરી રાતની વચમાં, બીજુ ફર્ઝ નમાઝો બાદ. યાદ રાખશો કે આખિર જૌફની સિફત છે. એટલે કે રાતનો મધ્ય હિસ્સો જે આખરી રાતમાં છે. એ રીતે કે રાતના બે હિસ્સા કરો. આખરી અડધાના મધ્યને લો. એ જ સમય તહજ્જુદના માટે બેહતર છે. એ સમયની દુઆઓ અધિક ક઼બૂલ થાય છે. અને ફર્ઝ નમાઝથી કયાં તો ખુદ ફર્ઝો મુરાદ છે અથવા પૂરી નમાઝ. જેથી બેહતર એ છે કે પંજગાના નમાઝોમાં ફર્ઝો પછી પણ ટૂંકી દુઆ માગે અને પછી સુન્નત, નફ્લથી ફારિગ થઈને પણ દુઆ કરે કે એ સર્વ નમાઝ ફર્ઝ નમાઝમાં ગણાય છે.

**અંજુમને રઝાએ મુસ્તફા**ના મેમ્બર બનવા માટે ફક્ત **રૂા. ૮૦૦/–** મોકલી વર્ષ દરમિયાન છપાતી તમામ કિતાબો મેળવો ! –*તંત્રી*

# અવામી ગલતફેહમિયાં ઔર ઉનકા શરઈ હલ

(નજમી દારુલ ઈફતા-આમોદ)

હપ્તો : 33

**૧૪. મઝાર પર ચાદર ચળ્હાનેકી મન્નત માની તો ક્યા ઉસકી જગહ ઉતને પૈસે ફક઼ીરોં કો દે સકતા હૈ ?**

બા'ઝ અવામ મેં યે ગલત ફેહમી પાઈ જાતી હૈ કે અગર મઝાર પર ચાદર ચળ્હાનેકી મન્નત માની તો ચાદર ચળ્હાના હી ઝરૂરી હોગા, ઉસકી જગહ ઉતને પૈસે ફક઼ીરોં કો દેને કી ઈજાઝત નહીં હોગી, હાલાં કે અઝ રૂએ શરઅ ઐસા નહીં. મઝાર પર ચાદર ચળ્હાને કી મન્નત માનને કી સૂરત મેં શરીઅતને ઈસકી ભી ઈજાઝત દી હૈ કે ઉતને પૈસે ફક઼ીરોં કો દે દિયે જાએં, બલ્કે અગર ફક઼ીરો કો ઝરૂરત ઝયાદા હૈ તો ઉન્હેં દેના હી બેહતર હૈ.

''બહારે શરીઅત'' મેં હૈ : મસ્જિદ મેં ચરાગ જલાને યા તાક઼ ભરને યા ફુલાં બુઝુર્ગ કે મઝાર પર ચાદર ચળ્હાને યા ગ્યારહવીં કી ન્યાઝ દિલાને યા ગૌષે આ'ઝમ رضی اللہ عنہ કા તૌશા યા શાહ અબ્દુલ હક઼ક઼ رضی اللہ عنہ કા તૌશા કરને યા હઝરતે જલાલ બુખારી કા કૂન્ડા કરને યા મુહર્રમ કી ન્યાઝ યા શરબત યા સબીલ લગાને યા મીલાદ શરીફ કરને કી મન્નત માની તો યે શરઈ મન્નત નહીં, મગર યે કામ મના નહીં હૈ, કરે તો અચ્છા હૈ.''

*(બહારે શરીઅત, જિલ્દ : ૨, હિસ્સા : ૯, સફ્હા : ૩૧૭)*

''ફતાવા રઝવિય્યા'' મેં હૈ : નિય્યત કરનેવાલોં કો મૌલા તઆલા જઝાએ ખૈર દે, બહોત મહમૂદ નિય્યત હૈ ઔર હર દીની મસ્રફ મેં ઉસે (યાની : ગૌષે પાક કી નિયાઝ કે લિયે જો અલગ સે પૈસે નિકાલે ઉસે) સર્ફ કર સકતે હૈં, મસ્જિદે વીરાનકી આબાદી નિહાયત અહમ કામ હૈ ઉસ મેં સર્ફ કરના મુક઼દ્દમ હૈ.

*(ફતાવા રઝવિય્યા, જિલ્દ : ૧૩, સફ્હા : ૫૮૨)*

નીઝ ''બહારે શરીઅત, જિલ્દ : ૨, હિસ્સા : ૯, સફ્હા : ૩૧૬, મસ્અલા નં. ૧૩ મેં ભી ઈસી તરહ બયાન કિયા ગયા હૈ.

**૧૫. ગ્યારહવીં કી નિયાઝ કી મન્નત માની તો ક્યા ઈતને પૈસે કિસી મદ્રસે યા મસ્જિદ મેં દે સકતા હૈ ?**

બહોત સારે લોગોં મેં યે એક તસવ્વુર પાયા જાતા હૈ કે અગર કિસીને ગ્યારહવીં કી નિયાઝ કી માની તો ઐસી સૂરત મેં નિયાઝ ખિલાના હી ઝરૂરી હોગા નિયાઝ કે બદલે ઉતને પૈસે કિસી મદ્રસે યા મસ્જિદ મેં દેના ચાહેં તો નહીં દે સકતે, યે તસવ્વુર શરઅન ગલત હૈ. **શરઈ તૌર પર નિયાઝ કી જગહ ઉતને પૈસે કિસી મદ્રસે યા મસ્જિદ મેં દેને હો તો બિલ્કુલ ઈજાઝત હૈ**, બલ્કે જિસ કામકી ઝયાદા ઝરૂરત હો ઉસ મેં પૈસે સર્ફ કરના બેહતર હૈ.

''ફતાવા રઝવિય્યહ'' મેં હૈ : ''હર દીની મસ્રફ મેં ઉસે (યાની : ગૌષે પાક رضی اللہ عنہ કી નિયાઝ કે લિયે જો અલગ સે પૈસે નિકાલે ઉસે) સર્ફ કર સકતે હૈ, મસ્જિદે વીરાન કી આબાદી નિહાયત અહમ કામ હૈ ઉસ મેં સર્ફ કરના મુક઼દ્દમ હૈ.

*(ફતાવા રઝવિય્યહ, જિલ્દ : ૧૩, સફ્હા : ૫૮૨)*

**૧૬. મન્નત માનને કે બાદ લળકે કો ચાંદી કા કળા યા બેળી પેહનાના સહીહ હૈ ?**

ઉમૂમન યે દેખા જાતા હૈ કે મન્નત માનને કે બાદ લળકે કો હાથ યા પાઉં મેં ચાંદી કા કળા યા બેળી પેહના દેતે હૈં ઔર સમજતે હૈં કે બગૈર કળા પેહનાએ મન્નત સહીહ ન હોગી યા પૂરી ન હોગી, લિહાઝા લળકે કો ચાંદી કા કળા યા બેળી પેહનાને મેં કોઈ હરજ નહીં સમજતે, હાલાં કે **શરીઅત કે**

➻ અઝ : **હઝરત મુફ્તી સાબિર નજમી મિસ્બાહી** *(સદર મજલિસે ફ઼ત્વા ઈદારા શરઈય્યહ–ભરૂચ, C/o. દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ, જિ. ભરૂચ)*



www.barkatekhwaja.net

**એઅતેબાર સે લળકે કો ચાંદીકા કળા યા બેળી પેહનાના જાઈઝ નહીં,** ખાહ મન્નત કે બાદ હી ક્યૂં ન હો. નીઝ મન્નત કે સહીહ હોને યા પૂરા હોને કે લિયે કળા યા બેળી પેહનાના કોઈ ઝરૂરી નથી.

ચુનાંચે "બહારે શરીઅત" મેં હે : "અંગૂઠી સિર્ફ ચાંદી હી કી પેહની જા સકતી હે, દુસરી ધાતકી અંગૂઠી પેહનના હરામ હે, મષલન લોહા, પીતલ, તાંબા, જિસ્ત વગૈરા ઈન ધાતોંકી અંગૂઠિયાં મર્દો ઔરત દોનો કે લિયે નાજાઈઝ હે. ફર્ક ઈતના હે કે ઓરત સોના ભી પેહન સકતી હે ઔર મર્દ નહીં પહેન સકતા. હદીષ મેં હે કે એક શખ્સ હુઝૂર ﷺ કી ખિદમત મેં પીતલકી અંગૂઠી પેહન કર હાઝિર હૂએ, ફર્માયા : ક્યા બાત હે કે તુમ સે બુત કી બૂ આતી હે ? ઉન્હોં ને વોહ અંગૂઠી ફેંક દી, ફિર દૂસરે દિન લોહેકી અંગૂઠી પેહન કર હાઝિર હૂએ, ફર્માયા : ક્યા બાત હે તુમ પર જહન્નમિયોં કા ઝેવર દેખતા હૂં ? ઉન્હોંને ઉસકો ભી ઉતાર દિયા ઔર અર્ઝ કી, યા રસૂલલ્લાહ ! ﷺ કિસ ચીઝ કી અંગૂઠી બનાઉં ? ફર્માયા કે "ચાંદી કી ઔર ઉસકો એક મિષ્કાલ પૂરા ન કરો. (મિષ્કાલ યાની તક઼રીબન સવા ચાર ગ્રામ સે કુછ કમ)...

ઈસી તરહ મર્દો કે લિયે એક સે ઝયાદા અંગૂઠી પેહન્ના યા છલ્લે પેહનના ભી નાજાઈઝ હે કે યે અંગૂઠી નહીં, ઓરતેં છલ્લે પેહન સકતી હે...

લળકોં કો સોને ચાંદી કે ઝેવર પેહનાના હરામ હે ઔર જિસને પેહનાયા, વોહ ગુનેહગાર હોગા, ઈસી તરહ બચ્ચોં કે હાથ પાઉં મેં બિલા ઝરૂરત મેંહદી લગાના નાજાઈઝ હે. *(બહારે શરીઅત, જિલ્દ : ૨, હિસ્સા, ૯, સફહા : ૪૨૬/૪૨૯)*

અગર લળકે કો કળા યા બેળી પેહનાને કી મન્નત માની હો તબ ભી ઉસ પર અમલ કી ઈજાઝત નહીં, ઈસ લિયે કે નાજાઈઝ કામ કી મન્નત માનના જાઈઝ નહીં, ચુનાંચે અલ્લાહ કે નબી ﷺ ને ઈર્શાદ ફર્માયા : لَانَذْرَ فِي مَعْصِيَةٍ (સુનને તિર્મિઝી, હદીષ : ૧૫૨૪) યાની : ગુનાહકે કામ મેં મન્નત નહીં.

"બહારે શરીઅત" મેં હે :–

બા'ઝ જાહિલ ઓરતેં લળકોં કે કાન નાક છિદવાને ઔર બચ્ચોં કી ચોટિયાં રખને કી મન્નત માનતી હૈં ઔર તરહ તરહ કી ઐસી મન્નતેં માનતી હૈં જિનકા જવાઝ કિસી તરહ ષાબિત નહીં. અવ્વલન ઐસી વાહિયાત મન્નતોં સે બચેં ઔર માની હો તો પૂરી ન કરેં ઔર શરીઅતકે મુઆમલે મેં અપને લગ્વ ખયાલાત કો દખલ ન દેં, ન યે કે હમારે બળે બૂળ્હે યૂહીં કરતે ચલે આએ હૈં ઔર યે કે પૂરી ન કરેંગે તો બચ્ચા મર જાએગા. બચ્ચા મરનેવાલા હોગા તો યે નાજાઈઝ મન્નતેં બચા ન લેંગી. મન્નત માના કરો તો નેક કામ નમાઝ, રોઝા, ખૈરાત, દરૂદ શરીફ, કલિમા શરીફ, કુર્આને મજીદ પળ્હને, ફકીરો કો ખાના દેને, કપળા પેહનાને વગૈરાકી મન્નત માનો." *(બહારે શરીઅત, જિલ્દ : ૨, હિસ્સા : ૯, સફહા : ૩૧૮)*

### ૧૭. લિલ્લાહ કિસી મસ્જિદ યા મદ્રસા યા કિસી ઔર દીની કામ મેં દેનેકી નિય્યત સે જમા કિયે હૂએ પૈસે ક્યા મજબૂરી કી હાલત મેં ખૂદ ખર્ચ નહીં કર સકતે ?

કભી કભાર ઈસ તરહ કા મુઆમલા પેશ આતા હે કે એક શખ્સને કિસી મસ્જિદ યા મદ્રસા યા કિસી ઔર દીની કામ મેં દેનેકી નિય્યત સે લિલ્લાહ પૈસે જમા કિયે હૂએ હે ફિર કિસી મજબૂરી કી વજહ સે અપને લિયે ઉન પૈસોં કે ઈસ્તિઅમાલ કી ઝરૂરત પેશ આતી હે તો ઐસી હાલત મેં ઉમૂમન યે સમજા જાતા હે કે મજબૂરી કી હાલત મેં ભી ઉન પૈસોંકા ઈસ્તિઅમાલ ખૂદ નહીં કર સકતા, હાલાં કે શરઅન ઐસા નહીં હે. શરીઅત ઉન પૈસોંકો ખૂદ કે લિયે ખર્ચ કરને કી ઈજાઝત દેતી હે ! હાં અગર કોઈ મજબૂરી ન હો તો બેહતર યહી હે કે જિસ દીની કામ કે લિયે વોહ પૈસે જમા કિયે, ઉસી મેં સર્ફ કરે.

"ફતાવા દારૂલ્ઈફતા એહલે સુન્નત" મેં ઈસી તરહ કા એક સવાલ જવાબ હૈ : "સવાલ : અગર કોઈ શખ્સ રાહે ખુદા મેં દેને કે લિયે ઘરકા જાનવર પાલે, ફિર ઉસે રકમ કી અશદ ઝરૂરત હો ઔર વોહ ઉસ જાનવર કો બેચકર ઝરૂરત પૂરી કર લે ઔર બાદ મેં ઉસ તરહકા જાનવર ખરીદ કર યા ઉસકી ક઼ીમત કિસી નેક કામ યા રાહે ખુદા મેં દે દે તો ક્યા ઉસકે લિયે ઐસા કરના જાઈઝ હૈ યા નહીં ?

જવાબ : જાનવર કો રાહે ખુદા મેં દેને કે લિયે પાલને સે ઉસ જાનવરકો રાહે ખુદા મેં દેના શરઅન લાઝિમ નહીં હોગા, ક્યૂં કે ઝયાદા સે ઝયાદા ઉસકી હૈષિયત સિર્ફ એક વઅ્દા ઔર અચ્છી નિય્યત કી હૈ, લિહાઝા ઉસ જાનવર કો બેચકર અપની જરૂરત મેં રકમ ખર્ચ કરના શરઅન જાઈઝ હૈ, ઈસ મેં કોઈ મુમાનઅત નહીં. નીઝ ઝરૂરત પૂરી હોને કે બા'દ ભી જાનવર ખરીદકર સદક઼ા કરના યા ઉસકી કિમત રાહે ખુદા ખુદા મેં ખર્ચ કરના લાઝિમ નહીં, અલ્બત્તા અપની નિય્યત કો પૂરા કરતે હૂએ, ઉસકે બદલે દૂસરા જાનવર યા ઉસકી ક઼ીમત રાહે ખુદા મેં સદક઼ા કર દે, તો યે બહોત અચ્છી બાત હોગી કે નેક કામોં સે મુતઅલ્લિક઼ અચ્છી નિય્યતોં ઔર વઅ્દોં કો પૂરા કર દેના ચાહિયે.

સય્યિદી આ'લા હઝરત ઈમામ અહમદ રઝા ખાન رضی اللہ عنہ સે ફતાવા રઝવિય્યા મેં એક સવાલ હુવા કે કિસી ને બકરી યા મુર્ગી મૌજૂદા કી નિસ્બત મખ્સૂસ કર કે કહા કે મેં ઈસ બકરી યા મુર્ગી કી નિયાઝ કરૂંગા. ફિર કિસી વજહ સે વોહ મફક઼ૂદ હો ગઈ તો બજાએ ઉસકે દૂસરી બકરી મુર્ગી વગૈરા કી ઉસી ક઼દ્ર ગોશ્ત સે નિયાઝ હોગી યા નહીં ?

આપ رضی اللہ عنہ ને જવાબન ઈર્શાદ ફર્માયા : "અગર યે નિયાઝ ન કિસી શર્ત પર મુઅલ્લક઼ થી, મષલન મેરા યે કામ હો જાએ તો ઈસ જાનવરકી નઝ્ર કરૂંગા, ન કોઈ ઈજાબ થા મષલન અલ્લાહ કે લિયે મુજ પર યે નિયાઝ કરની લાઝિમ હૈ જબ તો યે નઝ્રે શરઈ હો નહીં સકતી (લિહાઝા ઐસી સૂરત મેં ઉસકા પૂરા કરના હી લાઝિમ નહીં) *(ફતાવા રઝવિય્યહ, ૧૩/૫૮૯, રઝા ફાઉન્ડેશન–લાહોર)*

સય્યિદી આ'લા હઝરત ઈમામ અહમદ રઝા ખાન رضی اللہ عنہ ફતાવા રઝવિય્યા મેં એક સવાલ કે જવાબ મેં ફર્માતે હૈં : "ઈસ લફઝ સે કે (યે જાનવર) અલ્લાહ કી નઝ્ર કરેંગે, નઝ્ર ન હૂઈ, મહઝ વઅ્દા, મગર અલ્લાહ عزوجل સે જો વઅ્દા કિયા ઉસ સે ફિરના ભી હરગિઝ ન ચાહિયે." *(ફતાવા રઝવિય્યા, જિલ્દ : ૧૩, સફહા : ૫૮૧, રઝા ફાઉન્ડેશન, લાહોર, ફતાવા દારૂલ્ઈફતા એહલે સુન્નત, WAT-2713)*

### ૧૮. ક્યા જાનકી હિફાઝત કે સદકે મેં સિર્ફ જાનવર હી દે સકતે હૈં ? રૂપે પૈસે દેનેકી ઈજાઝત નહીં

કુછ લોગોં મેં યે ખયાલ પાયા જાતા હૈ કે જાનકી હિફાઝત કે સદક઼ે મેં સિર્ફ જાનવર હી દે સકતે હૈં. રૂપે પૈસે દેનેકી ઈજાઝત નહીં, ન ઉસ સે કોઈ ફાઈદા હાસિલ હોગા, ચુનાંચે જબ જાનકા સદક઼ા નિકાલને કી હાજત પેશ આતી હૈ તો બાઝાબતા જાનવર ખરીદકર સદક઼ા કિયા જાતા હૈ ઔર સમજા જાતા હૈ કે ઈસી સે ફાઈદા હાસિલ હોગા. જબ કે શરઈ તોર પર યે ખયાલ ગલત હૈ કે જાનકી હિફાઝત કે લિયે જાનવર હી કા સદક઼ા ફાઈદા દેગા, બલ્કે જાનવરકે સદક઼ે કી તરહ રૂપે પૈસેકા સદક઼ા ભી ફાઈદામંદ ષાબિત હોતા હૈ ઔર ઈન મેં સબસે બેહતર વોહ સદક઼ા હોતા હૈ જિસકી ફુક઼રા કો ઝયાદા ઝરૂરત હો, ચુનાંચે "ફતાવા દારૂલ્ઈફતા એહલે સુન્નત" મેં હૈ :

"બક્રે કા સદક઼ા કરના જાઈઝ હૈ, અગર નફલી સદક઼ા અદા કરના ચાહે તો ફુક઼રા કે લિહાઝ સે દેખ લિયા જાએ કે ઉનકે લિયે કિસ મેં ઝયાદા ફાઈદા હૈ, અગર બક્રે કા સદક઼ા કરના ઉનકે લિયે ઝયાદા મુફીદ હૈ તો બક્રા સદક઼ા કિયા જાએ વરના પૈસે સદક઼ા કર દિયે જાએ.

*(ફતાવા, દારૂલ્ઈફતા એહલે સુન્નત, WAB-944)*

www.barkatekhwaja.net

## તઝકેરતુલ અવલિયા

# હઝરત અબૂ હફ્સ હદ્દાદ رحمۃ اللہ علیہ ના હાલાત તથા ખૂબીઓ

**ઓળખ** : આપ ફક઼ીહ તથા મુહદ્દિષ હોવાની સાથોસાથ બાકમાલ તરીકતવાળાઓમાંથી થયા છે અને તસવ્વુફમાં ઘણા જ ઉચ્ચ સ્થાન પર બિરાજમાન થયા. આપના પીરો મુર્શિદ હઝરત અબૂ તુરાબ બખ્શી رحمۃ اللہ علیہ હતા અને ખુદ હઝરત સુફયાન ષૌરી અને અબ્દુલ્લાહ ઈબ્ને મુબારક رحمۃ اللہ علیہم જેવા બુઝુર્ગોના મુર્શિદ હતા અને આપના અક઼ીદતમંદોને ક઼સ્સારી કહેવામાં આવે છે. આપના તક઼્વાનો એ આલમ હતો કે એકવાર રાતના સમયે કોઈ દોસ્તના સકરાતના આલમની સ્થિતિમાં તેના સિરહાને બેઠેલા હતા અને તેના મૃત્યુ બાદ તરત જ ચિરાગ બુઝાવીને ફર્માવ્યું કે, ચિરાગનો એ જિંદગીમાં ખુદ માલિક હતો પણ હવે મૃત્યુ બાદ આ એના વારસદારોની મિલ્કત છે એટલા માટે એમની મરજી વિના સળગાવવો દુરુસ્ત નથી.

**હાલાત** : નીશાપુરમાં આપની એક નવયુવાન સાલેહ સાથે મુલાકાત થઈ તો આપે સવાલ કર્યો કે બહાદુરી તથા જવામર્દીનો શો તકાઝો છે ? તેણ અર્ઝ કર્યું કે મારી બહાદુરીનો તકાઝો તો એ છે કે સૂફીઓનો લિબાસ પહેરીને તેમના મસ્લક પર ચાલતો થઈ જાઉં અને આપની બહાદુરી એ છે કે સૂફીઓનો પેશાક ઉતારીને ફેંકે અને આ રીતે ઝિક્રે ઈલાહીથી પોતાના મર્તબાઓમાં વધારો કરે કે દુનિયા આપના ઉપર મોહી ન પડે.

**આપના આદેશો** : સંપૂર્ણ ખ્યાતિ બાદ જ્યારે પબ્લિકે આપનાથી વઅઝ કહેવાની ફર્માઈશ કરી તો ફર્માવ્યું કે મારો વઅઝ મખ્લૂકના માટે એ કારણે લાભદાયી નથી થઈ શકતો કે હું દુનિયાથી મહોબ્બત ધરાવું છું અને વઅઝગોઈનો હક્ક઼ કેવળ તેને જ છે જેના વઅઝમાં એટલી અસર હોય કે લોકો હિદાયત પામી શકે, અને વઅઝ તેને કહેવામાં આવે છે જેના બયાનમાં ક્રમસર વહેણ હોય અને ગયબી મદદ એના હાલમાં સામેલ રહે. લોકોએ સવાલ કર્યો કે આગલા બુઝુર્ગોના બયાનનો અંદાઝ અસરકારક કેમ રહેતો હતો ? ફર્માવ્યું કે, તેઓ ઈસ્લામની પ્રગતિ અને નફ્સથી નજાત પામવાની વાત કહયા કરતા હતા. ફર્માવ્યું કે મખ્લૂક઼ની ચાહત કરતાં ખાલિક઼ની ચાહત ખૂબ જ બેહતર છે, અને છુપાવવાવાળી વાતને કોઈના પર જાહેર ન કરો, અને **હમેશાં નેક લોકોની સોહબતમાં બેસો, જાહિલની સોહબતથી અલિપ્ત રહીને આલિમની સોહબત અપનાવો.** ફર્માવ્યું કે **અધિક મેળવવાની તલબ માનસિક તાણનો સબબ રહ્યા કરતી હોય છે** અને નફ્સને સારો સમજવો એટલા માટે તકબ્બુર (ઘમંડ) પેદા કરી દે છે કે **નફ્સની પયરવી બંદાને આંધળો કરી દે છે.** ફર્માવ્યું કે પોતાને સૌથી બદતર ખયાલ કરીને કદી કોઈ નશામાં ચૂરની તરફ એ ડરથી નજર ન નાખો કે ક્યાંક તમે પોતે પણ બેહોશીનો શિકાર ન થઈ જાવ. અને હમેશાં ખૌફ તથા ઉમ્મીદને તમારો મસ્લક બનાવીને રાખો. ફર્માવ્યું કે તવાઝોઅ (આજીજી)થી ફક઼ હાંસલ થાય છે અને તવાઝોઅનો ભાવાર્થ એ છે કે કોઈને પોતાના કરતાં નીચ ખયાલ ન કરે. ફર્માવ્યું કે અધિક ખાવુ બીમારીઓની જડ અને દીનના માટે આફત છે. ફર્માવ્યું કે પોતાને એટલા માટે કમતર ખયાલ કરો કે દુનિયા તમારી ઈજ્જત કરે.

**સોનેરી કથનો** : હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને

❒ **અઝ** : *હઝરત શયખ ફરીદુદ્દીન અત્તાર رحمۃ اللہ علیہ* ❒ **અનુવાદક** : *પટેલ શબ્બીર અલી રઝવી–દયાદરવી*

www.barkatekhwaja.net

મુબારક رضی اللہ عنہથી રિવાયત છે કે આપની મારા માટે એ નસીહત હતી કે કદી દુનિયાના માટે કોઈના પર ગુસ્સે ન થશો. કોઈકે સવાલ કર્યો કે બંદાની શું ઓળખ છે ? ફર્માવ્યું કે જે ખુદા તથા તેની ઈબાદતને મહબૂબ ખયાલ કરે. અને ઝોહદનો ભાવાર્થ એ છે કે અતા કરેલી ચીજ પર કાનેઅ (સંતુષ્ઠ) રહીને કદી વધારેનો તલબગાર ન થાય. અને **તવક્કુલની ઓળખ એ છે કે કરજદાર થવાની સ્થિતિમાં બંદાને બદલે ખુદાથી તેની અદાયગીની ઉમ્મીદ રાખો અને પોતાનાં કામો ખુદાને સુપરત કરવાથી પહેલાં જરૂરી છે કે હીલો અને તદબીર પણ અપનાવવામાં આવે.** ફર્માવ્યું કે ત્રણ ચીજો ઈબ્લીસના માટે ખુશીનો સબબ છે : પ્રથમ કોઈ દીનદારનો કત્લ, બીજુ કોઈ શખ્સનું કુફ્રની હાલતમાં મરવું. ત્રીજુ દુરવેશીથી ભાગવું.

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મુબારક વર્ણવે છે કે બીમારીની હાલતમાં જ્યારે મેં આપને અર્ઝ કર્યું કે આપનાં બાળકોને કોઈ નસીહત કરી આપો, તો ફર્માવ્યું, હું તેમના અમીરપણા કરતાં વધુ તેમની દુરવેશીના નષ્ટ થવાથી ડરુ છું.

આપે હઝરત અબ્દુલ્લાહ બિન મુબારક رضی اللہ عنہને મરતી વેળા એ વસિયત કરી કે મૃત્યુ પછી મને સ્ત્રીઓમાં દફન કરજો, અને આવું કહીને દુનિયાથી વિદાય થઈ ગયા.

## હઝરત મન્સૂર અમ્માર رحمۃ اللہ علیہના હાલાત તથા ખૂબીઓ

**ઓળખ** : આપ ઈરાકના રહેવાસી હતા અને પોતાના દૌરના અજોડ સાહિબે કશ્ફ બુઝુર્ગ, અનુપમ વાઈઝ થયા છે, અને મોટાભાગના સૂફિયાએ કિરામે આપની ખૂબીઓ વર્ણન કરી છે.

**હાલાત** : આપના અઝીમુલ મર્તબત (મહાન મર્તબાવાળા) હોવાનું સૌથી મોટુ કારણ એ બન્યુ કે એકવાર રસ્તમાં કાગળનો એક ટુકડો જેના પર *બિસ્મિલ્લાહિર્રમાનિર્રહીમ* લખેલુ હતું તે મળ્યો, આપ અઝમતનો ખયાલ કરીને તેને ગોળી બનાવીને ગળી ગયા. અને એ જ રાત્રે ખ્વાબ જોયો કે બારી તઆલા ફર્માવે છે કે **અમે તારા માટે હિકમત તથા દાનાઈના માર્ગો આજથી એટલા માટે વિશાળ કરી આપ્યા કે તેં અમારા નામની તા'ઝીમ કરી.** ત્યારબાદ લાંબા અરસા સુધી વઅઝ તથા તબ્લીગમાં મશગૂલ રહ્યા.

કોઈ માલદારે પોતાના ગુલામને બજારથી કાંઈક ખરીદવા માટે મોકલ્યો તો તે ગુલામ રસ્તામાં આપનો વઅઝ સાંભળવા લાગ્યો. ત્યાં એક નાદાર દુરવેશ પણ ઉભો હતો જેને જોઈને આપે ફર્માવ્યું કે કોણ શખ્સ છે જે એને ચાર દિરહમ આપીને મારાથી ચાર દુઆઓ લે. આ સાંભળીને તે ગુલામ જે ચાર દિરહમનો સામાન ખરીદવા આવ્યો હતો તેણે તે દુરવેશને ચારેવ દિરહમ અતા કરી આપ્યા. અને જ્યારે આપે પૂછયું કે તારા માટે કઈ દુઆઓ ચાહે છે ? તો તેણે અર્ઝ કર્યું કે : પ્રથમ, હું આઝાદ થઈ જઉં. બીજી, અલ્લાહ તઆલા મારા માલિકને તૌબાની તૌફીક આપે. ત્રીજી, આ ચારેવ દિરહમના બદલામાં મને બીજા ચાર દિરહમ મળી જાય. ચોથી, અલ્લાહ તઆલા મારા પર અને તમામ હાજરીને મજલિસ પર રહમતોનો નુઝૂલ ફર્માવે. જેથી આપે એના પ્રમાણે દુઆઓ ફર્માવી. અને જ્યારે ગુલામ આકાની પાસે પહોંચ્યો તો તેને નારાજીની સાથે મોડુ કરવાનુ કારણ પૂછયું, અને જ્યારે ગુલામે પૂરો બનાવ વર્ણવ્યો તો તેને આઝાદ કરી વધુ ચારસો દિરહમ માલિકે તેને અર્પણ કર્યા અને ખુદ તૌબા કરી લીધી. અને તેણે રાત્રે ખ્વાબમાં જોયું કે બારી તઆલા ફર્માવે છે કે,

અમે તારી બુરી આદતો છતાં તારા પર અને તારા ગુલામ પર તેમજ મન્સૂર અમ્માર તથા મજલિસવાળાઓ પર રહમતોનો નઝૂલ કરી આપ્યો.

વઅઝ દરમિયાન, કોઈએ એક કાગળ પર એ ભાવાર્થનો શેઅર લખીને આપને રજૂ કર્યા કે જે ખુદ તક્વાવાળાઓમાંથી ન હોય છતાં તે બીજા લોકોને તક્વાની હિદાયત કરે. ફર્માવ્યું, તેનું દષ્ટાંત એ ડોકટર જેવું છે જે પોતે બીમાર થઈને બીજાઓનો ઈલાજ કરે છે.

એક રાત્રે આપ ઘુમતા ફરી રહ્યા હતા કે કોઈ મકાનથી એ પ્રકારની દુઆ કરવાનો અવાજ આવ્યો કે, હે અલ્લાહ ! મેં નાફર્માન બનીને ગુનાહ નથી કર્યા બલ્કે ઈબ્લીસ તથા નફસના ધોકામાં આવીને ગુનાહ કર્યા જેથી તારી રહમતથી મને માફ કરી આપ. આ સાંભળીને આપે બેચેનીભરી કૈફિયતમાં આ આયત તિલાવત કરી :–

يَآيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا قُوْٓا اَنْفُسَكُمْ وَاَهْلِيْكُمْ نَارًا وَّقُوْدُهَا النَّاسُ وَالْحِجَارَةُ

"હે ઈમાનવાળાઓ ! તમારી જાનને અને તમારાં ઘરવાળાંઓને આગથી બચાવો જેનાં બળતણ માણસ તથા પથ્થર છે." (સૂ. તહરીમ, ૬૬/૬) પછી જયારે સવારના સમયે આપ એ મકાનની પાસેથી પસાર થઈ રહ્યા હતા તો અંદરથી રડવાનો અવાજ આવ્યો, અને આપે જયારે કારણ પૂછયું તો બતાવવામાં આવ્યું કે રાતે કોઈ શખ્સે દરવાજા પર એક આયત તિલાવત કરી જેને સાંભળીને એક છોકરો ખૌફે ઈલાહીથી મૃત્યુ પામ્યો. આ સાંભળીને આપે ફર્માવ્યું કે એનો કાતિલ હું જ છું.

**આપના આદેશો** : ખલીફા હારૂન રશીદે આપને પૂછયું કે મખ્લૂકમાં સૌથી વધુ આલિમ કોણ છે અને સૌથી વધુ જાહિલ કોણ છે ? ફર્માવ્યું કે **સૌથી વધુ આલિમ તો તે છે જે ફર્માબરદાર અને ખૌફ રાખનાર હોય. અને સૌથી વધુ જાહિલ તે છે જે નીડર અને ગુનેહગાર હોય.** ફર્માવ્યું કે આરિફોનું દિલ ઝિક્રે ઈલાહીનું મર્કઝ હોય છે અને દુનિયાવાળાઓનું દિલ લોભ તથા લાલચનું કેન્દ્ર હોય છે. વળી આરિફના પણ બે પ્રકાર છે : એક, તો તેઓ જેઓ આપોઆપ મુજાહિદાત તથા રિયાઝતો તરફ આકર્ષાય છે. બીજા તે જેઓ કેવળ રઝાએ ઈલાહીના માટે વાસિલે ઈલલ્લાહ થઈને ઈબાદત કરે છે. પછી ફર્માવ્યું કે દિલની હિકમત : આરિફોમાં લિસાને તસ્દીકથી, ઝાહિદોમાં લિસાને તફસીલથી, મુરાદો દિલોમાં લિસાને તફક્કુરથી, અને ઉલમાના દિલમાં લિસાને ઝિક્રથી વાત કરે છે. અને અફઝલ તરીન તે બંદો છે જેનો ધંધો ઈબાદત, જેની ખ્વાહિશ તથા તમન્ના દુરવેશી તથા ગોશાનશીની, જેની સામે આખેરત તથા મૌત હોય અને તૌબાનો દરેક સમયે તેને ખયાલ રહે.

ફર્માવ્યું કે માનવ દિલ મુજસ્સમ નૂર હોય છે અને જયારે એમાં દુનિયા આબાદ થઈ જાય છે તો નૂર સલબ થઈ જાય છે અને અંધકાર છવાય જાય છે. ફર્માવ્યું કે **નફ્સનું આજ્ઞાપાલન માણસને તબાહીમાં નાખી દે છે. અને મુસીબતો પર સાબિર ન રહેવાવાળા આખેરતની મુસીબતોમાં સપડાય જાય છે.** ફર્માવ્યું કે તારિકુદ્દુન્યાને કોઈ પ્રકારનો ગમ બાકી નથી અને સુકૂત (મૌન) અપનાવનાર ખુદ જ બેનિયાઝ થઈ જાય છે. ફર્માવ્યું કે જે મુસીબતથી બચી શકતો હોય અને ન બચે તે ઘણો જ મોટો ગુનેહગાર છે.

**વફાત** : ઈન્તેકાલ બાદ જયારે અબુલ હસન શઅરાનીએ ખ્વાબમાં આપને પૂછયું કે ખુદા તઆલાએ કેવો મામલો કર્યો ? ફર્માવ્યું કે બખ્શિશ બાદ મને ફર્માવ્યું કે જે રીતે દુનિયાવાળાઓ સામે તું અમારી હમ્દો ષના કરતો હતો, એ જ રીતે હવા ફરિશ્તાઓ સામે પણ હમ્દો ષના કર.

www.barkatekhwaja.net

# ઈસ્લામી અખ્લાક઼ તથા આદાબ

લેખક : સદરુશ્શરીઅહ હઝરત અલ્લામા અમજદઅલી આઝમી رحمۃ اللہ علیہ

કાર્યાલય — હપ્તો : ૨૧

"બહારે શરીઅત" (લેખક : હઝરત સદરુશ્શરીઅહ رحمۃ اللہ علیہ)ના કુલ ૨૦ ભાગ છે. ગુજરાતીમાં કેવળ ૧૦ ભાગો છપાયેલા છે જે અમારે ત્યાં મળે છે. **"ઈસ્લામી અખ્લાક઼ો આદાબ"** એ "બહારે શરીઅત"નો ૧૬મો ભાગ છે જે ખૂબ જ ઉમદા હદીષો તથા મસાઈલ ધરાવે છે. **મૌલાના મુહમ્મદ નઈમ અમજદી (બાકરોલ)** સાહબે એનો લગભગ ૧/૨ ભાગ ગુજરાતી કરીને આપેલ હતો જેને અત્યારે પ્રકાશિત કરવાનું નસીબ થયું છે. ઈન્શાઅલ્લાહ ! પૂરો ૧૬મો ભાગ અનુવાદ કરીને પ્રસિધ્ધ કરીશું જે ઈસ્લામી જિંદગી જીવવા ચાહનાર માટે દીવાદાંડી સમાન છે જે ઈન્સાનને બાઅખ્લાક઼ તથા સભ્ય ઈન્સાન બનાવવા મદદરૂપ થશે. *–તંત્રી*

## ખરીદ વેચાણનું બયાન

**મસ્અલા** : જ્યાં સુધી ખરીદ વેચાણના મસ્અલાની જાણકારી ન હોય કે કઈ વસ્તુ વેચવી જાઈઝ છે અને કઈ નાજાઈઝ તો એ સમય સુધી વેપાર ન કરે. *(આલમગીરી)*

**મસ્અલા** : ઈન્સાનના પાખાનું ખરીદ વેચાણ કરવું મના છે, છાણનું વેચવું મના નથી, ઈન્સાનનાં પાખાનામાં માટી અને રાખનું મિશ્રણ થઈને વધી જાય જેવું કે ખાતરમાં માટી વધી જાય છે તો ખરીદ વેચાણ જાઈઝ છે અને તેને કામમાં લાવવું દા.ત. ખેતરમાં નાખવું પણ જાઈઝ છે. *(હિદાયા)*

**મસ્અલા** : એ ખબર છે તે ફલાણા શખ્સની બાંદી છે અને બીજો શખ્સ તેને વેચી રહ્યો છે અને આ વેચનાર કહે છે કે તેણે મને વેચવા માટે વકીલ બનાવેલ છે. અથવા તેનાથી મેં ખરીદી લીધી છે અને તેણે મને હિબા (ભેટ) દીધી છે. તો તેને ખરીદવી અને તેણી સાથે વતી (સંભોગ) કરવો જાઈઝ છે જ્યારે કે આ શખ્સ ષિક઼હ (ભરોસાપાત્ર) હોય અથવા અધિકતમ ગુમાન એ હોય કે સાચુ કહે છે અને જો અધિકતર ગુમાન એ છે કે તે આ ખબરમાં જૂઠો છે તો તેના માટે આવુ કરવું જાઈઝ નથી અને જો તેને પોતે એની જાણકારી નથી કે આ ફલાણાની છે પરંતુ તે વેચનારે જ બતાવ્યું કે એ ફલાણાની છે અને તેણે મને વેચવાનો વકીલ બનાવ્યો છે. અને તે વેચનાર ષિક઼હ (ભરોસાપાત્ર) છે અથવા ગાલિબ ગુમાન એ છે કે સાચુ કહે છે તો તેને ખરીદવું વગેરહ જાઈઝ છે. (હિદાયા) આ જ રીતે બીજી વસ્તુઓનાં સંબંધે એ જાણ છે કે ફલાણાની છે અને વેચનાર કહે છે કે તેણે વેચવામાં વકીલ બનાવ્યો છે અથવા મેં ખરીદી લીધી છે અથવા તેને સોંપી દીધી છે તો તેને ખરીદવું અને વસ્તુથી ફાયદો ઉઠાવવા તે જ શરતોની સાથે જાઈઝ છે.

**મસ્અલા** : જે શખ્સ વસ્તુને વેચી રહ્યો છે તેણે એ ન બતાવ્યું કે આ વસ્તુ મારી પાસે આ રીતે આવી અને ખરીદનારને ખબર છે કે આ વસ્તુ ફલાણાની છે. તો જ્યાં સુધી એની જાણ ન થઈ જાય કે આ વસ્તુ કેવી રીતે આવી તેને ન ખરીદે. ખરીદનારને નથી ખબર કે વસ્તુ બીજા કોઈની છે તો વેચવાવાળાથી ખરીદવું જાઈઝ છે કે તેના કબ્ઝામાં હોવું તેના માલિક હોવાની દલીલ છે અને તેનું વિરૂધ્ધ નથી મળ્યુ. પછી તેનું કોઈ કારણ નથી કે ફોગટમાં બીજાની મિલ્કતનો

વહેમ કરવામાં આવે. હા ! તે વસ્તુ એવી છે કે આ શખ્સ જેવાની નથી હોઈ શકતી, દા.ત. તે વસ્તુ મોંઘી છે અને આ શખ્સ એવો નથી કે એ તેની હશે અથવા જાહિલ પાસે કિતાબ છે અને તેના બાપદાદા પણ આલિમ ન હતા કે તેને વારસામાં મળી હોય તો આ પરિસ્થિતિમાં તેની ખરીદારીથી બચવું જોઈએ અને તેમ છતાંય એને ખરીદી લીધી તો ખરીદવું જાઈઝ છે કેમ કે ખરીદારે શરીઅતની દલીલ પર ભરોસો કરીને ખરીદી છે એટલે કબ્ઝાને માલિક હોવાની દલીલ બતાવી છે. *(હિદાયા)*

**મસ્અલા** : ભાગીદારી વસ્તુઓમાં જે તેનો ભાગ છે તે ન વેચે જ્યાં સુધી ભાગીદારને ખબર ન પડી જાય. જો તે ભાગીદાર ખરીદી લે તો બહેતર, નહીં તો જેના હાથે ચાહે વેચી દે. એનો મતલબ એ છે કે ભાગીદારને ખબરદાર કરવો મુસ્તહબ છે. અને ખબર કર્યા વગર વેચવુ મકરૂહ છે. એ મતલબ નથી કે ખબર કર્યા વગર વેચવુ નાજાઈઝ છે. *(આલમગીરી)*

**મસ્અલા** : જો બજારવાળા એવા લોકો જોડેથી માલ ખરીદે છે. જેમાં વધારે પડતુ ગુમાન એ છે કે માલ હરામ છે અને તેમાં વ્યાજ અને ફાસિદ અકદ હોય તેમની પાસેથી ખરીદવાના ત્રણ પ્રકારો છે : (૧) જે વસ્તુના સંબંધે વધારે પડતુ ગુમાન છે કે આ જુલ્મના તરીકા પર કોઈની વસ્તુ બજારમાં લાવીને વેચી ગયો, આવી વસ્તુ ખરીદવી ન જોઈએ. (૨) બીજો પ્રકાર આ રીતે કે માલ બિલકુલ હરામ છે પરંતુ હલાલ માલમાં ભેળવાઈ ગયો છે કે તેને અલગ કરવું શક્ય નથી, આ રીતે ભેળવાઈ જવાથી તેની મિલ્કત થઈ ગઈ, પરંતું એને પણ ખરીદવું ન જોઈએ જ્યાં સુધી વેચનાર તેના માલિકને તેનો બદલો આપીને ખુશ ન કરી દે અને જો ખરીદી જ લે તો ખરીદનારની મિલ્કતમાં થઈ જશે અને કરાહત રહેશે. (૩) ખબર છે કે જેને પચાવી લીધો હતો અથવા ચોરી વગેરહનો માલ હતો તે એવોને એવો બાકી ન રહ્યો તો દુકાનદારથી વસ્તુ ખરીદવી જાઈઝ છે. *(આલમગીરી)*

**મસ્અલા** : વેપારી પોતાના વેપારમાં એટલો મગ્ન ન થઈ જાય કે તેનાથી ફર્ઝો છૂટી જાય બલ્કે જ્યારે નમાઝનો સમય થઈ જાય તો વેપાર છોડીને નમાઝ માટે ચાલ્યો આવે. *(આલમગીરી)*

**મસ્અલા** : નાપાક કપડાને વેચી શકે છે. પરંતુ જ્યારે ખબર છે કે ખરીદનાર તેમાં નમાઝ પઢશે તો એને જાહેર કરી દે કે આ કપડા નાપાક છે. *(આલમગીરી)*

**મસ્અલા** : જેટલામાં વસ્તુ ખરીદી વેચનારને તેનાથી થોડું વધારે આપ્યુ તો જ્યાં સુધી આવુ ન કહી દે કે આ વધારો તમારા માટે હલાલ છે અથવા તો મેં તને એનો માલિક બનાવી દીધો ત્યાં સુધી આ વધારાને લેવું જાઈઝ નથી. *(આલમગીરી)* ખરીદયા પછી ઘણા લોકો રૂખ લે છે કે ખરીદેલી વસ્તુ જેટલામાં નક્કી થઈ છે તેનાથી થોડુ વધારે લે છે તો વેચનારની રઝામંદી વગર આ નાજાઈઝ છે અને રૂખ માગવું પણ ન જોઈએ કે આ એક જાતનો સવાલ છે અને વગર જરૂરતે માગવાની પરવાનગી નથી.

**મસ્અલા** : ગોશ્ત, માછલી અથવા ફળ વગેરહ એવી વસ્તુઓ જે જલદીથી ખરાબ થઈ જવાવાળી છે કોઈના હાથે વેચી અને ખરીદનાર ગાયબ થઈ ગયો અને વેચનારને અંદેશો છે કે તેની રાહ જોવામાં વસ્તુ ખરાબ થઈ જશે, આ પરિસ્થિતિના તેને બીજાના હાથે વેચી શકે છે અને જેને આવી ખબર છે તે ખરીદી શકે છે. *(આલમગીરી)*

**મસ્અલા** : જે શખ્સ બીમાર છે તેનો બાપ અથવા બેટો તેની ઈજાઝત વગર એવી વસ્તુ ખરીદી શકે છે જેની બીમારને જરૂરત છે દા.ત. દવા વગેરહ. *(આલમગીરી)*

**મસ્અલા** : સારા સાફ ઘઉંમાં માટી મિલાવીને વેચવું નાજાઈઝ છે ભલે ત્યાં મિલાવવાની આદત

www.barkatekhwaja.net

હોય. (આલમગીરી) આવી જ રીતે દૂધમાં પાણી મિલાવીને વેચવું નાજાઈઝ છે.

**મસ્અલા :** જે જગ્યાએ બજારમાં રોટલી ગોશ્તની કિંમત નક્કી છે કે આ જ હિસાબથી વેચાય છે તો કોઈએ ખરીદી અને વેચનારે ઓછી આપી. પરંતું ખરીદનારને તે સમયે ખબર નથી કે ઓછી આપી, પછી ખબર પડી તો જે કાંઈ કમી છે વસૂલ કરી શકે છે જ્યારે કે ખરીદનારને પણ કિંમત ખબર હોય. અને ખરીદાર પરદેશી છે, ત્યાંનો નથી તો રોટલીની કમી છે તે વસૂલ કરી શકે છે, ગોશ્તમાં જે કમી હોય તે વસૂલ નથી કરી શકતા, કારણ કે રોટલીની કિંમત લગભગ લગભગ દરેક જગ્યાએ એક જેવી જ હોય છે. જ્યારે ગોશ્તમાં એવુ નથી. *(ઝયલઈ)*

**મસ્અલા :** લોખંડ અથવા પિત્તળ વગેરેની વીંટી જે પુરૂષ અને સ્ત્રી બંનેવ માટે પહેરવી નાજાઈઝ છે તેનું વેચવું મકરૂહ છે. (આલમગીરી) આ જ રીતે અફીણ વગેરહ જેનું ખાવું નાજાઈઝ છે, એવાના હાથે વેચવું જે ખાતો હોય નાજાઈઝ છે કે આમાં ગુનાહ પર મદદ કરવી છે.

**મસ્અલા :** મુસલમાનનું કાફિર પર દેવું છે તેણે શરાબ વેચીને તેના પૈસાથી દેવું આપ્યું મુસલમાનને ખબર છે કે આ રૂપિયા શરાબની કિંમત છે તેનુ લેવું જાઈઝ છે. કારણ કે કાફિરનું કાફિરના હાથે શરાબ વેચવું જાઈઝ છે. અને અને કિંમતમાં જે રૂપિયા તેને મળ્યા તે જાઈઝ છે માટે મુસ્લિમ પોતાના દેવામાં લઈ શકે છે. અને મુસ્લિમે શરાબ વેચી તો જેવું કે આ વેચવું નાજાઈઝ છે તેની કિંમત પણ નાજાઈઝ છે. આ રૂપિયાને કરજમાં લેવા પણ નાજાઈઝ છે. (દુર્રે મુખ્તાર) આ હૂકમ એવી દરેક પરિસ્થિતિમાં છે કે જ્યાં એવી ખબર હોય કે આ માલ હરામ અને ખબીષ છે તો એને લેવો નાજાઈઝ છે. દા.ત. ખબર છે કે ચોરી અથવા લૂટેલો માલ છે.

**મસ્અલા :** રંડીઓને જે નાચવા ગાવાની મજૂરી મળે છે. આ પણ ખબીષ છે જે કોઈને દેવામાં કે કોઈએ માગ્યા હોય એને આપવા અને તેનું લેવું નાજાઈઝ છે. જે શખ્સે જુલ્મ અથવા રિશ્વતથી માલ મેળવેલો હોય તો મૃત્યુ પછી તેનો માલ તેના વારસદારોએ ન લેવો જોઈએ કે આ માલ હરામ છે. બલ્કે વારસદારો એવુ કરે કે જો ખબર છે કે આ માલ ફલાણાનો છે તો જેનાથી મરનારે મેળવેલો હતો તેને પરત કરી દે અને માલૂમ નથી કે કોનાથી લીધેલ છે તો ફકીરોને સદકો કરી દે કે આવા માલનો આ જ હુકમ છે. *(રદુલ મોહતાર)*

**મસ્અલા :** પણસાણી (મીઠું, મરચું વેચવાવાળો)ને રૂપિયા આપીએ છીએ અને કહી દઈએ છે આ રૂપિયા સોદામા કપાતા રહેશે. અથવા આપવાના સમયે આ શરત ન હોય કે સોદામાં કપાઈ જશે પરંતું ખબર છે કે આ જ રીતે કરવામાં આવશે તો આ રીતે રૂપિયા આપવા મના છે કે આ કરજથી આ ફાયદો થયો કે તેની પાસે રહેવામાં તેના બરબાદ થઈ જવાનો અંદેશો હતો હવે એ અંદેશો જતો રહ્યો, અને કરજથી ફાયદો ઉઠાવવો નાજાઈઝ છે. *(દુર્રે મુખ્તાર)*

**મસ્અલા :** ઈહતેકાર મના છે. ઈહતેકાર (સંગ્રહખોરી)નો અર્થ એ છે કે ખાવાની વસ્તુને એ માટે રોકવી કે મોંઘી થવા પર વેચવામાં આવશે. અને હદીષોમાં આ બારામાં સખ્ત ચેતવણીઓ આવી છે. એક હદીષમાં છે કે **જે ચાલીસ દિવસ સુધી ઈહતેકાર કરશે અલ્લાહ તઆલા તેને ગરીબ ફકીર બનાવી દેશે**. બીજી હદીષમાં છે કે તે અલ્લાહથી બરી (બેપરવા) અને અલ્લાહ તેનાથી બરી. ત્રીજી હદીષમાં છે કે **તેના ઉપર અલ્લાહ અને ફરિશ્તાઓ અને તમામ આદમીઓની લાનત છે. અલ્લાહ તઆલા ન તેની નફલને કબૂલ ફર્માવશે ન ફર્ઝ.** ઈહતેકાર ઈન્સાનની ખાવાની વસ્તુમાં પણ હોય છે દા.ત. અનાજ અને દ્રાક્ષ, બદામ વગેરહ અને જાનવરોના

www.barkatekhvaja.net

ચારામાં પણ હોય છે દા.ત. ઘાસ, ભૂસુ.

*(દુર્રે મુખ્તાર, રદ્દુલ મોહતાર)*

**મસ્અલા** : ઈહતેકાર એ સમયે જ કહેવાશે જ્યારે તેના અનાજને રોકવું ત્યાંના લોકોને તકલીફ પહોંચાડતું હોય અથવા તેના કારણે મોંઘવારી થઈ જાય અથવા એવી દશા હોય કે બધું અનાજ તેના કબજામાં છે, તેના રોકવાથી દુષ્કાળ પડશે એવો અંદેશો છે. બીજી જગ્યાએ અનાજ નહીં મળે *(હિદાયા)*

**મસ્અલા** : ઈહતેકાર કરવાવાળાને કાઝી એ હુકમ આપશે કે પોતાનાં ઘરવાવાળાઓનાં ખર્ચ માટે અનાજ મૂકી રાખ અને બાકીનું વેચી નાખે, જો તે શખ્સ કાઝીના આ હુકમની વિરૂધ્ધ કરે એટલે વધારાનું અનાજ ન વેચે તો કાઝી તેના પ્રમાણે સજા આપે અને તેની જરૂરતથી વધારે જેટલુ અનાજ છે, કાઝી પોતે તેને વેચી દે કારણ કે આમ નુકસાનથી બચવાનો આ જ ઈલાજ છે. *(હિદાયા)*

**મસ્અલા** : બાદશાહને પ્રજાની બરબાદીનો અંદેશો હોય તો ઈહતેકાર કરવાવાળાથી અનાજ લઈને પ્રજામાં વહેંચી દે પછી જ્યારે તેમની પાસે અનાજ થઈ જાય તો જેણે જેટલું લીધેલુ તેટલું પરત કરી દે. *(દુર્રે મુખ્તાર)*

**મસ્અલા** : પોતાની જમીનનું અનાજ રોકી લેવું ઈહતેકાર નથી. હા ! આ શખ્સ મોંઘવારી કે દુષ્કાળ પડવાની રાહ જોઈ રહ્યો હોય તો આ નિય્યતના કારણે તે ગુનેહગાર થશે. અને આ સૂરતમાં પણ જો આમ લોકોની અનાજને જરૂરત હોય તો અને અનાજ ન મળતુ હોય તો કાઝી તેને વેચવા પર મજબૂર કરશે.

*(દુર્રે મુખ્તાર, રદ્દુલ મોહતાર)*

**મસ્અલા** : બીજી જગ્યાએથી ખરીદીને અનાજ લાવ્યો અને ત્યાંથી વધારે પડતું અનાજ અહીંયા લાવવામાં આવતુ રહેતુ હોય તો આને રોકવું પણ ઈહતેકાર છે અને ત્યાંથી અહી લાવવામાં આદત ન હોય તો રોકવું ઈહતેકાર નથી પરંતું આ પરિસ્થિતિમાં પણ વેચી નાખવું મુસ્તહબ છે કે રોકવામાં પણ આ એક જાતની કરાહત (નાપસંદ વસ્તુ) છે.

*(દુર્રે મુખ્તાર, રદ્દુલ મોહતાર)*

**મસ્અલા** : હાકિમ એવુ ન કરે કે વસ્તુની કિંમત નક્કી કરી દે. હદીષમાં છે કે લોકોએ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ કિંમત ઘણી મોંઘી થઈ ગઈ છે, હુઝૂર કિંમત નક્કી કરી દો. ઈર્શાદ ફર્માવ્યું, કિંમત નક્કી કરવાવાળો તંગી અને હળવાશ કરવાવાળો, રોજી આપનારો અલ્લાહ છે. અને હું ઉમ્મીદ કરું છું કે ખુદાને એ હાલતમાં મળુ કે કોઈ શખ્સ ખૂન અને માલનાં મામલામાં મારી પાસે કોઈ પણ હકનો મુતાલબો ન કરે.

**મસ્અલા** : વેપારીઓએ જો વસ્તુઓની કિંમત ઘણી મોંઘી કરી દીધી અને કિંમત નક્કી કર્યા વગર કામ ચાલતુ જોવા ન મળતું હોય તો રાયવાળાઓનો મશવેરો લઈને કાઝી કિમત નક્કી કરી શકે છે. અને નક્કી કર્યા પ્રમાણે જે વસ્તુ વેચી તે વેચવું જાઈઝ છે. અને એવું નથી કહી શકતા કે આ વેચવું મજબૂરી છે. કારણ કે અહીયા વેચવા પર મજબૂર નથી કરવામાં આવતા. કાઝીએ તેને વેચવા પર મજબૂર નથી કર્યો તેને ઈખ્તિયાર છે કે તેની વસ્તુ વેચે અથવા ન વેચે, ફક્ત એ કહેવામાં આવે છે કે જ્યારે તે વેચે તો જે કિંમત નક્કી કરવામાં આવી છે તેનાથી મોંઘી ન વેચે.

*(હિદાયા)*

**મસ્અલા** : ઈન્સાનના ખાવામાં અને જાનવરના ઘાસમાં કિંમત ઉપર જણાવેલ પ્રમાણે જાઈઝ છે અને બીજી વસ્તુમાં પણ હુકમ આ છે કે વેપારીઓએ ઘણી વધારે મોંઘી કરી દીધી તો એમાં પણ કિંમત નક્કી કરી શકાય છે. *(દુર્રે મુખ્તાર)*

www.barkatekhwaja.net

**મસ્અલા-૭**

# રસૂલે ખુદા صلی اللہ علیہ وآلہٖ وسلم નો ગયબનો ઈલ્મ કિતાબ તથા સુન્નતની-રૌશનીમાં

અઝ : મુફ્તી મુહમ્મદ નિઝામુદ્દીન રઝવી બરકાતી
(સદર : દારુલ ઈફતા જામિઆ અશ્રફિયા-મુબારકપુર)
અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી

## ★ મદીનાથી સૈંકડો માઈલ દૂર થનારા બનાવોથી સરકાર صلی اللہ علیہ وسلمએ જે તે સમયે માહિતગાર કર્યા ★

**હદીષ-૧૮ :** હઝરત અનસ رضی اللہ عنہથી રિવાયત છે કે નબી કરીમ عَلَیْہِ التَّحِیَّۃُ وَالثَّنَاءએ લોકોને હઝરત ઝૈદ, હઝરત જઅફર અને હઝરત ઈબ્ને રવાહાના શહીદ થવાની ખબર જંગથી તેમની શહાદતની ખબર આવતા પહેલાં જ આપી દીધી. આપે ફર્માવ્યું :

- ❑ ઝયદે ઝંડો હાથમાં લીધો અને તે શહીદ થઈ ગયા.
- ❑ પછી જઅફરે લીધો અને તે શહીદ થઈ ગયા.
- ❑ પછી ઈબ્ને રવાહાએ લીધો અને તે પણ શહીદ થઈ ગયા.

આ ખબર આપતી વખતે આપની આંખોથી આંસુ વહી રહ્યાં હતાં, ત્યાં સુધી કે સૈફુલ્લાહ (ખાલિદ ઈબ્ને વલીદ)એ ઝંડો પકડી લીધો અને અલ્લાહ તઆલાએ મુસલમાનોને ફતહ આપી. *(સહીહ બુખારી, ૨/૬૧૧, કિતાબુલ મગ઼ાઝી, બાબ : ગઝવતિ મુઅ્તા મિન અર્દ઼િશામ, મજલિસે બરકાત, મુબારકપુર)*

સરકાર عَلَیْہِ التَّحِیَّۃُ وَالثَّنَاء મદીના મુનવ્વરામાં હાજર હતા પણ જંગે મુઅ્તામાં ઉપસ્થિત થનાર મહત્વના બનાવોની ગયબી ખબરો એ રીતે આપી રહ્યા હતા કે જાણે કોઈ પોતાની હથેળીમાં નિશાનીઓ જોઈને બતાવી રહ્યું હોય.

આ હદીષે પાકમાં હુઝૂર પુરનૂર علیہ الصلوٰۃ والسلامએ આઠ ગયબી ખબરો આપી છે : બે બે ખબરો જંગનો ઝંડો હાથમાં લેવાની અને શહીદ થવાની. બે હાથમાં ઝંડો લેવાની અને જીત પામવાની. તો સાબિત થયું કે હુઝૂર સૈયદે આલમ صلی اللہ علیہ وسلم વિના શંકાએ ગયબોને જાણનાર (દાનાએ ગુયૂબ) છે. હુઝૂર સૈયદે આલમ صلی اللہ علیہ وسلم મુઅ્તાથી સૈંકડો કિલોમિટર[★] દૂર રહેવા છતાં ખબર આપી રહ્યા છે કે કોણ ક્યાં મૃત્યુ પામી રહ્યું છે તો આપને بِاَیِّ اَرْضٍ تَمُوْتُ નો પણ ઈલ્મ છે.

## ★ રસૂલ صلی اللہ علیہ وسلمએ બતાવી આપ્યું કે કોણ ક્યાં મરશે ? ★

**હદીષ-૧૯ :** હઝરત અનસ બિન માલિક رضی اللہ عنہથી રિવાયત છે કે જંગે બદરના મોક઼ા પર જ્યારે સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعین બદર સ્થળ પહોંચ્યા તો હુઝૂર علیہ الصلوٰۃ والسلامએ ફર્માવ્યું : ''આ ફલાણાના મરવાની જગા છે અને આપ પોતાનો હાથ જમીન પર રાખીને ફર્માવતા : અહીં અને અહીં. (એટલે ફલાણો ફલાણો અહીં, અહીં ક઼ત્લ થઈને પડશે) હદીષના રાવીનું બયાન છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ પોતાના હાથ વડે જે નિશાન કર્યું હતું એ જગાથી હટીને આમ તેમ કોઈ ન પડયું.'' *(સહીહ મુસ્લિમ, ૨/૧૦૨, કિતાબુલ જિહાદ વસ્સિયર, બાબુ ગઝવએ બદર, અલ બરકાત)*

ઈમામ નવવી رحمۃ اللہ علیہ આ હદીષની શરહમાં

*★ સૈંકડો કિલોમિટર : મુઅ્તા શામ (સીરિયા)નો એક કસ્બો છે જેનું અંતર મદીના મુનવ્વરાથી ૯૮૭ કિલોમિટર જેટલુ દર્શાવવામાં આવે છે.*

ફર્માવે છે : "આ હદીષમાં બે મો'જિઝાઓ છે જે નબુવ્વતની દલીલોમાંથી છે. પ્રથમ મો'જિઝો એ કે નબી કરીમ ﷺએ જાલિમોના કત્લ થવાની જગા બતાવી આપી તો કોઈ એનાથી આમ તેમ ન પડયો. *(અલ મિન્હાજ શરહે સહીહ મુસ્લિમ, ૨/૧૦૨, મજલિસે બરકાત)*

હુઝૂર પુરનૂર સૈયદુલ મુરસલીન ﷺનો આ ઈર્શાદ હઝરત ઉમર ફારૂકે આ'ઝમ رضی اللہ عنہએ શબ્દોના કાંઈક ફરકની સાથે ખુદાની કસમ ખાયને વર્ણવ્યો છે. હઝરત અનસ ઈબ્ને માલિક رضی اللہ عنہ રૂયતે હિલાલ (ચાંદ જોવા)ના એક બનાવનું વર્ણન કરતાં લખે છે : "હઝરત ઉમર رضی اللہ عنہ અમને બદરવાસીઓના બારામાં વર્ણન કરવા લાગ્યા કે અલ્લાહના રસૂલ ﷺએ એક દિવસ પહેલાં અમને બદરવાસીઓની મરવાની જગાઓ બતાવી આપી હતી અને બતાવી આપ્યું હતું કે ફલાણો કાલે અહીં હલાક થશે, ઈન્શાઅલ્લાહ !" *(સહીહ મુસ્લિમ, ૨/૩૮૬, ૩૮૭, મજલિસે બરકાત, મુબારકપુર)*

હઝરત ઉમરે કહ્યું : એ જાતની કસમ ! જેણે આપને હક્ક સાથે મોકલ્યા, રસૂલુલ્લાહ ﷺએ દરેક જણના મૃત્યુ પામવાની જે જગા બતાવી હતી તેનાથી કોઈ આમ તેમ ન પડયો.

હવે અહીં આયતે કરીમા : وَمَا تَدْرِیْ نَفْسٌ بِاَیِّ اَرْضٍ تَمُوْتُ (અને કોઈ જાન નથી જાણતી કે કઈ જમીનમાં મરશે. સૂરએ લુકમાન, ૩૧/૩૪)ને પણ લક્ષમાં રાખો તો કિતાબ તથા હદીષમાં મુવાફિક્તની સ્પષ્ટ સ્થિતિ સામે આવશે કે કોણ ક્યાં મરશે એ કોઈને માલૂમ નથી, પરંતું ખુદાએ અલીમો ખબીરના બતાવવાથી રસૂલુલ્લાહ ﷺને માલૂમ પણ છે અને બતાવે પણ છે.

આ હદીષોથી સાબિત થયું કે હુઝૂર સૈયદે આલમ ﷺને માલૂમ હતું કે કોણ ક્યાં મરશે, અને એના બારામાં આપે જે ફર્માવ્યું તે જ થઈને રહ્યું.

### ★ પીઠ પાછળ જાહેર તથા બાતિનને જોવું ★

**હદીષ-૨૦** : હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, શું તમે એવું સમજો છો કે મારુ ધ્યાન અહીં છે ?! અલ્લાહની કસમ ! મારા પર તમારા રુકૂઅ તથા ખુશૂઅ છુપાં નથી. હું વિના શંકાએ તમને મારી પીઠ પાછળ પણ જોઉં છું. *(સહીહ બુખારી, ૧/૧૦૨, કિતાબુલ અઝાન, મજલિસે બરકાત)*

**હદીષ-૨૧** : હઝરત અનસ બિન માલિક رضی اللہ عنہથી રિવાયત છે કે નબી અકરમ عَلَیْہِ التَّحِیَّۃُ وَالثَّنَاءએ ફર્માવ્યું : તમે રુકૂઅ તથા સજદા સહીહ તૌર પર અદા કરો. હું અલ્લાહની કસમ ! તમને મારી પાછળથી પણ જોઉં છું. અને કદીક આપે ફર્માવ્યું, જ્યારે તમે લોકો રુકૂઅ તથા સજદા કરો છો તો હું તમને લોકોને મારી પીઠની પાછળથી જોઉં છું." *(સહીહ બુખારી, ૧/૧૦૨, મજલિસે બરકાત, મુબાકપુર)*

હુઝૂર સૈયદે આલમ ﷺએ આ હદીષોમાં પોતાની ગયબદાનીની બે સાબિતીઓ આપી છે :-

- ★ એક એ કે આપ આપની પીઠ પાછળ થનારી બાબતોને જુએ છે. કોણ રુકૂઅ તથા સિજદા સહીહ તૌર પર અદા કરી રહેલ છે અને કોણ ગલત તૌર પર અદા કરી રહેલ છે. આ સર્વ સરકાર ﷺ જોઈ રહ્યા છે.
- ★ બીજુ એ કે દિલી કૈફિયત પર પણ આપની નજર છે. ખુશૂઅ તથા ખુઝૂઅનો સંબંધ દિલના આંત્રિક ભાગથી છે પણ તે પણ આપની નજરથી છુપુ નથી.

### ★ દુનિયાથી ગયબી હાલતો અને કબ્રના પહોંચ બહારના રહસ્યોની ખબર ★

**હદીષ-૨૨** : હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما ફર્માવે છે કે નબી કરીમ عَلَیْہِ التَّحِیَّۃُ وَالثَّنَاء મદીના પાકના એક બાગની પાસેથી પસાર થયા તો આપે બે માણસોનો અવાજ સાંભળ્યો જેમના પર તેમની કબ્રોમાં અઝાબ થઈ રહ્યો હતો. તો નબી કરીમ ﷺએ ફર્માવ્યું : "આ બંનેને અઝાબ આપવામાં

www.barkatekhwaja.net

આવી રહ્યો છે અને તેમને કોઈ એવા ગુનાહના કારણે અઝાબ નથી થઈ રહ્યો જેનાથી બચવું મુશ્કેલ હોય." પછી આપે ફર્માવ્યું : એ બંનેમાંથી એક પોતાના પેશાબથી બચતો ન હતો અને બીજો ચુગલખોરી કરતો હતો. પછી આપે ખજૂરની એક ડાળી મંગાવીને બે ટુકડા કર્યા અને એક એક ટુકડો બંને કબરો પર રાખી દીધો. આપને અર્ઝ કરવામાં આવી, યા રસૂલલ્લાહ ! ﷺ આપે એવું કેમ કર્યું ? તો આપે ફર્માવ્યું, જેથી આ ડાળીઓ જ્યાં સુધી સૂકી ન થાય ત્યાં સુધી તેમના અઝાબમાં ઘટાડો રહે." *(સહીહ બુખારી, ૧/૩૪, ૩૫, કિતાબુલ વુઝૂ, મજલિસે બરકાત)*

આ હદીષમાં હુઝૂર સૈયદે આલમ ﷺએ વર્તમાન તથા ભૂતકાળ બંને જમાનાના ગયબોની ખબર આપી છે : ❑ આપ બતાવી રહ્યા છે કે બંને કબ્રવાળાઓ પર અઝાબ થઈ રહ્યો છે. આ વર્તમાનકાળનો ગયબ છે. ❑ અને આપે અઝાબનો સબબ બતાવ્યો કે એક પેશાબના નાપાક છાંટાઓથી બચતો ન હતો અને બીજો ચુગલખોરી કરતો હતો. આ બંને ગુનાહ ભૂતકાળના સમયના છે.

એ બંનેવે પોતાની જિંદગીમાં આ ગુનાહ ન જાણે ક્યારે ક્યારે કર્યા હશે, પણ સરકાર ﷺ બંનેની ખબર પૂરા જુર્મની સાથે આપી રહ્યા છે જે વિના શંકાએ ગયબી ખબરો છે.

## ★ ક્યામતની પ્રથમ નિશાની, જન્નતનો પ્રથમ ખોરાક અને અમુક મખ્લૂક વિશે ખબર ★

**હદીષ–૨૩ :** હઝરત અનસ رضی اللہ عنہએ આ હદીષ વર્ણન કરી કે અબ્દુલ્લાહ ઈબ્ને સલામને નબી અકરમ ﷺના મદીના મુનવ્વરા તશરીફ લાવવાની ખબર મળી તો તે હુઝૂર ﷺથી અમુક ચીજોના બારામાં સવાલ કરવા માટે આપની ખિદમતમાં હાજર થયા.

તેમણે કહ્યું કે હું આપને ત્રણ એવી ચીજોના બારામાં સવાલ કરી રહ્યો છું જેમને નબી સિવાય કોઈ અન્ય નથી જાણતું :–

૦૧. ક્યામતની સૌથી પહેલી નિશાની શું છે ?

૦૨. જન્નતવાસી સૌ પ્રથમ શું ખાશે ?

૦૩. ઔલાદ ક્યારેક પોતાના પિતાના જેવી (મુશાબેહ) હોય છે અને ક્યારેક પોતાની માના જેવી હોય છે. એનો સબબ શું છે ?

હુઝૂર علیہ الصلوٰۃ والسلامએ જવાબમાં ફર્માવ્યું કે, હમણા હમણા હઝરત જિબ્રઈલ علیہ السلامએ મને એની ખબર આપી છે. ઈબ્ને સલામે કહ્યું, એ તો ફરિશ્તાઓમાં યહૂદીઓના દુશ્મન છે.

હુઝૂર ﷺએ જવાબમાં ફર્માવ્યું કે : ❑ ક્યામતની સૌ પ્રથમ નિશાની એક મહાન આગ છે જે લોકોને પૂર્વથી પશ્ચિમ તરફ ભેગા કરશે. ❑ અને જન્નતવાળાઓનો સૌ પ્રથમ ખોરાક માછલીના જિગરનો ટુકડો છે. ❑ રહ્યું ઔલાદનું બાપ કે માના જેવા હોવું, તો એનો સબબ એ છે કે જ્યારે પુરૂષનું વિર્ય સ્ત્રીના વિર્ય પર અગ્રતા લઈ જાય છે તો ઔલાદ પુરૂષના મુશાબેહ (જેવી) અને હમશકલ થાય છે. અને જ્યારે સ્ત્રીનું વિર્ય પુરૂષના વિર્ય પર અગ્રતા લઈ જાય છે તો ઔલાદ માના જેવી તથા હમશકલ થાય છે.

આ જવાબ સાંભળીને તે બોલી ઉઠયા : أَشْهَدُ أَنْ لَّا إِلٰهَ إِلَّا اللّٰهُ وَأَنَّكَ رَسُولُ اللّٰهِ હું ગવાહી આપુ છું કે અલ્લાહના સિવાય કોઈ મઅબૂદ નથી અને બેશક ! આપ અલ્લાહના રસૂલ છે. *(સહીહ બુખારી, ૧/૫૬૧, કિતાબુલ બુન્યાનુલ કાબા, મજલિસે બરકાત, મુબારકપુર)*

## ★ હઝરત ઉમર અને હઝરત ઉષ્માન رضی اللہ عنہماની શહાદતની ખબર ★

**હદીષ–૨૪ :** હઝરત કતાદા رضی اللہ عنہથી રિવાયત છે કે હઝરત અનસ બિન માલિકે આ હદીષ વર્ણન

www.barkatekhwaja.net

કરી કે નબીએ અકરમ ﷺ અને અબૂબક્ર તથા ઉમર તથા ઉષ્માન ઓહદ પહાડ પર ચઢયા તો તે એ મુકદ્દસ હસ્તીઓના કારણે (ખુશીમાં) હાલવા લાગ્યો તો હુઝૂર ﷺએ ફર્માવ્યું, હે ઓહદ ! થોભી જા ! કેમ કે તારા પર એક નબી, એક સિદ્દીક અને બે શહીદ છે." *(સહીહ બુખારી, ૧/૫૧૯, કિતાબુલ મનાકિબ, મજલિસે બરકાત)*

આ હદીષમાં "બે શહીદ"થી મુરાદ હઝરત સૈયદુના ઉમર ફારૂકે આ'ઝમ અને હઝરત સૈયદુના ઉષ્માન ગની رضی اللہ عنہما છે. આ બંનેવ ખુલફાએ રાશિદીનથી છે અને આ પોત પોતાના ખિલાફતકાળ માં શહીદ થયા."

હુઝૂર સૈયદે આલમ ﷺએ જે વખતે આ હઝરાતની શહાદતની ગયબી ખબર આપી હતી તેના વરસો બાદ તેની સચ્ચાઈ દુનિયા સામે આવી અને એ હઝરાત શહીદ થઈ ગયા.

આ હદીષમાં સરકાર ﷺએ ત્રણ ત્રણ ગયબોની ખબર આપી છે : ❑ એક એ હઝરાત જિંદગીના આખરી શ્વાસ સુધી ઈમાનવાળા રહેશે. ❑ બીજી ખબર એ કે તેમનો ખાત્મો પણ ઈમાન પર જશે. ❑ ત્રીજી ખબર એ કે મૌત શહાદતની થશે.

અને હક્ક એ છે કે હુઝૂર સૈયદે આલમ ﷺએ જેવી ખબર આપી હતી એવી જ અને એ જ ક્રમ પ્રમાણે પૂરી પણ થઈ.

## ★ ઝુલ્ખવૈસરા તમીમીના બેઅદબ ગિરોહના ઝહૂર અને તેમના અહવાલની ખબર ★

**હદીષ-૨૫ :** હઝરત અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہ બયાન કરે છે કે નબી અકરમ علیہ الصلوٰۃ والسلام (માલે ગનીમત) વહેંચી રહ્યા હતા. એટલામાં અબ્દુલ્લાહ ઝુલ્ખવૈસરા તમીમી આવ્યો અને કહેવા લાગ્યો, યા રસૂલલ્લાહ ! ﷺ તમે ઈન્સાફ કરો. તો આપે ફર્માવ્યું, તારી હલાકત (બર્બાદી) થાય ! જો હું ઈન્સાફ નહીં કરું તો પછી કોણ ઈન્સાફ કરશે ? એ સાંભળીને હઝરત ઉમર બિન ખત્તાબે અર્ઝ કરી, હુઝૂર ! મને ઈજાઝત આપો કે હું એની ગરદન ઉડાડી મૂકું ! તો આપે ફર્માવ્યું, એને છોડી આપો કે એના અમુક સાથી એવા થશે જેમની નમાઝની આગળ તમે તમારી નમાઝને, જેમના રોઝાની સરખામણીમાં તમારા રોઝાઓને મામૂલી સમજશો. તેઓ દીનથી એવા નીકળી જશે જેવી રીતે તીર શિકારથી નીકળી જાય છે.

*(સહીહ બુખારી, ૨/૧૦૨૪, ૧૦૨૫)*

સરકાર علیہ التحیۃ والثناء એ ઝુલ્ખવૈસરા તમીમીના જે ગિરોહની ખબર આપી છે તે ગિરોહ આજે પણ જોવા મળે છે. અને આ તે જ ગિરોહ છે જે હુઝૂર સૈયદે આલમ ﷺની શાને પાકમાં ગુસ્તાખી કરે છે. આપના ઘણા બધા ફઝાઈલનો ઈન્કાર કરે છે પણ નમાઝો એટલી અધિક પ્રમાણમાં પઢે છે કે આપણે એમની સરખામણીમાં આપણી નમાઝોને મામૂલી ખયાલ કરીએ છીએ. આ "પેહચાન" થકી લોકોને પહેચાની લો તો ખુદ જ સરકાર ﷺના ઈલ્મે ગયબનું સમર્થન થઈ જશે. ....*(ક્રમશઃ)*

**'બરકાતે ખ્વાજા' માસિકને ઝિંદા રાખવા ગ્રાહકો વધારો**

પ્યારા દીની ભાઈઓ ! બહેનો ! વર્તમાન પુર ફિતન દૌરમાં દીન તથા ઈમાનની સલામતી માટે અકીદા બાબતે બાતિલ ફિર્કાઓ વહાબી, દેવબંદી, શીઆ, ગૈર મુકલ્લિદ, કાદયાની વગેરેની ડંકાની ચોટ પર રદ કરી ઈમાનની રક્ષા કરતુ તેમજ અમલોની સુધારણા માટે દિલને પીગળાવનારા લેખો કુર્આન, હદીષ, બુઝુર્ગોના વાણી તથા વર્તનોનો ચિતાર, વાકિઆ રજૂ કરી અસરકારક લખાણો પેશ કરતા આપના પ્યારા આ માસિક માટે સુન્નિયતનું દર્દ રાખી દરેક ગ્રાહક પોતાની કોશિશોથી પોતાનાં સગાં, મિત્રો કે સંબંધી વર્તુળમાં જરૂર નવા ગ્રાહકો ઉભા કરી સવાબે દારૈનના હક્કદાર બને એવી નમ્ર અપીલ છે. *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

www.barkatekhwaja.net

ઈસ્લામના
મુજદ્દિદો વિશે વર્ણન

બીજી સદીના મુજદ્દિદ ૫

# હઝરત અસદુદ્દીન મઅરૂફ ઈબ્ને ફીરોઝ કર્ખી رَحْمَةُ اللهِ عَلَيْه

(હિ.સ. ૧૫૬ થી ૨૦૪)

(કાર્યાલય)

**કશ્ફો કરામાત** : હઝરત મઅરૂફ કર્ખી رحمۃ اللہ علیہનાં અગણિત કશ્ફો કરામાતમાંથી અમુકનું વર્ણન કરવામાં આવે છે.

**(૧)** એકવાર એક ડાકૂ ગિરફતાર થયો. હાકિમે હુકમ આપ્યો કે એ ડાકૂને ફાંસી આપી દેવામાં આવે. હુકમ પામતાં જ તેને સૂળી પર લટકાવી દેવામાં આવ્યો અને ડાકૂનો સૂળી (ફાંસીના માંચડા) પર જ ઈન્તેક઼ાલ થઈ ગયો. હજી એની લાશ સૂળી પર જ હતી એવામાં એ તરફથી હઝરત મઅરૂફ કર્ખી رحمۃ اللہ علیہ પસાર થયા. લાશને સૂળી પર જોઈને આપ કાંપી ઉઠયા અને એના માટે મગફિરતની દુઆ કરવા લાગ્યા કે, હે રહમાન તથા રહીમ ! આ શખ્સે પોતાના કરતૂતોની સજા દુનિયામાં જ પામી લીધી. તું ગફૂરો રહીમ છે, જો તું એની ખતા માફ કરી દે અને દારૈન (બંને જહાન)માં તેને ઈજ્જત બખ્શી દે તો તારા બખ્શિશના ખજાનાઓમાં કમી નથી થઈ શકતી. એકાએક ગયબી અવાજ આવ્યો જેને સર્વ શહેરવાળાઓએ સાંભળ્યો કે જે કોઈ આ સૂળીવાળાની જનાઝાની નમાઝ પઢશે તે આખેરતમાં મહાન મર્તબો પામશે. આ ગયબી અવાજને સાંભળતાં જ શહેરના સર્વ લોકો ભેગા થઈ ગયા અને હાથોહાથ તેને સૂળીથી ઉતાર્યો અને સારી રીતે ગુસ્લ કફન આપીને તેની નમાઝે જનાઝા પઢી અને દફન કરી દીધો. રાતમાં એક શખ્સે ખ્વાબમાં જોયું કે ક઼યામત રચાઈ છે અને તે ડાકૂ નમાઝીઓની સાથે ત્યાં શાનદાર લિબાસ પહેરીને મૌજૂદ છે. તેને પૂછયું કે આટલી મહાન દૌલત તેને કેવી રીતે મળી ? તેણે જવાબ આપ્યો કે હઝરત મઅરૂફ કર્ખી رحمۃ اللہ علیہની દુઆ અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝતે કબૂલ ફર્માવી અને મારી બખ્શિશ કરી આપી. *(મસાલિકુસ્સાલિકીન, ૧/૨૮૮ તથા મશાઈખે ક઼ાદરિયા રઝવિય્યહ બરકાતિયા, પેજ–૧૮૦)*

**(૨)** આપ એક દિવસે એક જમાઅતની સાથે ક્યાંક જઈ રહ્યા હતા એવામાં દજલા નદીના કિનારે નવયુવાનોની એક ટોળી જોઈ જે ફિસ્કો ફુજૂર (ગુનાહો)માં પડેલી હતી. આપના સાથીઓએ કહ્યું કે હુઝૂર ! એમના માટે દુઆ કરો કે રબ તઆલા તે સર્વ બદમાશોને ડૂબાડી દે ! જેથી એમની નહૂસત ફેલાવા ન પામે. હઝરતે ફર્માવ્યું કે તમે સૌ પોતાના હાથ ઉઠાવો હું દુઆ કરૂં છું, અને તમે લોકો કેવળ આમીન કહેજો. જેથી બધાએ હાથ ઉઠાવ્યા અને આપે દુઆ કરી કે, ઈલાહી ! જે રીતે તેં આ લોકોને આ દુનિયામાં એશો ઈશ્રત (મોજ મજા)થી નવાજ્યા, એ રીતે એ જહાનમાં પણ એશો ઈશ્રત અતા ફર્માવ. આપની આ દુઆ પર આપના સાથીઓને આશ્ચર્ય થયું અને કારણ પૂછયું તો આપે કહ્યું, તમે લોકો થોડીવાર થોભો મારો હેતુ પણ જાહેર થઈ જશે. જેથી થોડીવાર પછી એ ટોળીની નજર જેવી હઝરત પર પડી તો તે લોકોએ પોતાનાં વાજાં ગાજાં તોડી નાખ્યાં અને દારૂ ફેંકી દીધો અને ચોધાર આસુંએ રડવા લાગ્યા. સર્વ લોકો આપના ક઼દમો પર પડી ગયા અને સાચા દિલથી તૌબા કરી લીધી. હઝરતે પોતાના સાથીઓને કહ્યું કે જોઈ લીધું તમે લોકોએ ?! એ જ મારો આશય હતો જે પ્રાપ્ત થઈ ગયો એ વિના કે તેઓ ગર્ક઼ થઈ જાય, અથવા એ લોકોને કોઈ તકલીફ પહોંચે. *(તઝકિરતુલ અવલિયા, પેજ–૨૦૭)*

**(૩)** હઝરતના મામા શહેરના હાકિમ હતા. એક દિવસે તે જંગલમાંથી પસાર થયા. ત્યાં પર હઝરત મઅરૂફ કર્ખી رحمۃ اللہ علیہ બેઠા બેઠા બેઠા રોટલી ખાય રહ્યા હતા અને પાસે જ બેઠેલા એક કૂતરાને રોટી ખવડાવી રહ્યા હતા. આપના મામાએ કહ્યું કે કૂતરાની પાસે શા માટે રોટી ખાય રહ્યા છો ? આપે માથુ ઉઠાવ્યું તો જોયું કે એક પક્ષી હવામાં ઉડી રહ્યું છે. તેને અવાજ

આપ્યો. પક્ષી હુકમ પામતાં જ નીચે ઉતરી આવ્યું, અને આપના હાથ પર આવીને બેસી ગયું, પણ શરમના કારણે પોતાનું મોં તથા પોતાની આંખો પોતાની પાંખો વડે છુપાવી લીધી. હઝરતે ફર્માવ્યું કે જુઓ, જે શખ્સ ખુદા તઆલાથી શરમ રાખે છે તો દરેક ચીજ તેનાથી શરમ રાખે છે. આપના મામાએ આ શાન જોઈ તો ઘણા જ શર્મિંદા થયા. *(તઝકિરતુલ અવલિયા, પેજ–૨૦૮)*

**આપના મલ્ફૂઝાત :** એ હમેશાંનો દસ્તૂર રહ્યો કે દરેક કામયાબ માણસના કથનો ઈતિહાસ પોતાના સીનામાં મેહફૂઝ રાખે છે. એ જ કાયદાનુસાર આપના મલ્ફૂઝાત પણ ઈતિહાસમાં વેડફાવા ન દીધા. નીચેના લખાણમાં આપના મલ્ફૂઝાતમાંથી અમુક વર્ણવીએ છીએ :

**(૧)** આપે ફર્માવ્યું કે યુવાન પુરૂષોની ત્રણ નિશાનીઓ છે : વાયદો પૂરો કરવો, કોઈ સ્વાર્થ વિના પ્રશંસા કરવી, અને સવાલ કર્યા વિના આપવું.

**(૨)** જીભને પ્રશંસા કરવાથી એ રીતે બચાવવી જોઈએ જેવી રીતે બુરાઈથી.

**(૩)** તસવ્વુફ નામ છે હકીકતોની પ્રાપ્તિ અને મખ્લૂકની માલ સંપત્તિથી નાઉમ્મીદીનું અને જે શખ્સ સાહિબે ફક્ર (તંગીવાળો) નથી તે તસવ્વુફવાળો નથી.

**(૪)** જન્નતની તલબ અમલ વિના ગુનોહ છે. શફાઅતનો ઈન્તેઝાર સુન્નતની હિફાઝત વિના એક પ્રકારનો ઘમંડ છે અને રહમતની ઉમ્મીદ નાફર્માનીની હાલતમાં જેહાલત તથા મૂર્ખાઈ છે.

**(૫)** ખુદા પર તવક્કુલ કરનાર મખ્લૂકના નુકસાનથી મેહફૂઝ રહે છે.

**(૬)** રંજ તથા મુસીબત આવે તો તેનો ઈલાજ તેને છુપાવવામાં જ છે.

**(૭)** મહોબ્બત તાલીમો તર્બિયતથી નહીં બલ્કે રબની અતાથી હાંસલ થાય છે.

**(૮)** એ વાતથી ડરો કે ખુદા તઆલા તમને મિસ્કીનીના લિબાસ સિવાય કોઈ અન્ય લિબાસમાં ન જુએ.

**(૯)** આંખને દરેક બાજુથી બંધ કરી લે ભલે સામે પડી હોય.

**(૧૦)** આરિફ જો કે નેઅમત નથી રાખતો તેમ છતાં તે હમશાં નેઅમતમાં જ છે. *(મસાલિકુસ્સાલિકીન, ૧/૨૯૦ તથા અવારિફુલ મઆરિફ તથા કશ્ફુલ મહજૂબ, પેજ–૧૭૩)*

**ફઝાઈલ તથા મનાકિબ :** હિલ્યતુલ અવલિયામાં મુહમ્મદ બિન ઈસ્હાકથી મરવી છે કે મેં ઓબૈદ ઈબ્ને મુહમ્મદને કહેતાં સાંભળ્યા કે એક શખ્સ શામ દેશથી મઅરૂફ કર્ખી رحمۃ اللہ علیہની પાસે આવ્યો અને સલામ પેશ કરી. જયારે તેને સલામ પેશ કરવાનું કારણ પૂછવામાં આવ્યું તો તેણે જવાબ આપ્યો કે મેં ખ્વાબમાં સાંભળ્યું કે મને કહેવામાં આવી રહ્યું છે કે મઅરૂફ કર્ખીની પાસે જાવ અને તેમને સલામ કહો, એટલા માટે મઅરૂફ કર્ખી જમીન તથા આસ્માનવાળાઓમાં મઅરૂફ છે. આ બનાવની રોશનીમાં જાણવા મળી રહ્યું છે કે આપ એટલા પ્રમાણમાં ઉચ્ચ મર્તબાવાળા હતા કે ગયબી અવાજ આપનારની તરફથી આપને સલામ મોકલવામાં આવી રહી હતી. *(હિલ્યતુલ અવલિયા, ૮/૪૦૯)*

એટલુ જ નહીં બલ્કે આપ અલ્લાહ عزوجلની બારગાહમાં એટલા પ્રમાણમાં ઉચ્ચ મર્તબાવાળા હતા કે આપના વસીલાથી માગેલી દુઆઓ રદ નથી થતી અને આપ ખુદ આ ખબર આપે આપના ભત્રીજાને પણ આપી.

આપની બુઝુર્ગીને અલ્લાહ عزوجلએ વફાત પછી પણ જાહેર કરી આપી. અહીં કેટલાક પુરાવા રજૂ કરીએ છીએ :

સિફતુસ્સુફૂતમાં નકલ થયેલ છે. અબ્દુલ્લાહ ઈબ્ને સઈદ અન્સારી એ વર્ણવ્યું છે કે મેં ખ્વાબમાં જોયું કે તે અર્શની નીચે બેસેલા છે. અલ્લાહ عزوجلએ ફરિશ્તાઓને આદેશ આપ્યો, મારા ફરિશ્તાઓ ! બતાવો ! આ કોણ છે ? ફરિશ્તા અર્ઝ કરે છે, મૌલા ! તું બેહતર જાણનાર છે. પછી અવાજ આવ્યો કે આ મઅરૂફ કર્ખી છે જેને અમારી મહબૂબિયતે બેખુદ

બનાવી દીધો છે. અને હવે મારા દીદાર વગર તેને હોશ નથી આવી શકતો. *(સિફતુસ્સુફૂત, ૨/૨૧૩, હિલ્યતુલ અવલિયા, ૮/૪૧૦)*

હઝરત મુહમ્મદહુસૈન ફર્માવે છે કે મેં આપને ખ્વાબમાં જોયા અને પૂછયું કે અલ્લાહ તઆલાએ આપની સાથે શું મામલો કર્યો ? ફર્માવ્યું કે મારી મગફિરત ફર્માવી દીધી. પછી તેમણે સવાલ કર્યો કે શું ઈબાદત તથા ઝોહદના કારણે મગફિરત થઈ ? તો ફર્માવ્યું, નહીં ! બલ્કે મેં ઈબ્ને સમાકની આ નસીહત પર અમલ કર્યો હતો કે "જે દુનિયાથી સંબંધ તોડીને અલ્લાહની તરફ ધ્યાનિત થઈ જાય (લવ લગાડે) છે તો અલ્લાહ તઆલા પણ તેના તરફ ધ્યાન કરે છે." *(તઝકિરતુલ અવલિયા, પેજ–૨૦૯)*

આપની ફઝીલતના બારામાં એ પણ મશહૂર છે કે આપ અઝાન એ શાનથી પઢતા કે જયારે أشهد أن لا إله إلا الله કહેતા તો ખૌફે ખુદાની સખ્તીથી રુંવાટી અને દાઢીના બાલ ઉભા થઈ જતા અને એટલા પ્રમાણમાં બેચૈન થઈ જતા કે જણાતુ કે આપ જમીન પર પડી જશો. ઘણી વાર મસ્જિદમાં આપની ગિર્યાઓ ઝારી (રૂદન આજીજી)ના અવાજો આવતા અને દુઆ તથા ઈસ્તિગફારમાં મશગૂલ રહેતા.

હઝરત અબ્દુલ વહહાબનો કૌલ છે કે હઝરત મઅરૂફ કર્ખી رحمۃ اللہ علیہથી વધીને દુનિયા ત્યજનાર મેં કોઈને નથી જોયો. આપના તસવ્વુફનો એ આલમ છે કે આપની કબ્રે મુકદસ મુસીબતઝદા લોકોના માટે તિર્યાક માનવામાં આવે છે. આપ સિલસિલા આલિયા કાદરિયા રઝવિય્યહના નવમા ઈમામ તથા શયખે તરીકત છે. *(કશ્ફુલ મહજૂબ, તથા મસાલિકુસ્સાલિકીન, ૧/૨૮૭)*

**આપના ખલીફાઓ** : આપના મશહૂર ખુલફાએ કિરામ જેમણે દીન તથા મઝહબની મહાન ખિદમતો અંજામ આપી તે નીચે પ્રમાણે છે :

(૧) હઝરત શયખ સર્રી સકતી (૨) હઝરત શાહ મુહમ્મદ (૩) હઝરત શાહ કાસિમ બગદાદી (૪) હઝરત ઉષ્માન મગરબી (૫) હઝરત હમ્ઝા ખુરાસાની (૬) હઝરત અબૂ નસ્ર અબરાર (૭) હઝરત શાહ મુસ્તઆની (૮) હઝરત શાહ અબૂ સઈદ (૯) હઝરત અબૂ ઈબ્રાહીમ દાઊદી (૧૦) હઝરત શાહ અબુલ હસન હારૂની (૧૧) હઝરત શાહ જઅફર ખલીદી (૧૨) હઝરત શાહ મુહમ્મદ રૂમી (૧૩) હઝરત શાહ મન્સૂર આરિફ અબૂ કાતિબ (૧૪) હઝરત શાહ અબ્દુલહક્ક હક્કાઈક આગાહ (૧૫) હઝરત શાહ અલી ઓદબારી رضوان اللہ تعالیٰ علیہم اجمعین *(શજરતુલ કામિલીન, પેજ–૧૨૮ તથા મશાઈખે કાદરિયા, પેજ–૧૮૦)*

**વિસાલ** : આપનો વિસાલ ૨–મુહર્રમ જુમ્આ અથવા રવિવારે ખલીફા મામૂન રશીદના યુગમાં થયો (સિફતુસ્સુફૂત, ૨/૨૧૪) વફાતની સનના બારામાં ત્રણ કથનો છે : હિ.સ. ૨૦૧, હિ.સ. ૨૦૪, હિ.સ. ૨૦૦. તેમને મુજદ્દિદ કહેનારાઓની નજીક શરૂના બેમાંથી કોઈ એક રાજેહ

**કફન દફનવિધિ** : નકલ થયેલ છે કે જયારે આપનો વિસાલ થયો તો સર્વ ધર્મવાળાઓએ દાવો કર્યો કે અમે આપનો જનાઝો ઉઠાવીશું. એ જોઈને આપના એક ખાદિમે બતાવ્યું કે આપની એ વસિયત હતી કે જે ધર્મના લોકો જમીનથી મારો જનાઝો ઉઠાવી લે તે જ દફન પણ કરે. જેથી મુસલમાનો સિવાય કોઈનાથી પણ આપનો જનાઝો ન ઉઠી શક્યો અને ઈસ્લામી અહકામ પ્રમાણે આપના કફન દફનની વિધિ થઈ. *(અવારિફુલ મઆરિફ, પેજ–૬૫૧, ખઝીનતુલ અસ્ફિયા–૧/૭૭)*

**મઝારે અકદસ** : આપનુ મઝારે મુકદસ બગદાદ શરીફમાં લોકો માટે ઝિયારતગાહ બનેલુ છે. આપના મઝારે મુકદસના બારામાં ખતીબ બગદાદી ફર્માવે છે કે હઝરત મઅરૂફ કર્ખી رحمۃ اللہ علیہનું મુકદસ મઝાર હાજતો પૂરી થવા માટે અજમાયેલું છે. હઝરત સર્રી સકતી رحمۃ اللہ علیہ ફર્માવે છે, જયારે તને કોઈ હાજત ઉભી થાય તો કસમ આપ કે હે રબ ! બહક્કે મઅરૂફ કર્ખી મારી હાજત પૂરી કર ! તો એ જ વખતે દુઆ કબૂલ થઈ જશે. *(તારીખુલ બગદાદ લિલ્ ખતીબ, મસાલિકુસ્સાલિકીન, પેજ–૨૮૬)*

www.barkatekhwaja.net

# પાંચ નબવી નસીહતો

**લેખક : હઝરત મૌલાના મુહમ્મદ શાકિર નૂરી**
*(અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી-મુંબઈ)*
**અનુવાદક : હાફિઝ મુહમ્મદસજ્જાદ પટેલ-દયાદરા**

## ★ હુઝૂર ﷺના આરામનો ખયાલ ★

સહાબાએ કિરામ સફર અને હજર (મકામ)માં રસૂલુલ્લાહ ﷺની હિફાઝતનો ખાસ ખયાલ રાખતા હતા. એક સફરના મોકા પર એક જગ્યાએ રોકયા તો રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે પાણીની વ્યવસ્થા કરી લો, નહીં તો સવારમાં તકલીફ ઉઠાવવી પડશે. જેથી લોકો પાણીની શોધમાં આમતેમ નીકળી ગયા. રસૂલુલ્લાહ ﷺ પોતાની ઊંટ પર તશરીફ રાખેલા હતા એવામાં ઊંઘ આવી, આપ સૂઈ ગયા. હઝરત અબૂ કતાદા رضی اللہ عنہ સાચવણી માટે પાસે બેસી રહ્યા અને હુઝૂર ﷺ ઊંઘમાં જે બાજુ ઝુકતા અબૂ કતાદા એ તરફ સહારો આપી દેતા જેથી હુઝૂર ﷺના આરામમાં ખલેલ ન પડે. એકવાર જો સહારો આપ્યો તો હુઝૂરની આંખ ખુલી ગઈ અને આપે ફર્માવ્યું, અબૂ કતાદા ! તમે ક્યારથી મારી સાથે છો ? તેમણે જવાબ આપ્યો સાંજથી. આપ ﷺએ ફર્માવ્યું, અલ્લાહ તમારી હિફાઝત કરે જેવી રીતે તમે તેના રસૂલની હિફાઝત કરી છે. *(મુસ્નદે અહમદ ઈબ્ને હંબલ, ૫/૨૯૮)*

હઝરત અનસ رضی اللہ عنہ આઠ દસ વરસની ઉમરમાં નબીએ કરીમ علیہ الصلوٰۃ والسلامની ખિદમત માટે રાખવામાં આવ્યા પરંતુ એ નાની કુમળી વયના છતાં આપ નબી ﷺ પર પરવાના જેમ ફિદા હતા. અને ખૂબ જ મહોબ્બત અને ઈખ્લાસ સાથે પોતાની ફર્ઝો અદા કરતા હતા, ત્યાં સુધી કે ફજરની નમાઝ પહેલાં ઉઠી મસ્જિદે નબવીમાં પહોંચતા અને હુઝૂર ﷺના આવતા પહેલાં હુઝૂર ﷺ માટે પાણી વગેરેની વ્યવસ્થા કરી હાજર રહેતા. *(સિયરે અન્સાર, ૧/૧૬૮, ૧૬૯)*

હઝરત અબૂ તલ્હા رضی اللہ عنہએ ૨૦ વરસની ઉમરમાં ઈસ્લામ કૃબૂલ કર્યો હતો. જંગે ઉહદમાં જ્યારે કેટલાક મુસલમાનોની ભૂલને કારણે કાફિરોએ બીજીવાર હુમ્લો કર્યો તો નબીએ કરીમ علیہ الصلوٰۃ والسلامની આસપાસ ખૂબ જ ઓછા આદમી રહી ગયા હતા. હઝરત તલ્હાએ તે સમયે ખૂબ જ હિંમત અને જાંનિષારીનો જઝબો પેશ કર્યો અને પોતાની જાન પર ખેલીને હુઝૂર ﷺની હિફાઝત કરતા રહ્યા. દુશ્મન તરફથી જે તીર આવતુ તેને પોતાના એક હાથથી રોકતા હતા અને જ્યારે ભાલો આવીને લાગતો તો હાથને આમ તેમ હલાવવો તો દૂર રહ્યું, મોઢાથી ઉફ પણ ન કરતા હતા, ક્યાંક એવું ન થાય કે કોઈ હરકત થાય અને હાથ સામેથી હટી જાય અને કોઈ રીતે રસૂલે કરીમ ﷺને તકલીફ પહોંચી જાય. આપે એક હાથ પર એવાં તીર ખાધાં કે તે બિલકુલ સુન થઈ ગયો !

જંગે બદરમાં રસૂલુલ્લાહ ﷺએ અલ્લાહના ઈર્શાદને ધ્યાનમાં રાખીને સહાબાએ કિરામને એ ખબર આપી ન હતી કે સાચે જ કોઈ જંગ થવાની છે. જ્યારે મદીનાથી બહાર આવી ગયા તો સહાબાએ કિરામને ભેગા કરી તેમને બધી હાલતો બતાવી અને તેમનાથી સલાહ લીધી કે હવે આપણે શું કરવું જોઈએ. વધુ પડતા સહાબાએ જોશ ભરી તકરીરો કરી અને કહ્યું કે અમારો માલ અને અમારી જાન બધુ અલ્લાહની રાહમાં હાજર છે, અમે દરેક સમયે અને દરેક મેદાનમાં ખિદમત આપવા તૈયાર છીએ. પરંતુ રસૂલુલ્લાહ ﷺએ ફરી ફર્માવ્યું કે સલાહ આપો ! શું કરવું જોઈએ ? વધુ એક સહાબી હઝરત મિકદાર બિન અસ્વદે ખૂબ જ પૂરજોશ તકરીર કરતાં કહ્યું, યા રસૂલલ્લાહ ! ﷺ અમે હઝરત મૂસાના સહાબાની જેમ એવું નહીં કહીએ કે, જાવ ! તમે અને તમારો

રબ લડો ! અમે અહીંયા બેસીએ છીએ. બલ્કે આપ જ્યાં પણ ચાહો અમને લઈ જાવ અમે તમારી ડાબી અને જમણી બાજુ લડીશું, આગળ લડીશું પાછળ લડીશું, અને દુશ્મન તમારા સુધી નહીં પહોંચી શકે, ત્યાં સુધી કે અમારી લાશો પરથી પસાર ન થાય. પરંતુ આ તકરીરો છતાંય રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે લોકો ! સલાહ આપો ! શું કરવું જોઈએ ?! આના પર એક અન્સારી હઝરત સઅદ બિન મઆઝે કહ્યું કે, યા રસૂલલ્લાહ ﷺ ! કદાચ આપનું સંબોધન અમારી બાજુ છે, અને વાત પણ હક઼ીક઼તમાં એ જ હતી. અંસારી સાથે વાયદો પણ એ હતો કે મદીનામાં હુમલો થવાની સ્થિતિમાં એ બચાવ કરશે અને હવે મદીનાની બહાર જંગ થવાની શક્યતા હતી. રસૂલુલ્લાહ ﷺને આ વાયદાનો ખૂબ ખયાલ હતો, અને આપ ચાહતા ન હતા કે અંસારને એનાથી વધારે મજબૂર કરું જેટલી જવાબદારી ઉઠાવવાનો તેમણે વાયદો કર્યો હતો. એટલા માટે આપ અંસારનો મશ્વેરો (સલાહ) જાણવા માગતા હતા. હઝરત સઅદે અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ ખુદાની ક઼સમ ! વાયદાનુ શું કહેવું ! એ તો ત્યાં સુધી હતો કે જ્યારે અમને તમારી પૂરી પહેચાન ન હતી, હવે તો અમે તમને જાતે જોઈ ચૂક્યા છીએ એટલા માટે તમે જ્યાં કહેશો ત્યાં આપની સાથે આવીશું, અને ક઼સમ છે એ જાતની જેણે તમને સચ્ચાઈ સાથે મોકલ્યા, જો તમે અમને સમદરમાં કૂદવાનું કહો તો અમારામાંથી એક પણ પાછો નહીં હટે. *(સીરતુલ ઈબ્ને હિશામ, ઝિક્રે ગઝવએ બદર)*

પહેલા પણ એ વર્ણન કરી દેવામાં આવ્યું છે કે સહાબાએ કિરામ રસૂલુલ્લાહ ﷺની હિફાઝતનો ખાસ ખયાલ રાખતા હતા. ઓહદની જંગમાં તે ખાસ નાઝુક સમયે જે લોકોએ પોતાની જાન પર ખેલીને પોતાના મહેબૂબ ﷺની હિફાઝતની સઆદત હાંસલ કરી તેમાં એક હઝરત અબ્દુર્રહમાન બિન ઔફ હતા. આ જંગમાં આપના શરીર પર ૨૦ ઘા લાગ્યા, પરંતુ આપે પગ પાછા ન હટાવ્યા. પગમાં એક એવો ઘા થયો હતો કે તે ઘા ભરાઈ જવા છતાંય તેની અસર કાયમ રહી અને હમેશાં માટે પગ લંગડો થઈ ગયો હતો. રસૂલુલ્લાહ ﷺ જ્યારે પણ બહાર તશરીફ લઈ જતા તો વધારે પડતા હઝરત અબ્દુર્રહમાન પણ પાછળ પાછળ થઈ જતા હતા. એક રણમાં પહોંચીને હુઝૂર ﷺ સજદામાં જતા રહ્યા અને એટલો લાંબો સજદો કર્યો કે હઝરત અબ્દુર્રહમાનને ખ્યાલ આવ્યો કે કદાચ રૂહે પાક નીકળી ગઈ ! મહોબ્બતના કારણે આ ખયાલ આવતાં જ બેતાબ (બેચૈન) થઈ ગયા અને ગભરાઈને નઝદીક આવ્યા. પગરવ સાંભળીને નબીએ પાક علیہ الصلوٰۃ والسلامએ માથુ મુબારક ઉઠાવ્યું અને પૂછ્યું કે શું વાત છે ? હઝરત અબ્દુર્રહમાને પોતે ગભરાઈ જવાનું કારણ બતાવ્યું, તો રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે આ શુક્રનો સજદો હતો, કેમ કે અલ્લાહ તઆલાએ મારાથી ફર્માવ્યું કે જે શખ્સ મારા પર દુરૂદ મોકલશે તે ખુદ (અલ્લાહ તઆલા) તેના પર દુરૂદ મોકલશે.

*(મુસ્નદે અહમદ બિન હંબલ, ૧/૧૯૧)*

હઝરત ઝૈદ બિન હારિષ જે એક સારા ખાનદાનના બાળક હતા પરંતુ સંજોગ એવો થયો કે ડાકૂઓના એક ગૃપે બાળપણમાં જ તેમની આઝાદીને છીનવી લઈ તેમને ઈકાઝના બજારમાં વેચવા માટે લઈ ગયા. જ્યાં હકીમ બિન હિઝામે ખરીદીને પોતાની ફોઈ હઝરત ખદીજાની સામે પેશ કર્યા, અને આ રીતે આપ રસૂલુલ્લાહ ﷺની પાસે પહોંચ્યા.

એકવાર તેમના કુટુંબના કેટલાક લોકો હજજના સમયે મક્કામાં આવ્યા તો તેમને ઓળખી લીધા અને જઈને તેમના પિતાને ખબર કરી જેના પર પિતાનુ ખુશ થવું એ વ્યાજબી વાત છે. જેથી તેઓ પોતાના ભાઈઓને સાથે લઈ મક્કા પહોંચ્યા અને રસૂલુલ્લાહ ﷺથી ખૂબ

www.barkatekhwaja.net

જ કાકલૂદી કરી કહ્યું કે, મારા પુત્રને આઝાદ કરી દો અને જે ફિદિયો ચાહો તે લઈ લો ! રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે ફિદિયાની જરૂરત નથી, ઝૈદને બોલાવીને પૂછી લેવામાં આવે, જો તે જવા ચાહે તો મને કોઈ વાંધો નથી.

હઝરત ઝૈદને બોલાવવામાં આવ્યા. રસૂલુલ્લાહ ﷺએ તેમનાથી પૂછયું કે શું તું આ લોકોને જાણે છે ? તેમણે જવાબ આપ્યો કે હા ! આ મારા પિતા અને કાકા છે. રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, જો તમે આ લોકો સાથે જવા માગતા હોવ તો જઈ શકો છો. દરેક શખ્સ અંદાજો લગાડી શકે છે કે બાળપણમાં જ માતા પિતા, નજીકના સગાવહાલાઓથી દૂર થઈ ગયા પછી, આ લાંબા સમયની માયૂસી પછી જ્યારે પાછા તેમને મળવાનો મોકો મળે અને પછી પોતાના પ્યારા વતનમાં જઈ મા બાપ, ભાઈ, બહેન, અને સગાં વહાલાં, દોસ્તો અને બાળપણના સાથીઓ સાથે આઝાદીથી મળવા જવાની કોઈ અડચણ ન હોય તો તેના જઝબાત તે સમયે કેવા હોય શકે છે ?! સામે પિતા અને કાકા ઉભા હતા અને એ યક઼ીન સાથે તેમનાં દિલ ભરેલાં હતાં કે અમારો છોકરો હવે અમારી સાથે આવશે, જુદાઈની સબ્ર અને પરીક્ષા પૂરી થવાની છે, અને પછી એની કોઈ શક્યતા પણ નહીં હોય, તે આખી જિંદગી અમારી પાસે જ રહેશે. તેઓ એવું વિચારી પણ શક્તા ન હતા કે જ્યારે ઝૈદને રસૂલુલ્લાહ ﷺ જવાની છૂટ આપી રહ્યા છે તો તેને તેમાં કોઈ ખચકાટ હોઈ શકે છે. પરંતુ હઝરત ઝૈદએ જવાબ આપ્યો કે, હું હુઝૂર પર કોઈને મહત્વ ન આપી શકું ! તમે જ મારા માતા અને પિતા છો, તમારો દર છોડી હું ક્યાંય જવા નથી માગતો. આ જવાબ સાંભળીને તેમના પિતા અને કાકા ખૂબ જ આશ્ચર્યમાં પડી ગયા, અને તેમણે કહ્યું, શું તું અમારા કરતા ગુલામીને મહત્વ આપે છે ?! હઝરત ઝૈદે કહ્યું કે, હા ! મને આ ઝાતે પાકમાં એ ખૂબીઓ જોવા મળી છે કે તેમના પર હું કોઈને મહત્વ આપી શકતો નથી. *(શરહે ઝુર્ક઼ાની, અલ ફસ્લુલ ખામિસ વગેરે સીરતની કિતાબો)*

હે મિલ્લતના નૌજવાનો ! રસૂલે અકરમ તાજદારે મદીના ﷺથી અતૂટ મહોબ્બત કરો, તેમની જ મહોબ્બત દુનિયા તથા આખિરતમાં કામ આવશે. પોતે પોતાની જાતને ગૈર છોકરીઓની મહોબ્બતથી બચાવો, કેમ કે એ તમારી દુનિયા અને આખેરત બંને તબાહ થવાનો સબબ બની શકે છે.

## ★ બદરની જંગમાં નવજવાનોની કિરદાર ★

મુસલમાનો અને કાફિરો વચ્ચે જે પહેલી જંગ થઈ તેનું નામ જંગે બદર છે. કાફિરોએ આ જંગ મુસલમાનો પર જબરદસ્તીથી લાદી હતી. તેઓ એવું ચાહતા ન હતા કે ફક્ત એક સાચા મઅબૂદની ઈબાદત થાય, તેઓ ફક્ત એવું ચાહતા હતા કે મક્કામાં મૂર્તિઓની પૂજા બંધ ન થાય અને આખા અરબની ક઼ૌમ મૂર્તિપૂજક રહે, કેમ કે તે જ તેમના બાપ દાદાઓનો મઝહબ હતો. તૌહીદની દા'વત આપવાને કારણે તેઓ મુસલમાનોના ખૂનના પ્યાસા થઈ ગયા. આવી હાલત જોઈને હુઝૂર નબીએ રહ્‌મત ﷺએ અલ્લાહના હુકમથી મુસ્લિમ ઉમ્મતને હિજરત કરવાનો હુકમ આપ્યો. જેથી મક્કાથી તમામ મુસલમાનો હિજરત કરી મદીના પહોંચી ગયા. મદીના પહોંચીને પણ કાફિરોએ મુસલમાનોનેં ચેનથી ન રહેવા દીધા. અને તેમને નવી જમીન પર જવાને બે વર્ષ પણ પસાર ન થયાં હતાં કે મક્કાના કાફિરોએ મુસલમાનોની વસાહત પર હુમલો કરી દીધો.

હઝરત અનસ رضی اللہ عنہનું બયાન છે કે નબીએ કરીમ علیہ الصلوٰۃ والسلامએ લોકોને જંગ માટે તૈયાર કર્યા. ઐતિહાસિક રિવાયતો મુજબ મુસલમાનોનો કાફલો જેમાં સંખ્યા ૩૧૩ હતી, તેમાં અન્સાર અને મુહાજિરીન પણ ભેગા હતા. અને કબીલાઓમાં

અવસ અને ખઝરજ પણ સામેલ હતા. આ કાફલાની સાથે ૬૦ ઊંટ, ૩ ઘોડા, ૬૦ બખ્તર અને થોડી તલવારો હતી. જ્યારે કે દુશ્મનોની સંખ્યા એક હજાર હતી અને તેઓ દરેક રીતે સજ્જ હતા. તેમની પાસે ૭૦૦ બખ્તરો, ૭૦ ઘોડાઓ, અસંખ્ય, બે હિસાબ તલવારો અને ભાલાઓ હતા. આ કાફિરો અબૂ સુફયાનની સરદારીમાં આવ્યા હતા. અને આ બંને ફૌજનો આમનો સામનો ૧૭ રમઝાન મુબારકમાં ૨ હિ.સ. બદરના મકામે થયો. ૩૧૩ મુસલમાનોનું આ નાનુ લશ્કર આ જંગમાં જે જોશ અને ખરોશ સાથે લડયું એ જોવા લાયક હતું ! તેમણે પોતાનાથી ત્રણ ઘણા લશ્કરને એક જ દિવસમાં હરાવી દીધુ.

*(અઝ : સીરતે મુસ્તફા ﷺ, તેમજ અન્ય કિતાબો)*

## ★ નૌજવાનો માટે કેટલીક માર્ગદર્શક વાતો ★

- ❑ નૌજવાનો પોતાની જિંદગીના મકસદને ઓળખે.
- ❑ અલ્લાહ અને રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ ની મહોબ્બત અને ઈતાઅતમાં જિંદગી પસાર કરવાનો પાકો ઈરાદો કરે.
- ❑ દરેક હાલતમાં અલ્લાહ عزوجل ની મદદ પર યકીન રાખે અને વસવસા અને માયૂસીથી બચે.
- ❑ દરરોજ પોતાના ઝમીરની અદાલતમાં પોતાનો હિસાબ કરે.
- ❑ જિંદગીના દરેક મામલાઓમાં ઈન્સાફ કરે. સમય, મહેનત, શિક્ષણ, ફર્ઝો, ઈબાદતો, મામલાઓ, દરેક હક્ક જે મુસલમાનો પર લાગુ પડે છે તેમાં ઈન્સાફ કરે.
- ❑ આપણા કામયાબ અસ્લાફ (પૂર્વજ બુઝુર્ગ)ને પોતાનો આઈડિયલ બનાવે, નબીએ કરીમ ﷺની ઝાતે અક્દસ સૌથી મોટી આઈડિયલ છે. અને બીજા સલફે સાલેહીન (પૂર્વજ બુઝુર્ગો)ની જિંદગીને પોતાનો નમૂનો બનાવે.
- ❑ પોતાની આસપાસની દુનિયા, તેમાં જોવામાં આવતાં રહસ્યો તથા રાઝો અને હકીક્ ચિંતન મનન કરે.
- ❑ પોતાનો અમલ પોતાની વાણી પ્રમાણે કરે. વાણી તથા વર્તનમાં વિરોધાભાસ ન થવા પામે.
- ❑ દા'વત તથા તબ્લીગ કરે, ઈલ્મ હાંસલ કરવાનું ન છોડે, બલ્કે દીનની તબ્લીગ માટે ઈલ્મી, ફિક્રી લાયકાતો વધારવી મહત્વના હેતુઓમાંથી છે.
- ❑ પોતાના બયાન (સ્પીચ)ની પદ્ધતિ બેહતર બનાવે, તેમજ આપના પ્રવચનમાં દલીલો, સાબિતીઓ અને પુખ્તગી હોય.
- ❑ ફુરસદના સમયોમાં પોતાના ઘરોમાં મજલિસોનું આયોજન કરે જેમાં સગાં, દોસ્તો સાથે વર્તમાન હાલતના વિષયો પર ચર્ચાઓ કરે.
- ❑ ખ્યાતિ હાંસલ કરવાની અને અમીર બનવાની યોજના ન કરે, બલ્કે સારા મુસલમાન બને તો આપોઆપ કામયાબ થઈ જશે.
- ❑ આપના મસાઈલ ચાહે તા'લીમી, માન્યતાને લગતા, સામાજિક, આર્થિક અથવા રાજનૈતિક હોય તેને ઈસ્લામ ધર્મની રોશનીમાં હલ કરવાની કોશિશ કરે.
- ❑ વર્તમાનકાળ મીડિયાનો કાળ છે, શરઈ હદોમાં રહીને એના ઝરીયા દીનની દા'વત તથા પ્રચાર પ્રસાર પર ધ્યાન આપે અને બેકાર કામોથી બચીને સમય તથા નફ્સની હિફાઝત કરે.
- ❑ આઝાદીના નામ પર બેહયાઈથી બચે, ન દીને ઈસ્લામમાં એવી આઝાદીને અવકાશ છે અને ન એવી બેહયાઈને. પાકદામની અને હયાનો માર્ગ અપનાવે. ....*(ક્રમશઃ)*

www.barkatekhwaja.net

# રૂહાનિયત તથા તસવ્વુફના વિષય પર વિશ્વ વિખ્યાત મક઼બૂલ કૃતિ

# કશ્ફુલ મહજૂબ

**(તસવ્વુફનાં રહસ્યો ખોલનાર કિતાબ)**

**ફારસી લેખક :** વલીયે કામિલ હઝરત મખ્દૂમ સૈયદ અલી હજવૈરી **દાતા ગંજબખ્શ લાહોરી** رحمۃ اللہ علیہ

**ઉર્દૂ અનુવાદક : મુફતી ગુલામ મુઈનુદ્દીન નઈમી**

**ગુજરાતી અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી**

*الحمد للہ આ લેખમાળા શરૂ કરતાં હું નાચીઝ ગુનેહગાર અલ્પજ્ઞાની ખુશી અનુભવું છું કે એક મહાન બુઝુર્ગની કૃતિને વાંચકો સમક્ષ રજૂ કરી રહ્યો છું. હઝરત દાતા ગંજબખ્શ લાહોરી رحمۃ اللہ علیہ ખૂબ જ પાયાના બુઝુર્ગોમાંથી છે. આપની વિશેષ શાન હાલ રજૂ કરી શકતા નથી પણ કેવળ એટલું જ કહેવું પૂરતુ સમજું છું કે, ''આ તે મહાન બુઝુર્ગ છે જેમના આસ્તાના પર સુલ્તાનુલ હિંદ, હઝરત ખ્વાજા મુઈનુદ્દીન હસન સંજરી ચિશ્તી رحمۃ اللہ علیہ જેવા બુઝુર્ગે અજમેર શરીફ આવતા પહેલાં ચાલીસ દિવસનો ચિલ્લો કર્યો હતો અને ત્યાંથી રૂહાની ફયઝ પામ્યા હતા. તો ત્યાંથી વિદાય વેળા ખ્વાજા સાહબે હઝરત દાતા ગંજબખ્શ رحمۃ اللہ علیہ વિશે ફર્માવ્યું કે :–*

*ગંજબખ્શ ફયઝે આ'લમ – મઝહરે નૂરે ખુદા*
*નાકિસારા પીરે કામિલ–કામિલારા રહનુમા*

*એવા મહાન બુઝુર્ગ હઝરત દાતા ગંજ ગંજબખ્શની તસવ્વુફના વિષયે રહનુમા કિતાબ ''કશ્ફુલ મહજૂબ'' વિશે ખૂબ જ સંક્ષિપ્તમાં જાણીએ પછી આગળ વધીશું. ઈન્શાઅલ્લાહ ! –તંત્રી*

### ★ કશ્ફુલ મહજૂબ વિશે જાણવા જેવું ★

શયખ મુહમ્મદ ઈકરામ મર્હૂમ ઘણા જ યક઼ીનપૂર્વક તારીખે મિલ્લીમાં ''અલી હજવૈરી લાહોરી''ના વિષયે લખે છે કે, ''ફારસી ગદ્યની સૌ પ્રથમ ધાર્મિક કિતાબ જે અખંડ ભારતમાં પૂર્ણતાએ પહોંચી તે ''કશ્ફુલ મહજૂબ'' છે અને હઝરત દાતા ગંજબખ્શ અલી હજવૈરી رحمۃ اللہ علیہએ કુત્બુલ ઈસ્લામ લાહોરમાં સંપૂર્ણ કરી. (તારીખે મિલ્લી) સારાંશ ''કશ્ફુલ મહજૂબ'' પોતાના વિષય અને ચર્ચાઓના એતબારથી જેટલા પ્રમાણમાં ઉચ્ચ કક્ષાની કિતાબ છે તે તારીફ તથા પ્રશંસાથી પર છે. હઝરત ખ્વાજા નિઝામુદ્દીન અવલિયા رحمۃ اللہ علیہનો ઈર્શાદે ગિરામી એના અનુસંધાનમાં જુઓ. ફર્માવે છે : **''કોઈનો પીર ન હોય તો એવો શખ્સ જ્યારે આ કિતાબનો અભ્યાસ કરશે તો તેને કામિલ પીર મળી જશે.''** મેં આ કિતાબનો સંપૂર્ણ અભ્યાસ કર્યો છે. અને એ હક઼ીક઼ત પણ છે કે કશ્ફુલ મહજૂબ આપની એવી કૃતિ છે જેના કારણે આજે પણ કશ્ફુલ મહજૂબની કદર એટલી છે જેટલી આજથી નવસો વરસ પહેલાં હતી.

''કશ્ફુલ મહજૂબ''ના બારામાં ઈસ્લામી સંસ્કૃતિના મશહૂર ઈતિહાસકાર શયખ મુહમ્મદ અકરમ મર્હૂમ કહે છે કે : ''આ કિતાબ આપે આપના દોસ્ત અબૂ સઈદ હજવૈરી જે પોતાની સાથે ગઝની છોડીને લાહોર આવ્યા હતા તેમની ખ્વાહિશ પર લખી અને એમાં તસવ્વુફના તરીક઼ાની તેહક઼ીક઼ તસવ્વુફવાળાઓના મક઼ામોની કૈફિયત, તેમના અક઼વાલ (કથનો) અને સૂફિયાના વર્ગોનું વર્ણન, સમકાલિન સૂફીઓના રહસ્યો તથા નિર્દેશો અને સંબંધિત મુબાહ ચીજો વિશે વર્ણન કર્યું છે. તરીક઼તવાળાઓમાં આ કિતાબનો ઘણો મર્તબો છે.'' *(આબે કૌષર)*

''કશ્ફુલ મહજૂબ'' પ્રોફેસર ખલીક઼ નિઝામી આ

www.barkatekhwaja.net

શબ્દોમાં સમીક્ષા કરે છે : "શયખ હજવૈરીની આ કિતાબે એક તરફ તો તસવ્વુફના સંબંધે અવામની ગલતફહમીઓ દૂર કરી અને બીજી તરફ તેની પ્રગતિના માર્ગો ખોલી આપ્યા. *(તારીખે મશાઈખે ચિશ્ત)*

કશ્ફુલ મહજૂબની લોકપ્રિયતાનો અંદાઝો આના પરથી કરી શકાય છે કે સૂફિયાએ કિરામના મશ્હૂર વર્ણનકર્તાઓ દા.ત. ખ્વાજા ફરીદ અત્તાર, હઝરત મૌલાના જામી નફખાતુલ ઉન્સના લેખક, હઝરત ખ્વાજા મુહમ્મદ પારસા સાહબ ફઝલુલ ખત્તાબ અને ખ્વાજા બંદાનવાઝ ગેસૂ દરાઝ رحمۃ اللہ علیہم اجمعین એ પોતાના વર્ણનમાં અને કિતાબોમાં કશ્ફૂલ મહજૂબથી ઈસ્તેફાદા કર્યો (લાભ ઉઠાવ્યો) છે અને તસવ્વુફના મશાઈખોના હાલાત એનાથી લીધા છે. આપના કથનો અને આપની તેહક઼ીક઼ને સનદ રૂપે પેશ કરેલ છે.

કશ્ફુલ મહજૂબમાં જે તરીક઼તના રહસ્યો અને જે મઅરેફતની હક઼ીક઼તને મુન્કશિફ કરવામાં (ખોલવામાં) આવેલ છે એનો પાયો હઝરત દાતા સાહબ رحمۃ اللہ علیہ ને પોતાના મુકાશિફાત (કશ્ફો) પર નથી રાખ્યો બલ્કે એનો માખઝ કુર્આન તથા સુન્નતને ઠરાવેલ છે અથવા દુન્યાએ ઈરફાનની મુસ્તનદ કિતાબો છે જેનો ઝિક્ર કશ્ફુલ મહજૂબમાં આપે કર્યો છે, અને આ જ એની ક઼બૂલિયતનું રાઝ છે કે આપના બાદના તરીક઼તના બુઝુર્ગો અને તસવ્વુફવાળાઓ માટે આ કિતાબ હમેશાં માખઝ (આધાર)નું કામ આપતી રહી છે. કશ્ફુલ મહજૂબના કર્તા જે મસ્અલો પર ક઼લમ ઉઠાવે છે તો પ્રથમ આપ કુર્આને હકીમ તથા નબવી ઈર્શાદોથી એની સનદ લાવે છે, પછી એની દલીલ આષાર તથા અખ્બાર (બુઝુર્ગોના કથનો ખબરો)થી કરે છે, જો તે આ દલીલોમાં કામયાબ નથી થતા તો અકાબીરો તસવ્વુફવાળાઓને ત્યાં તેની સનદ તલાશ કરે છે. આપ કશ્ફુલ મહજૂબનો તર્જુમો જુઓ તો આપને ખુદ લેખક رحمۃ اللہ علیہ તરફથી એ આધારો તથા શ્રોતોનો નિર્દેશ મળશે.

આવો ! હવે આટલી જરૂરી માહિતી બાદ મૂળ કિતાબનો અભ્યાસ શરૂ કરી દઈએ અને તેના ફયઝાનથી માલામાલ થઈએ.

## ★ કશ્ફુલ મહજૂબ ★

نَحْمَدُہٗ وَ نُصَلِّی عَلٰی رَسُوْلِہِ الْکَرِیْمِ

હે અમારા રબ ! તારી બારગાહથી અમારા પર રહ઼મતો નાઝિલ ફર્માવ અને અમારા મામલામાં અમને સીધા માર્ગની તૌફીક઼ અતા ફર્માવ. અલ્લાહ તઆલા જ દરેક ખૂબીને પાત્ર છે જેણે પોતાના અવલિયા પર પોતાની બાદશાહતના રહસ્યો ખોલ્યાં અને પોતાના અસ્ફિયા (વલીઓ) માટે પોતાની ખશિય્યત તથા જબરૂત (ખૌફ તથા બુઝુર્ગી)નાં રહસ્યો ખોલ્યાં અને પોતાની અઝમત તથા જલાલની તલ્વાર વડે મહબૂબોનું લોહી વહાવ્યું અને આરિફોને પોતાના વિસાલ (મિલન)ની ચાસણીની મજા ચખાડી. તે જ પોતાની બેનિયાઝી અને કિબ્રિયાઈના અન્વારના ઈદરાકથી મુર્દા દિલોને જિંદગી અર્પણ કરે છે અને પોતાના નામો સાથે મઅરેફતે ઈલાહીની ખુશ્બુથી તેમને લુત્ફ (લિજ્જત) ઉઠાવવાના મોકાઓ પૂરા પાડે છે. અલ્લાહ તઆલાના રસૂલ મુહમ્મદ મુસ્તફા صلی اللہ علیہ وسلم અને તેમની આલ તથા સહાબા અને અઝવાજે મુતહ્હરાત (પાક બીવીઓ) પર હમેશાં હમેશાં દુરૂદો સલામ નાઝિલ થાય.

## ★ પ્રાસ્તાવિક ★

હે હક઼ીક઼તની રાહના તાલિબ ! અલ્લાહ બંને જહાનની સઆદતમંદી (નેક નસીબી) નસીબ કરે, જ્યારે તમે મને તમારા સવાલ થકી આ કિતાબની દરખાસ્ત કરી તો મેં ઈસ્તેખારા કર્યો અને ખુદને દિલી વારદાત અને બાતિની ઈલ્ક઼ાના હવાલે કરી દીધો. (જ્યારે ઈસ્તેખારામાં રબનો હુકમ મળી ગયો) તો મેં તમારા હેતુ પાર પાડવા માટે આ કિતાબ લખવાનો

www.barkatekhwaja.net

પાકો નિશ્ચય કરી લીધો અને આ લખેલાનું નામ ''કશ્ફુલ મહજૂબ'' રાખ્યું. ઉમ્મીદ છે સમજ તથા દૃષ્ટિ ધરાવનારાઓ આ કિતાબમાં પોતાના સવાલોના જવાબ કમાલની કક્ષાના (સંપૂર્ણપણે) પામશે. ત્યારબાદ અલ્લાહ તઆલાથી મદદ અને તૌફીક઼ની દુઆ છે કે તે આ લખાણને કમાલોથી ભરપુર કરવાની મદદ ફર્માવે, બયાન તથા લખાણના પ્રદર્શનમાં પોતાની શક્તિ તથા તાક઼ત પર વિશ્વાસ તથા ભરોસો કરવો દુરુસ્ત નથી. وَبِاللّٰہِ التَّوْفِیْق

## ★ પોતાનુ નામ લખવાનુ કારણ ★

શરૂમાં જે મારું નામ લખ્યું છે તેનાં બે કારણો છે : એક કારણ ખાસ હઝરાતના માટે છે, અને બીજુ કારણ આમ લોકો માટે છે. પણ જે કારણ આમ લોકો માટે છે કે જ્યારે આ ઈલ્મથી અજાણ નાવાકેફ કોઈ એવી નવી કિતાબ જુએ છે અને એમાં લેખકનું નામ કોઈ જગાએ જોવા નથી મળતુ તો તે કિતાબને પોતાના તરફથી સંબંધિત કરી લે છે (કે આ કિતાબ મારી લખેલી છે !) જેનાથી લેખકનો હેતુ બેકાર થઈ જાય છે. જ્યારે કે **લેખકના સંપાદન લેખનનો મક઼સદ એ જ હોય છે કે એ કિતાબ થકી એનું નામ ઝિંદા તથા પાઇંદા રહે અને વાંચનારાઓ હક઼્ક઼ના તલબગારો લેખકને દુઆએ ખૈરથી યાદ કરતા રહે.** આવી ઘટના મારી સાથે બે વાર થઈ ચૂકી છે.

**પ્રથમ ઘટના :** એવું બન્યું કે એક સાહબ મારા અશ્આર (શેઅરો)નું દીવાન માગીને લઈ ગયા પછી તેમણે પરત ન કર્યું. મારી પાસે એ નુસ્ખા સિવાય અન્ય કોઈ નુસ્ખો (કોપી) ન હતો. એ સાહબે મારુ (દાતા સાહબનું) નામ કટ કરીને પોતાના નામથી એ દીવાનને મશહૂર કરી દીધું. આ રીતે મારી મહેનત તેમણે બેકાર કરી નાખી. અલ્લાહ તઆલા એમને માફ કરી આપે.

**બીજો બનાવ :** એવું બન્યું કે મેં ઈલ્મે તસવ્વુફમાં એક કિતાબ લખી હતી જેનું નામ ''મિન્હાજુદ્દીન'' રાખ્યું હતું. એક કમીના જેવો બનાવટખોર ચાપલૂસ શખ્સ જેનું નામ હું જાહેર કરવા નથી માગતો તેણે શરૂમાં મારુ નામ કટ કરીને પોતાનું નામ લખીને આમ લોકોમાં કહેવાનું શરૂ કરી આપ્યું કે આ મારી કૃતિ છે, જો કે એની ઈલ્મી કક્ષા તથા કાબેલિયતને જાણવાવાળા હઝરાત એના પર હસતા હતા. છેવટે અલ્લાહ તઆલાએ એ શખ્સ પર બેબરકતી લાગુ કરી દીધી અને પોતાની બારગાહના તાલિબોની યાદીથી એનું નામ કાઢી નાખ્યું.

**બીજુ કારણ :** જે ખાસ લોકો માટે છે કે જ્યારે તે કોઈ કિતાબને પોતાના ઈલ્મ પ્રમાણે એ દૃષ્ટિથી જુએ છે કે એનો લેખક તથા સંપાદક ન કેવળ એ કે આ ઈલ્મનો જાણકાર છે બલ્કે તે આ વિષયનો નિષ્ણાત તથા મુહક્કિક઼ છે તો એ કિતાબની ક઼દર કરે છે અને તેને વાંચીને યાદ રાખવાની પૂરી કોશિશ કરે છે. આ રીતે તે પોતાનો અમૂલ્ય હેતુ એ કિતાબથી હાંસલ કરી લે છે. વલ્લાહુ અઅ્લમ બિસ્સવાબ.

## ★ ઈસ્તેખારા કરવાનું કારણ ★

આ કિતાબ શરૂ કરતા પહેલાં ઈસ્તેખારા તરફ એટલા માટે ધ્યાનિત થયો કે હક઼્ક઼ તઆલાના હક઼્ક઼ો અને એના આદાબની હિફાઝત પર અમલ કરવામાં આવે, કેમ કે અલ્લાહ તઆલાએ પોતાના હબીબ સૈયદે આલમ ﷺને અને આપના દોસ્તોના માટે હુકમ ફર્માવ્યો છે :–

فَاِذَا قَرَاْتَ الْقُرْاٰنَ فَاسْتَعِذْ بِاللّٰهِ مِنَ الشَّيْطٰنِ الرَّجِيْمِ ۝

''તો જ્યારે તમે કુર્આન પઢો તો અલ્લાહની પનાહ માગો શૈતાન મરદૂદથી.'' *(સૂરએ નહ્લ, ૧૬/૯૮)*

ઈસ્તિઆઝા, ઈસ્તિખારા અને ઈસ્તિઆ઼નત સૌનો એક ભાવાર્થ તથા અર્થ છે. મતલબ એ છે કે પોતાનાં સર્વ કામ અલ્લાહ તઆલાના હવાલે તથા

www.barkatekhwaja.net

સુપરત કરીને દરેક પ્રકારની આફતોથી મહેફૂઝ રહેવા માટે એનાથી મદદ હાંસલ કરો. સહાબાએ કિરામ رحمۃ اللہ علیہ ફર્માવે છે કે રસૂલે ખુદા عَلَیۡہِ التَّحِیَّۃُ وَالثَّنَاء એ અમને ઈસ્તિખારા કરવાનું એ રીતે શીખવાડયું જેવી રીતે કુર્આને કરીમની તા'લીમ આપી.

બંદાને જ્યારે એનું કામિલ યકીન થઈ જાય છે કે **સર્વ કામોની ભલાઈ મહેનત તથા તદબીર પર આધારિત નથી, બલ્કે હક્ક઼ તઆલાની મશિય્યત (મરજી) તથા રઝા પર મૌકૂફ છે, અને દરેક નેક તથા બદ્ અને ભલાઈ તથા બુરાઈ એની જ તરફથી મુક઼દ્દર થયેલ છે,** અને બંદાએ સ્વીકાર તથા રાજી થવા સિવાય કોઈ ચારો નથી, તો છેવટે બંદો પોતાનાં સર્વ કામ તેને સુપરત કરીને એની જ મદદ ચાહે છે, જેથી સર્વ કામો તથા હાલતોમાં નફ્સની શરારતો અને શૈતાની દખલગીરીઓથી મહેફૂઝ રહે અને તેનાં સર્વ કામો ખૈર તથા ખૂબી અને સારી રીતે અંજામ પામે. એટલા માટે બંદાના માટે એ જ જરૂરી તથા મુનાસિબ છે કે તમામ કામોમાં ઈસ્તિખારા કરે જેથી અલ્લાહ તઆલા તેનાં કામોને દરેક આફત, બલા, નુકસાનથી મહેફૂઝ રાખે. وَبِاللّٰہِ التَّوۡفِیۡق

## ★ બાતિની ઈલ્ક઼ાને હવાલે કરવાનું કારણ ★

હવે રહ્યું મારું એ કહેવું કે, "મેં પોતાને દિલી વારદાત તથા બાતિની ઈલ્ક઼ાના હવાલે કરી દીધો." એનો મતલબ એ છે કે **જે કામમાં નફ્સાની હેતુઓ સામેલ હોય છે તો તે કામથી બરકત જતી રહે છે અને સિરાતે મુસ્તક઼ીમથી દિલ હટીને ખોટી રાહ અપનાવી લે છે એનો અંજામ સારો નથી આવતો.**

## ★ નફ્સાની હેતુઓના સ્વરૂપો ★

નફ્સાની હેતુઓની બે જ સ્થિતિઓ શક્ય છે, ક્યાં તો તેનો હેતુ પૂરો થશે અથવા ન થશે. જો તેનો હેતુ પૂર્ણ થઈ ગયો તો સમજી લો કે તે હલાકત (બર્બાદી)માં પડી ગયો. એટલા માટે કે **નફ્સાની હેતુઓનું હાંસલ થવું એ દોઝખની ચાવી છે.** અને જો તેની નફ્સાની ગરજ પૂરી ન થઈ તો અલ્લાહ તઆલા પહેલાં જ તેના **દિલને નફ્સાની ગરજ (હેતુ, ચાહત)થી બેપરવા કરી દેશે** અને એવી ખ્વાહિશને દિલથી દૂર કરી આપશે, કેમ કે એમાં એની નજાત સમાયેલી હતી, અને **આ જ જન્નતના દરવાજાની ચાવી પણ છે.** જેવો રબ તઆલાનો ઈર્શાદ છે :–

وَنَهَى النَّفۡسَ عَنِ الۡهَوٰى ﴿۴۰﴾ فَاِنَّ الۡجَنَّةَ هِىَ الۡمَاۡوٰى ﴿۴۱﴾

"અને નફ્સને ખ્વાહિશથી રોકયો, તો બેશક ! જન્નત જ ઠેકાણુ છે." *(સૂરએ નાઝિયાત, ૭૯/૪૦, ૪૧)*

**કોઈ કામમાં નફ્સાની દખલ એ છે કે બંદો પોતાના કામમાં હક્ક઼ તઆલાની ખુશ્નુદીને લક્ષમાં ન રાખે** અને તે એમાં નફ્સના ફિત્નાઓથી નજાત પામવાની તલબ ન કરે, કેમ કે **નફ્સના ફિત્નાઓની કોઈ હદ કે સીમા નથી** અને ન તેની હવસકારીઓની કોઈ સીમા છે. એનું વિગતે વર્ણન યોગ્ય સ્થાને આવશે. اِنۡ شَاءَ اللّٰہُ تَعَالٰی

## ★ જવાબ માટે પાકા ઈરાદાનું કારણ ★

લખવાનો હેતુ એ છે કે તમારો મક઼સદ પાર પાડવા માટે આ કિતાબને લખવાનો પાકો ઈરાદો કરી લીધો તો એનો મતલબ એ થયો કે, તમે કેમ કે મને સવાલ કરીને મને એને લાયક અને ઈલ્મવાળો તથા દષ્ટિવાળો જાણ્યો અને પોતાનો હેતુ પામવા માટે સવાલ રજૂ કરીને એવા જવાબની દરખાસ્ત કરી જેનાથી પૂર્ણપણે ફાયદો હાંસલ થઈ શકે. જેથી મારા માટે લાઝિમ થઈ ગયું કે તમારા સવાલનો હક્ક઼ અદા કરું. જ્યારે ઈસ્તિખારા થકી તમારા સવાલ તથા દરખાસ્તનું હક્ક઼ હોવું જાહેર થઈ ગયું તો મેં પાકો



www.barkatekhwaja.net

ઈરાદો અને નેક નિયતી સાથે સંપૂર્ણપણે જવાબ આપવાનો ઈરાદો કરી લીધો જેથી શરૂથી અંત સુધી જવાબની પૂર્ણતામાં સારી નિય્યત અને નિશ્ચય તથા ઈરાદો સામેલ રહે. બંદો જ્યારે કોઈ કામનો ઈરાદો કરે છે તો અમલની શરૂઆતથી જ નિય્યત સામેલ હોય છે. ભલે અમલ દરમ્યાન તેમાં ખલેલ પણ કેમ ન પડી જાય, પરંતુ બંદો એમાં મઅઝૂર (મજબૂર) ધારવામાં આવે છે. કેમ કે નબી ﷺનો ઈર્શાદ છે : نِيَّةُ الْمُؤْمِنِ خَيْرٌ مِّنْ عَمَلِهٖ **"મોમિનની નિય્યત તેના અમલથી બેહતર છે."** જેથી અમલની શરૂઆતમાં નિય્યત કરવી એનાથી બેહતર છે કે નિય્યત વિના અમલ શરૂ કરવામાં આવે, કેમ કે સર્વ કામોમાં નિય્યતને મહાન મર્તબો તથા સાચી દલીલ હાંસલ છે. **નિય્યતમાં જેટલા પ્રમાણમાં ખુલૂસ હશે એટલો વધુ એ અમલનો અજરો સવાબ હશે,** એટલા માટે કે બંદો નિય્યત થકી જ એક હુકમથી બીજા હુકમની તરફ ફરે છે, જો કે જાહેરી અમલમાં નિય્યતની કોઈ અસર જાહેરી નથી થતી.

એને એ રીતે સમજો કે એક શખ્સે દિવસભર ફાકો કર્યો (ભૂખે રહ્યો) પણ તે ફાક઼ાથી તે કોઈ સવાબનો હક્ક઼દાર ન બન્યો, પણ જો તેણે રોઝાની નિય્યત કરી લીધી તો તે સવાબનો પણ મુસ્તહિક઼ બની ગયો, જ્યારે જાહેરી અમલમાં નિય્યતની કોઈ અસર જોવા નથી મળતી. એ રીતે જો કોઈ મુસાફિર કોઈ શહેરમાં લાંબા અરસા સુધી વસવાટ કરે તો પણ ત્યાંનો રહેવાસી (મુક઼ીમ) કહેવાશે નહીં, અને દસ્તૂર મુજબ મુસાફિર જ રહેશે, પરંતુ જો તેણે (કમસે કમ પંદર દિવસની) સ્થાયી થવાની નિય્યત કરી લીધી તો હવે મુક઼ીમ સમજવામાં આવશે. શરીઅતે મુતહ્હરામાં આ પ્રકારનાં અસંખ્ય દૃષ્ટાંતો મૌજૂદ છે. ખુલાસો એ કે દરેક અમલની શરૂઆતમાં નેક નિય્યત કરવી જરૂરી છે. અલ્લાહ બેહતર જાણનાર છે.

## ★ નામ આપવાનો સબબ ★

હવે રહ્યું મારું એ કહેવું કે આ કિતાબનું નામ "કશ્ફુલ મહજૂબ" (اَلسُّلُوْكُ اِلَى الْمَحْبُوْبِ فِيْ تَرْجُمَةِ كَشْفِ الْمَحْجُوْب) રાખ્યું તો એનાથી મારી મુરાદ (આશય) એ છે કે કિતાબના નામથી જ માલૂમ પડી જાય કે કિતાબમાં કયા પ્રકારના વિષયો (Topics) છે. ખાસ કરીને જ્યારે ઈલ્મ તથા બસીરતવાળા કિતાબનું નામ સાંભળશે તો સમજી લેશે કે એનાથી શું મુરાદ છે અને એમાં કેવા વિષયો છે.

## ★ કશ્ફે હિજાબની તેહક઼ીક ★

હે હક્ક઼ના તાલિબો ! તમારે માલૂમ કરવું જોઈએ કે અવલિયા અલ્લાહ અને રબની બારગાહના મહબૂબ બંદાઓ સિવાય આખુ જગત આ સરસ સંશોધનથી અજ્ઞાત છે. કેમ કે આ કિતાબ રાહે હક્ક઼ના વર્ણન, તેહક઼ીક઼ના શબ્દોની સમજૂતી અને બશરિયતના હિજાબના કશ્ફમાં છે જેથી કોઈ પણ રીતે આ કિતાબના માટે એના સિવાય અન્ય કોઈ નામ યોગ્ય તથા સહીહ હોઈ શક્તું જ નથી, કેમ કે હક઼ીક઼તનું જાહેર થવું પર્દા હેઠળની અને છુપાયેલી ચીજના ફના તથા નાબુદ થવાનો સબબ હોય છે. મૌજૂદ હાજરના માટે પર્દા તથા હિજાબમાં હોવું હલાકતનો સબબ છે. એટલે કે નજીક જેવી રીતે દૂરીની તાકત નથી ધરાવતું એવી રીતે દૂરી પણ નજીક તથા કુર્બની સહનશક્તિ નથી ધરાવતુ. એને એ રીતે સમજો કે તે કીડા જે સિરકામાં પેદા થાય છે જો તેમને સિરકામાંથી કાઢીને અન્ય ચીજમાં રાખી લેવામાં આવે તો તેઓ મરી જાય છે, અથવા તેઓ (કીડાઓ) જે ક્યાંક બીજે પેદા થયા હોય તેમને સિરકામાં નાખવામાં આવે તો મરી જશે. એ જ પ્રમાણે ચીજોની હક઼ીક઼તોના અર્થો તથા મતલબો એના પર ખુલતા તથા જાહેર થતા હોય છે જેને ખાસ એના માટે જ પેદા કર્યા હોય તેના સિવાયનાઓ માટે એ શક્ય નથી.

રસૂલુલ્લાહ ﷺનો ઈર્શાદ છે :

www.barkatekhwaja.net

كُلٌّ مُيَسَّرٌ لِمَا خُلِقَ لَهُ દરેક મખ્લૂક માટે તે જ ચીજ છે જેના માટે તેને પેદા કરવામાં આવ્યો છે. અલ્લાહ તઆલાએ દરેક મખ્લૂકને જે ચીજના માટે પેદા કરેલ છે તેની પ્રાપ્તિનો માર્ગ એના માટે આસાન કરી દેવામાં આવ્યો છે.

## ★ હિજાબાતે રૈની તથા ગૈની ★

માણસના માટે તે પર્દા જે રાહે હક્કમાં તેના માટે આડ હોય છે તે બે પ્રકારના છે : એકનું નામ "હિજાબે રૈની" જે કોઈ હાલતમાં અને કદી નથી ઉઠતો. બીજાનું નામ "હિજાબે ગૈની" છે, અને આ પર્દો વહેલી તકે ઉઠી જાય છે. એની વિગત એ છે કે કેટલાક બંદા એવા હોય છે જેમના માટે પોતાની જાત જ ખુદાની રાહમાં પદો તથા હિજાબ બની જાય છે, ત્યાં સુધી કે તેમની નજીક હક્ક તથા બાતિલ બંને એક સમાન અને સરખા થઈ જાય છે, અને કેટલાક બંદા એવા હોય છે જેમના માટે તેમની પોતાની ખૂબીઓ રાહે હક્કમાં પર્દો બની જાય છે અને તે હમેશાં પોતાની તબીઅત તથા ખાસિયતમાં હક્ક તઆલાને તલાશ કરવામાં રહે છે અને બાતિલથી બચતા રહે છે. ઝાતી હિજાબનું નામ રૈન જે કદી હટતો નથી.

## ★ હિજાબે રૈનનો અર્થ ★

રૈનનો અર્થ કાટ લાગવું, અને ખત્મ જેનો અર્થ મોહર લાગવી, અને તબઅ્ જેનો અર્થ ઠપ્પો લાગવો. આ ત્રણેવ શબ્દ સમાન અર્થી છે, જેમ કે હક્ક તઆલા ફર્માવે છે : كَلَّا بَلْ رَانَ عَلَى قُلُوبِهِمْ مَّا كَانُوا يَكْسِبُونَ "કોઈ નથી, બલ્કે તેમનાં દિલો પર કાટ ચઢાવી દેવામાં આવ્યો છે તેમની કમાઈઓથી." (સૂરએ મુતફ્ફિફીન, ૮૩/૧૪) એ લોકો કદાપિ રાહે હક્ક કૂબૂલ કરશે નહીં, બલ્કે તેમનાં દિલો પર રૈન એટલે હિજાબે ઝાતી છે જે કાંઈ પણ તેઓ કરે છે.

ત્યારબાદ હક્ક તઆલા તેમનો હાલ વર્ણવતાં ફર્માવે છે :–

إِنَّ الَّذِينَ كَفَرُوا سَوَاءٌ عَلَيْهِمْ ءَأَنذَرْتَهُمْ أَمْ لَمْ تُنذِرْهُمْ لَا يُؤْمِنُونَ

"બેશક ! તે લોકો જેમની કિસ્મતમાં કુફ્ર છે તેમના માટે બરાબર છે, ચાહે તમે તેમને ડરાવો કે ન ડરાવો તેઓ ઈમાન લાવવા નથી." *(સૂરએ બક્રહ, ૨/૬)*

પછી જાહેરી હાલ વર્ણવયા બાદ હક્ક તઆલા હક્ક કબૂલ ન કરવાનો સબબ વર્ણવે છે : خَتَمَ اللَّهُ عَلَى قُلُوبِهِمْ "અલ્લાહે એમના દિલો પર અને કાનો પર મોહર કરી આપી." *(સૂરએ બક્રહ, ૨/૭)*

## ★ હિજાબે ગૈનનો અર્થ ★

ગૈન જેનો અર્થ આડ અને હલકા પર્દા છે. આ વસ્ફી હિજાબ છે, કોઈવાર એનું હોવું અને કોઈવાર એને દૂર થવું બંને જાઈઝ તથા શક્ય છે. એટલા માટે કે જાતમાં તબદીલી ભાગ્યે જ બલ્કે અશક્ય તથા મુહાલ છે એને ગૈન એટલે સિફતોમાં તબદીલી જાઈઝ તથા શક્ય છે.

મશાઈખે તરીકત رحمہم اللہ જાઈઝ અને મુમ્કિન ઈર્તિફાએ સિફાત એટલે હિજાબે ગયનીના બારામાં, અને મુહાલ તથા અશક્ય ઈર્તિફાએ હિજાબ એટલે હિજાબે રૈની કે ઝાતી છે એના બારામાં બારીક નિર્દેશો વર્ણન કર્યા છે. જેમ કે સૈયદુત્તાઈફા હઝરાત જુનેદ બગદાદી رحمۃ اللہ علیہ ફર્માવે છે :

الرَّيْنُ مِنْ جُمْلَةِ الْوَطَنَاتِ وَالْغَيْنُ مِنْ جُمْلَةِ الْخَطَرَاتِ

"રૈન વતનાત (વતનો)ના વર્ગથી છે અને ગયન ખતરાતના વર્ગથી છે."

વતનાત, વતનનું બહુવચન છે જેનો અર્થ કાયમ ટકી રહેવાથી છે, અને ખતરાત, ખતરનું બહુવચન છે જેનો અર્થ ટેમ્પરરી તથા અસ્થિર છે. એને એ

રીતે સમજો કે પથ્થર કદી આઈનો નથી બની શકતો ભલે તેને ગમે તેટલો સ્વચ્છ તથા સાફ કરવાની કોશિશ કરવામાં આવે, પણ જો આઈનો કટાઈ જાય તો થોડો સરખો સાફ કરવાથી તે સાફ સ્વચ્છ થઈ જશે. તેનું કારણ એ છે કે પથ્થરની અંદર અંધકાર અને આઈનાની અંદર ચમક તેની ઝાતી અને અસલી ખૂબી છે, કેમ કે જાત તથા અસલ એ કાયમ તથા ટકી રહેનારી ચીજ છે એટલે તે કોઈ રીતે નષ્ટ નથી થઈ શકતી. અને સિફત કેમ કે ટેમ્પરરી તથા અસ્થિર હોય છે અને તે કાયમ તથા બાકી રહેનારી ચીજ નથી હોતી એટલા માટે તે જલ્દી નષ્ટ થઈ જાય છે.

મેં આ કિતાબ તે લોકોની ખરાબીના કાટને દૂર કરવા માટે લખેલી છે જેઓ હિજાબે ગ઼યની એટલે સિફાતી પર્દામાં સપડાયેલ છે અને તેમનાં દિલોમાં નૂરે હક્ક઼નો ખજાનો મૌજૂદ છે જેથી આ કિતાબને પઢ વાની બરકતથી તે હિજાબ (પર્દો) ઉઠી જાય અને હક઼ીક઼ી અર્થની તરફ તેમને રાહ મળી જાય. પરંતું તે લોકો જેમની ટેવ જ હક્ક઼ના ઈન્કારની હોય અને બાતિલ પર કાયમ તથા યથાવત રહેવું જ જેમનુ ચલણ હોય તેઓ હક્ક઼ના મુશાહેદાની રાહથી હમેશાં વંચિત રહેશે. એવા લોકોના માટે આ જવાબ કોઈ લાભદાયી ન થશે. والحمد لله علیٰ نعمة العرفان

## ★ મુજીબ (જવાબ આપનાર)નો ફર્ઝ ★

મેં જે શરૂઆતમાં એવું કહ્યું છે કે, "આ લખાણથી તમારા સવાલનો જવાબ સંપૂર્ણપણે પામશો." તો એનો મતલબ એ છે કે મેં તમારા સવાલનો મક઼સદ અને તેના હેતુને જાણી લીધો છે એટલા માટે કે જવાબ આપનારને જ્યાં સુધી સવાલ કરનારના સવાલનો મક઼સદ તથા તેનો હેતુ માલૂમ ન હશે ત્યાં સુધી તે પોતાના જવાબમાં પ્રશ્ન કરનારની તસલ્લી કેવી રીતે કરી શકે છે ? કેમ કે મુશ્કેલી ઉભી થતાં જ સવાલ કરવામાં આવે છે અને જવાબમાં એ મુશ્કેલીનો હલ પેશ કરવામાં આવે છે. જો જવાબમાં એ મુશ્કેલીનો હલ ન કરવામાં આવે તો એવો જવાબ પ્રશ્નકર્તાને શું ફાયદો પહોંચાડશે ? અને શંકાઓનું નિવારણ શંકાઓ જાણ્યા વિના અશક્ય છે.

અને મારું એ કહેવું કે, "તમારા સવાલનો જવાબ સંપૂર્ણપણે પામશો" તો એનો મતલબ એ છે કે સંક્ષિપ્ત સવાલ માટે સંક્ષિપ્ત જવાબ હોય છે અને સમૃદ્ધ સવાલ માટે સમૃદ્ધ જવાબ. પરંતુ જ્યારે પ્રશ્નકર્તા તેના સંક્ષિપ્ત સવાલ અને તેના મર્તબાઓ તથા દરજાઓથી બાખબર હોય છે, અથવા એ કે પ્રશ્નકર્તા માટે તફસીલની હાજત હોય છે તો જવાબ આપનારનો ફર્ઝ છે જવાબમાં એનો લેહાઝ રાખે. અલ્લાહ તઆલા તમને સઆદત (નેકબખ્તી) અતા કરે, કેમ કે તેમારો હેતુ એ જ હતો કે હું વિસ્તારપૂર્વક તરીક઼તની હદો તથા પ્રકારોનું વર્ણન કરું જે દરેક શખ્સના માટે ફાયદાકારક સાબિત થાય ચાહે તે મુબ્તદી (પ્રાથમિક કિતાબો પઢનાર) હોય કે મધ્યમ કક્ષાનો અથવા ઉચ્ચ કક્ષાનો હોય. એટલા માટે મેં તફસીલને અપનાવીને સવાલના જવાબમાં આ કિતાબ સંપાદિત કરી છે. وَبِاللّٰهِ التَّوْفِيْق

## ★ ઈસ્તિઆનત તથા તૌફીક઼ની હક઼ીક઼ત ★

મેં જે એવું કહ્યું કે, "અલ્લાહ તઆલાથી ઈસ્તિઆનત કરું છું અને તેનાથી તૌફીક઼ની દુઆ કરું છું કે તે આ લખાણને સંપૂર્ણ કરવામાં મારી મદદ કરે." તો એનાથી મારી મુરાદ એ છે કે બંદાના માટે અલ્લાહ તઆલાના સિવાય કોઈ નાસિર તથા મદદગાર નથી, તે જ દરેક નેકી તથા ભલાઈનો મુઈન તથા મદદગાર છે અને વધુથી વધુ તૌફીક આપે છે."

હક઼ીક઼ી તૌફીક઼ એ છે કે અલ્લાહ તઆલા બંદાના દરેક અમલમાં બિલ ફેઅલ પોતાનું સમર્થન કરે અને

એ અમલ પર તેને અજરો સવાબનો મુસ્તહિક્ (પાત્ર) બનાવે. તૌફીક્ના સહીહ હોવા પર તથા દુરુસ્ત હોવા પર કિતાબ તથા સુન્નત અને ઈજમાએ ઉમ્મત સાક્ષી છે. અલ્બત્ત મોઅતઝલા ફિર્કા અને કદરિયા ફિર્કાવાળાએ એનો ઈન્કાર કર્યો છે. એ લોકો તૌફીક્ શબ્દને સર્વ અર્થોથી ખાલી કહે છે, જાણે તેઓ એ શબ્દને નિરર્થક તથા બેકાર સમજે છે.

મશાઈખે તરીકતની એક જમાઅત કહે છે કે તૌફીક્ એ કુદરતનું નામ છે જે ઈસ્તેમાલ વખતે નેકીઓ પર હાંસલ થાય છે. મતલબ એ છે કે બંદો જ્યારે અલ્લાહ તઆલાનો ફર્માંબરદાર બની જાય છે તો હક્ક તઆલા દરેક હાલમાં એને નેકીઓની અધિક તૌફીક્ તથા શક્તિ અર્પણ કરે છે જે એનાથી પહેલાં એને હાંસલ ન હતી. તેમ છતાં કે વજૂદની સ્થિતિમાં બંદાની દરેક હરકત તથા સુકૂન તથા ફેઅલ તથા ખલ્કથી અસ્તિત્વમાં આવે છે. અહીં કેવળ એટલુ સમજવું જોઈએ કે બંદો જે ખુદાની અતા કરેલી શક્તિ વડે ફર્માંબરદારી તથા નેકી બજાવી લાવે છે, એને તૌફીક્ કહે છે, કેમ કે આ કિતાબમાં આ મસ્અલાની વિગત વર્ણન કરવાનો વિષય નથી કે બતાવવામાં આવી શકે કે કઈ ખાસ હાલત તથા શક્તિ મુરાદ છે, જેથી આના પર અટકીને તમારા સવાલના જવાબની તરફ ધ્યાનિત થાઉં છું એ પહેલાં કે હું જવાબમાં મારું કલામ તથા બયાન શરૂ કરું તમારા સવાલને જેવો છે તેવો નકલ કરી આપું અને એ સવાલથી મારી કિતાબની શરૂઆત કરું. وَبِاللّٰہِ التَّوْفِیْق ...(ક્રમશઃ)

## મનકબત દર શાને ગૌષે આ'ઝમ رحمۃ اللہ علیہ

*અઝ : આકિબખાન બરકાતી પેટલાદી*

ઐ મેરે ગૌષ ખુદાકી અતા હૈ તેરે પાસ
કમાલે ઇશ્કે શહે દો સરા હૈ તેરે પાસ

હસન કે ચાંદ હુસૈની તજલ્લીયોં વાલે
અતા હો નૂર કે નૂરે ખુદા હૈ તેરે પાસ

હૂં મૈં ભી ચોર તેરે ઘર સે ક્યૂં ફિરૂં માયૂસ
વિલાયતોં કા ખઝાના શહા હૈ તેરે પાસ

કોઇ કહીં ભી હો દિલમેં ઉતર હી જાતી હૈ
ઈમામે અવલિયા ઐસી સદા હૈ તેરે પાસ

ખુદા રસૂલ અલી ફાતિમા હુસૈનો હસન
ઈનાયતોં કા બળા કાફિલા હૈ તેરે પાસ

તેરી ગલી સે ગુઝર જાએં તો ખુમાર ચળ્હે
શરાબે ઇશ્ક કા વો મયકદા હૈ તેરે પાસ

ગુનાહગાર હૈ 'બરકાતી' ઇસ પે બરસા દે
સુના હૈ ફઝલો કરમ કી ઘટા હૈ તેરે પાસ

www.barkatekhwaja.net

# ઝર્બે હૈદરી

અઝ : શયુખલ હદીષ વત્તફસીર પીર સાઈ

ગુલામરસૂલ કાસમી કાદરી નક્શબંદી دام ظلہ العالی

અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી

*વર્તમાન સમયમાં કેટલાક કહેવાતા સુન્નીઓમાં શીઆઈયત જેવા ખયાલોનો પગપેસારો થઈ રહ્યો છે જેનાથી ઘણા સુન્ની ભાઈઓ ગુમરાહીનો શિકાર થઈ રહ્યા છે, એવા સમયે 'અહલે સુન્નત વ જમાઅત'નો હક્ક મઝહબ સુન્ની હઝરાત સમક્ષ રજૂ કરી ઈમાનની સલામતીનો માર્ગ સમારતી આ કિતાબ **'ઝર્બે હૈદરી'** નામથી અત્રે લેખમાળા રૂપે રજૂ કરીએ છીએ જે કુર્આન, હદીષ તથા ઉલમાના અકવાલથી રાફઝિયતના અંધકારને દૂર કરી અહલે સુન્નતની રોશની ફેલાવવા માટે ખૂબ જ સહાયકર્તા છે. એને જરૂરથી વાંચો વંચાવો અને ઈમાનમાં તાજગી મેળવો.*

*–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

***નોંધ*** *: અત્રે આ કિતાબ બાબતે અનેક અગ્રગણ્ય ઉલમાએ આ કિતાબને સમર્થન કરતા બે બોલ તથા પ્રશંસાના પુષ્પો વેર્યા છે પણ સ્થળ સંકોચને કારણે ડાયરેક્ટ લેખકની પ્રસ્તાવનાથી જ લેખમાળા શરૂ કરીએ છીએ. –તંત્રી*

## લેખકની પ્રાસ્તાવિક વાત

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

اَلْحَمْدُ لِلّٰہِ رَبِّ الْعٰلَمِیْنَ وَالصَّلٰوۃُ وَالسَّلَامُ عَلٰی سَیِّدِ الْاَنْبِیَاءِ وَالْمُرْسَلِیْنَ وَعَلٰی آلِہٖ وَاَصْحَابِہٖ اَجْمَعِیْنَ اَمَّا بَعْد

આ કિતાબ બાબતે ઈસ્લામી જગતના અઝીમતરીન ઉલમાની તકરીઝો (પ્રશંસા સહિત સમર્થનો) પહોંચી ચૂક્યાં છે. ફકીર (લેખક) પણ કેટલીક વાતો પ્રાસ્તવિક રૂપે રજૂ કરી દેવી જરૂરી સમજે છે. **"આલમી મીલાદ કોન્ફ્રન્સ"**માં એક ખતીબ સાહબે કહ્યું કે હુઝૂર ﷺના મદીનામાં સ્વાગતના પ્રસંગે સૌ પુરૂષો તથા સ્ત્રીઓ નાચી રહ્યાં હતાં. ખતીબ સાહબની આ વાત હદ દરજાની તેહરીફ (ઘાલમેલ) છે. لَعِبَتِ الْحَبْشَۃُ بِحِرَابِھِمْ નો આ ભાવાર્થ કરવો અને ઈસ્લામની અતિ પવિત્ર સ્ત્રીઓ માટે નાચવાનો શબ્દ વાપરવો મરી જવાનો મકામ છે. '**ઈમામે આ'ઝમ અબૂ હનીફા કોન્ફ્રન્સ'**માં કહેવા લાગ્યા કે ઈમામે આ'ઝમ رحمۃ اللہ علیہની રિવાયત કરેલ હદીષોને ષુનાઈયાત (બે વાસ્તાથી) તથા અહાદિયાત (એક વાસ્તાથી રિવાયત પામેલ)નું નામ અમે પ્રથમવાર આપ્યું. ખતીબ સાહબને એટલી પણ ખબર નથી કે ષનાઈયાત અને વહદાનિયાતની ઈસ્તેલાહો (બોલીઓ) પહેલાથી ઘડવામાં આવી ચૂકેલી છે. અને **'મુસ્નદે ઈમામે આ'ઝમ'**, કદીમી કુતુબખાનાની પ્રસ્તાવનામાં પેજ નં. ૧૦ ઉપર મૌજૂદ છે. અને ખતીબ સાહબનો આ દાવો اِنۡتِحَالُ الْمُبۡطِلِیۡنَ છે, અને અભ્યાસની અત્યંત ઉણપની ચાડી ખાય છે ! હકીકતે મુહમ્મદિયાના વિષય પર તે લિયાકત બાગના ખિતાબમાં કહેવા લાગ્યા કે, "હુઝૂર ﷺ અલ્લાહની મિષ્લ (જેમ સમાન) છે." ખતીબ સાહબના આ શબ્દો તદન કુફિયા છે. આવા પ્રકારની વાતો બોલીને તે કહે છે કે જે વાત મેં કરી છે તે તમને કિતાબોમાં મળશે નહીં. ક્યારેક પૂરી ઉમ્મતના ઉલમાને હસદખોર ઠરાવી દે છે અને ક્યારેક કહે છે કે, "હું ફતવા પ્રુફ થઈ ગયો છું ! મને ઉલમાના ફત્વાઓની કોઈ પરવા નથી." આ રીતે જ્યારે આ લોકો ઈસ્લામના પાયાના અકીદાઓની જડ કાપવા લાગ્યા અને તેમની બાકાયદા તબ્લીગ થવા લાગી તો મજબૂરન્ અમે "ઝર્બે હૈદરી" (હૈદરી માર, હૈદરી વાર) પર સમર્થન કરતાં લખાણો

(તફ઼રીઝો) લખીને અમારી જિમ્મેદારી નિભાવી છે.

ડૉ. તાહિરુલ ક઼ાદરીએ પોતાની કિતાબ ''અસ્સૈફુલ............માં'' લખ્યું છે કે, ''હઝરત અબૂબક્ર સિદ્દીક઼ رضی اللہ عنہ રાજનૈતિક ખલીફ઼ા હતા અને હઝરત અલી رضی اللہ عنہ બાતિની તથા રૂહાની ખલીફ઼ા હતા.'' તેમજ લખ્યું છે કે, ''રાજનૈતિક (સિયાસી) ખિલાફ઼તનું વર્તુળ ફ઼ર્શ સુધી છે અને વિલાયતનું વર્તુળ અ઼ર્શ સુધી છે.'' *(અસ્સૈફુલ જલી, પેજ, ૮, ૯)*

ડૉ. તાહિરુલ ક઼ાદરીએ સિદ્દીક઼ે અકબર رضی اللہ عنہની રૂહાની ખિલાફ઼તનો ઈન્કાર કર્યો છે **જે તદ્દન અને તદ્દન રાફ઼ઝિયત છે,** અને એ જ ખિલાફ઼તનું વર્તુળ ફ઼ર્શ સુધી અને વિલાયતનું વર્તુળ અર્શ સુધી બતાવીને સરખામણી કરવી એ સિદ્દીક઼ે અકબર رضی اللہ عنہની શાને અક઼દસમાં બેઅદબી છે. એ વાતને સમજવાનો આસાન તરીક઼ો એ છે કે આ જ શબ્દો જો કોઈ ખારજી શખ્સ મૌલા અલી رضی اللہ عنہના બારામાં બકી નાખે તો એ લોકો મઆઝલ્લાહ ! અને લા હૌલ વલા કુવ્વતની સદાઓ બુલંદ કરવા લાગશે. બસ, ફૈસલો થઈ ચૂક્યો કે જે રીતે આ શબ્દો બોલવા, ''ખારજીયત'' છે, બિલ્કુલ એ જ પ્રમાણે સિદ્દીક઼ે અકબર رضی اللہ عنہના હક્ક઼માં એવા શબ્દો ''રાફ઼ઝિયત'' છે. અહલે સુન્નત એ છે જે ચારેવ ખુલફ઼ાએ રાશિદીનને જાહેર તથા બાતિન બંને લેહાઝથી ખલીફ઼ા માને છે.

જરા વિચારો ! શું આ કેવળ યોગાનુયોગ (આકસ્મિક) જ છે કે તફ઼ઝીલે શૈખૈન (અબૂબક્ર, ઉમર)નો મુન્કિર જ સૈયદના અમીર મુઆવિયહ પર ઝબાનદરાઝી કરે છે ?! અને શું એ કેવળ યોગાનુયોગ છે કે એ જ લોકો مَرَجَ الْبَحْرَيْنِ يَلْتَقِيٰنِ (તેમનાથી બે સમુદ્રો વહાવ્યા. સૂરએ રહમાન, ૫૫/૯)થી મુરાદ મૌલા અલી رضی اللہ عنہ સૈયદતુન્નિસા رضی اللہ عنہا મુરાદ લે છે, જ્યારે કે એનાથી આગલા શબ્દો : بَيْنَهُمَا بَرْزَخٌ لَّا يَبْغِيٰنِ (અને છે એમનામાં રોક કે એકબીજા પર વધી નથી શકતા. (સૂરએ રહમાન, ૫૫/૨૦) એને સ્વીકારી નથી રહ્યા. બીજી જગાએ મીઠુ અને નમકીન પાણી અને પછી એ બંનેની વચ્ચે બરઝખ અને હજરે મહજૂર વર્ણન થયેલ છે.

وَ هُوَ الَّذِیْ مَرَجَ الْبَحْرَیْنِ هٰذَا عَذْبٌ فُرَاتٌ وَّ هٰذَا مِلْحٌ اُجَاجٌ ۚ وَ جَعَلَ بَیْنَهُمَا بَرْزَخًا وَّ حِجْرًا مَّحْجُوْرًا

(અને તે જ છે જેણે મળેલા વહેતા કર્યા બે સમુદ્રો, આ મીઠો છે અતિશય મીઠો અને આ ખારો છે ખૂબ જ કડવો અને એમના વચ્ચે પર્દો રાખ્યો અને રોકેલી આડ. સૂરએ ફ઼ુર્ક઼ાન, ૨૫/૫૩)

ત્રીજી જગાએ માછલીના ગોશ્ત અને કશ્તીઓ (નાવડીઓ) વગેરેની વાત પણ આ રાફ઼ઝિયાના તફ઼સીર પર કોરડા વરસાવી રહી છે.

وَ مَا یَسْتَوِی الْبَحْرٰنِ ۖ هٰذَا عَذْبٌ فُرَاتٌ سَآئِغٌ شَرَابُهٗ وَ هٰذَا مِلْحٌ اُجَاجٌ ؕ وَ مِنْ كُلٍّ تَاْكُلُوْنَ لَحْمًا طَرِیًّا وَّ تَسْتَخْرِجُوْنَ حِلْیَةً تَلْبَسُوْنَهَا ۚ وَ تَرَى الْفُلْكَ فِیْهِ مَوَاخِرَ

(અને બંને સમુદ્ર એક જેવા નથી, આ મીઠો છે ખૂબ મીઠો, પાણી ખુશગવાર, અને આ ખારો છે કડવો અને દરેકમાંથી તમે ખાવ છો તાજો ગોશ્ત અને પહેરવાનું એક ઘરેણુ અને તું કશ્તીઓ (નાવડીઓ)ને એમાં જુએ કે પાણી ચીરે છે, જેથી તમે એનો ફ઼ઝ્લ તલાશ કરો. સૂરએ ફ઼ાતિર, ૩૫/૧૨) આ જ લોકો : يَخْرُجُ مِنْهُمَا اللُّؤْلُؤُ وَالْمَرْجَانُ (એમનામાંથી મોતી અને મરજાન નીકળે છે. સૂરએ રહમાન, ૫૫/૨૨)થી મુરાદ હસ્નૈન કરીમૈન رضی اللہ عنہما લે છે, જ્યારે કે ઉલમાએ સાફ લખ્યું છે કે : هُوَ مِنْ تَاوِيلِ الْجُهَلَاءِ وَالْحُمَقَاءِ كَالرَّوَافِضِ આ જાહિલો તથા મૂરખોની તાવીલ છે. જેવા કે રાફ઼ઝી. (મિર્ક઼ાત, ૧/૨૯૨, અલ્ઈત્ક઼ાન, ૨/૧૮૦, મુક઼દ્દમા ફ઼ી ઉસૂલિત્તફ઼સીર, પેજ–૩૮, ૩૯, મજમઉલ બિહાર, ૫/૨૩૬, ફ઼યઝુલ ક઼દીર, ૨/૧૦૨) અમારા

સામે પક્ષવાળા (ડૉ. તાહિરુલ ક઼ાદરી)ના પસંદીદા આલિમ ઈબ્ને તયમિયાએ મિન્હાજુસ્સુન્નહમાં આ રિવાયતના બારામાં લખ્યું છે કે : اِسْنَادُهُ ظُلُمَاتٌ بَعْضُهَا فَوْقَ بَعْضٍ એટલે એની સનદમાં ઝુલ્માત (ગુમરાહી) છે જે એકબીજાથી વધીને છે.

શું આ પણ કેવળ યોગાનુયોગ છે કે, એવા જ લોકો કહેતા ફરે છે કે, ''છપ્પન વરસની ઉમર સુધી સૈયદના ઈમામ હુસૈન رضی اللہ عنہના શરીર મુબારક પર એક વાળ પણ સફેદ ન હતો પણ જેવા યુવાન પુત્રની લાશ ઉઠાવીને પરત આવ્યા તો માથુ અને દાઢીના વાળ સફેદ થઈ ચૂક્યા હતા.'' (શહાદતે ઈમામ હુસૈન, પેજ–૪૩, આવૃત્તિ–૨, ઈ.સ. ૧૯૯૨) જ્યારે કે સહીહ બુખારીમાં હદીષ છે કે સૈયદના ઈમામે હુસૈન رضی اللہ عنہના કપાયેલા સર મુબારક પર કાળો ખિઝાબ લાગે લો હતો. (બુખારી, હદીષ નં. ૩૭૪૮) જાહેર છે કે બાલ મુબારક પહેલેથી સફેદ હતા એટલા માટે આપ رضی اللہ عنہ મુજાહિદની હૈસિયતથી ખિઝાબ લગાડતા હતા.

શું આ પણ કેવળ યોગાનુયોગ છે કે, એવા જ લોકો ઉમ્મતના ઈજમાઅને જૂતીની અણી પર પણ નથી સમજતા ! અને ઘણી વાતોમાં ઉમ્મતના ઈજમાઅની વિરુદ્ધ ચાલે છે, જ્યારે કે ઈજમાઅનો ઈન્કાર એ રાફઝીઓની નિશાની છે.

શું આ પણ કેવળ યોગાનુયોગ છે કે **એવા જ લોકો રાફઝીઓની મેહફિલ તથા મજલિસોમાં જઈને તેમને ખુશ કરે છે અને તેમનાથી સારા સંબંધો ધરાવે છે, અને તેમની તારીફમાં રચ્યા પચ્યા રહે છે.** આ સર્વ રાફઝીઓ જેવી વાતો એક જ વ્યક્તિમાં આખરે એકત્ર કેમ છે ?!

હદ તો એ છે કે ડૉ. તાહિરુલ ક઼ાદરીએ એટલે સુધી કહ્યું કે, **''જે મુલ્લાં મલ્વાનાં શીઆ તથા સુન્નીને બે કરે, તેને બે કરી દો !** (CD) વિચારો ! **દુનિયાભરના સર્વ ઉલમા તથા મશાઈખે આજ સુધી શીઆ તથા સુન્નીને બે જ સમજ્યા છે. હુઝૂર સૈયદના ગ઼ૌષે આ'ઝમ رضی اللہ عنہ સહિત દરેક સદીના મુજદ્દિદોએ ખુલીને રાફઝીની રદ કરી છે.** બલ્કે તેમને ખારજીઓ કરતાં પણ વધુ ખતરનાક ઠરાવેલ છે, બલ્કે જમહૂર (બહુમતી) અહલે સુન્નતે રાફઝીઓની તકફીર કરી (કાફિર ઠરાવ્યા) છે અને અમુકે એમની વિરુદ્ધ પૂરે પૂરી કિતાબો લખી છે, પણ ડૉ. તાહિર સાહબ એ સૌને ''મુલ્લા મલ્વાનાં'' ઠરાવીને તેમને બે કરી દેવાનું એલાન કરી રહ્યા છે !!

રાફઝીઓની પૂરાની આદત એ કે કોઈ સુન્ની કહેવડાવનારા બિકાઉને પૈસાઓથી તોલીને તેની પાસે શાને અલી رضی اللہ عنہમાં પોતાની મરજી મુજબની તક઼રીર કરાવી લે છે. ઈમામ શઅબી رحمۃ اللہ علیہ ફર્માવે છે કે જો હું ચાહું કે શીઆ લોકો ચાંદીથી મારુ ઘર ભરી આપે, તો હું સૈયદના અલી رضی اللہ عنہના બારામાં જૂઠી તક઼રીર કરીને એવું કરી શકુ છું, પરંતું અલ્લાહની ક઼સમ ! હું સૈયદના અલી رضی اللہ عنہના બારામાં કદાપિ જૂઠુ બોલીશ નહીં.

لَوْ شِئْتُ اَن يَمْلَاؤُا بَيْتِي هَذَا وَرَقاً عَلىٰ أَنْ اَكْذِبَ عَلَى عَلِيٍّ لَفَعَلْتُ، وَاللّٰهِ لَا كَذَبْتُ عَلَيْهِ أَبَداً

*(કિતાબુસ્સુન્નહ લિઅબ્દિલ્લાહ બિન અહમદ બિન હંબલ, હદીષ નં. ૧૨૦૮)*

હવે જો પોતાના ડાઘ મિટાવવા માટે કોઈ સાહબ, સિદ્દીક઼ે અકબર رضی اللہ عنہની શાનમાં ૪૦ કલાકની તકરીર કરે છે પણ પૂરા ખિતાબમાં સિદ્દીક઼ે અકબર رضی اللہ عنہની રૂહાની અફઝલિયત અને બાતિની વિલાયતમાં ખિલાફત સ્વીકારતા નથી, તો **આ ખિતાબ કેવળ ડ્રામો છે. ઝઘડો કેવળ શાનનો નથી, બલ્કે રૂહાની અફઝલિયતનો છે.** ચાલીસ કલાકની મહેનત તથા તકલીફ ઉઠાવ્યા વિના અડધી મિનિટમાં આ પ્રકારના

www.barkatekhwaja.net

સર્વ શબ્દો પરત લઈને મસ્અલાને હલ કરી શકે છે, નહીં તો અલ્લાહની તઆલાની બારગાહમાં ચાલાકીઓ કામ આવશે નહીં.

બીજા એંગલથી જોઈએ તો જે લોકોએ વિલાયતમાં મૌલા અલી رضی اللہ عنہને અફઝલ કહ્યા છે તેમના અનુયાયીઓ ખુલીને મુત્લક઼ શેખૈન (અબૂબક્ર, ઉમર)ની અફઝલિયતનો ઈન્કાર કરી રહ્યા છે. અને એમના ઈદારાના અમુક ફારિગ થનાર હઝરાત બાક઼ાયદા રાફઝિયતના મુબલ્લિગ બની ચૂક્યા છે અને ઈમામબાડાઓમાં જઈ જઈને હુબ્બે અહલે બયતના બહાને સુન્નિયતને પાયમાલ કરી રહ્યા છે. તેમનાં મંથલી "દુખ્તરે ઈસ્લામ"ના તાજા અંકમાં લખે છે કે, "હુઝૂરે સરવરે કાઈનાત ﷺના ચાહનારાઓ, અલી હૈદરે કર્રારને મૌલા માનનારાઓ અને હુસૈન ઈબ્ને અલી رضی اللہ عنہનું માતમ કરનારાઓ શૈતાની શક્તિઓ સાથે જંગ લડી રહ્યા છે." *(માહનામા દુખ્તરાને ઈસ્લામ, ઓગસ્ટ–૨૦૨૧૦, પેજ–૩૬)*

ઉસ્તાદ જો એક ફૂટ સરકી પડે (બહેકે) તો શાગિર્દ લાઝમી રીતે એક માઈલ સરકી જાય છે. એટલા માટે સૈયદના ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ ફર્માવે છે કે يَهْدِمُ الْإِسْلَامَ زَلَّةُ الْعَالِمِ એટલે કે, **"આલિમના ફિસલવાથી (બહેકવાથી) ઈસ્લામ તબાહ થઈ જાય છે."** પેલી બાજુ રાફ઼ઝી છે કે એવા લોકોની તક઼રીરો અને લખાણોને હવાલો બનાવીને સુન્ની અવામને ગુમરાહ કરતા ફરે છે.

ડૉ. તાહિરુલ ક઼ાદરી રોજબરોજ કોઈ નવી વાત કહી નાખે છે જેનાથી હુઝૂર કરીમ علیہ الصلوۃ والسلامની ઉમ્મત આપસમાં ઉલઝી પડે છે. દા.ત. જનાબે ત્યાં સુધી કહી આપ્યું કે ૧૨ રબીઉલ અવ્વલ અને ક્રિસમસ ડેને સમાન હેસિયત હાંસલ છે. (Minhaj.org, ડેઈલી ઈનસાફ, ૩–જાન્યુ. ૨૦૦૬) ક્રિસમસના પ્રોગ્રામમાં તક઼રીર કરતી વેળા કહે છે કે, યહૂદી તથા ઈસાઈ મો'મિન (ઈમાનવાળા) છે, એ કાફિર નથી. (CD)

અંદાઝો લગાડો ! કે આ વાત કેટલા પ્રમાણમાં બેહૂદા છે ? વળી આ વાતના કારણે તેમના અનુયાયીઓ અને અન્ય મુસલમાન કેટલી હદે ઝઘડી રહ્યા છે ?! "મુદ્દઈ સુસ્ત અને ગવાહ ચુસ્ત"ના જેમ તેમના સાથી આ વાત સહીહ સાબિત કરતા ફરે છે. પરંતુ મહત્વનો સવાલ એ છે કે ઝઘડાની નોબત શાથી આવી ? આ વાત હાંકીને જનાબને (ડૉ. તાહિરને) શું મળ્યું ? જનાબનું તે ઉમ્મતનું દર્દ ક્યાં ગયું ? તે ઈત્તેહાદ તથા ઈત્તેફાક઼ (એકતા)ના નારા અને કોશિશોનું શું થયું ? જાણે કે પૂરાણા મતભેદો સૌ ગલત હતા અને જે મતભેદો ડૉ. તાહિરુલ ક઼ાદરી આપી રહ્યા છે તે અયન ઈસ્લામ છે ?! જનાબની સર્વ રાફઝિયાના વાતો પર આ સવાલ છે.

અલ્લાહ કરીમ عزوجلની તૌફીક઼થી ફકીરે જે આવનારા ખતરાઓઓને ભાંપીને એની યોગ્ય સમયે નોટીસ લીધી છે, કદાચ દરેક શખ્સ આ ખતરાઓને હાલમાં મહેસૂસ ન કરી શકે.

પરંતુ એટલુ તો જરૂર વિચારવું જોઈએ કે જો આ કિતાબનો લેખક નાસમજ છે તો શું આ મહાન મહાન તથા પ્રતિષ્ઠિત (અગ્રેસર) ઉલમા પણ નાસમજ છે જેમણે દિલ ખોલીને આ કિતાબ પર તકરીઝો (સમર્થનમાં પ્રશંસાના લખાણો) લખી છે અને લેખકનો જેવો કે હક્ક઼ છે સાથ આપ્યો છે. આ તે ઉલમા છે જેનું દષ્ટાંત વર્તમાનકાળમાં પૂરી દુનિયામાં નથી મળતુ. એ ઉલમામાં અમુક તફઝીલીઓના ઉસ્તાદ પણ સામેલ છે.

ફક઼ીરે (લેખકે) તકરીઝો હાંસલ કરવાની આ વ્યવસ્થા એટલા માટે કરી છે કે ફક઼ીરના વિરુદ્ધ અવાજ ઉઠાવનારા કોઈ પણ શખ્સની પાસે કેવળ જઝબાતના સિવાય કોઈ હુજ્જત (દલીલ) બાકી ન

www.barkatekhwaja.net

રહે, ન પોતાના ઝમીરની સામે ન અલ્લાહની બારગાહમાં. આ લોકો જેમને તંગ નજર (સંકૂચિત દષ્ટિવાળા) કહે છે તેમને હુઝૂરે કરીમ ﷺ ઈલ્મ ધરાવનારા તથા આદિલ ઠરાવી રહ્યા છે.

આ કિતાબ મેં એટલા માટે લખી છે જેથી ઈસ્લામનો તૈયબ તથા તાહિર રેકોર્ડ દુરુસ્ત રહે અને પંદરમી સદીના કોઈ નવા સંશોધક તથા ગુમરાહનાં લખાણો ભાવિની નસલોના માટે હવાલો ન બની જાય. અલ્લાહ કરીમ ﷻ આપણને અંગત અદાવતના કારણે કોઈના વિરોધથી મહેફૂઝ રાખે અને હક્ક વાત કહેવા અને સહન કરવાની તૌફીક અતા કરે અને ફકીરની આ અદના સરખી કૃતિને પોતાની બારગાહે નાઝમાં કબૂલિયતનો શરફ અતા કરે. આમીન.

## સૈયદના અલી મુર્તઝા رضی اللہ عنہના મનાકિબ (ખૂબીઓ)

بِسْمِ اللّٰہِ الرَّحْمٰنِ الرَّحِیْمِ

اَلْحَمْدُ لِلّٰہِ رَبِّ الْعَالَمِیْنَ وَالصَّلٰوۃُ وَالسَّلَامُ عَلٰی سَیِّدِ الْاَنْبِیَاءِ وَالْمُرْسَلِیْنَ وَعَلٰی آلِہٖ وَاَصْحَابِہٖ اَجْمَعِیْنَ اَمَّا بَعْد

અલ્લાહ કરીમ ﷻએ પોતાના હબીબે કરીમ ﷺના સહાબાને સર્વ જહાનો પર ફઝીલત આપતાં પસંદ ફર્માવ્યા. તેમના ૩૧૩ "અસ્હાબે બદર" એ સૌથી અફઝલ છે. એમનામાંથી "અશરએ મુબશ્શિરા" અફઝલ છે. પછી એમનામાંથી "ખુલફાએ રાશિદીન" અફઝલ છે. પછી ખુલફાએ રાશિદીનમાંથી સૈયદના અબૂ બક્ર સિદ્દીક رضی اللہ عنہ સૌથી અફઝલ છે, બીજો નંબર સૈયદના ફારૂકે આ'ઝમ رضی اللہ عنہનો, ત્રીજો નંબર સૈયદના ઉષ્માને ગની رضی اللہ عنہનો અને ચોથો નંબર સૈયદના અલી મુર્તઝા رضی اللہ عنہનો છે.

જેવી રીતે પ્રથમ ત્રણ ખલીફાઓને અફઝલિયત હાંસલ છે તેવી જ રીતે હઝરત અલી મુર્તઝા رضی اللہ عنہને પણ અલ્લાહ કરીમ ﷻએ અનહદ કમાલો તથા ખાસિયતોથી નવાઝયા છે.

અમુક બદઅકીદા લોકો હઝરત ઉષ્માન ગની અને હઝરત અલી મુર્તઝા رضی اللہ عنہما (જમાઈઓ)થી બુગ્ઝ રાખે છે અને ખાસ કરીને અમીરુલ મોમિનીન તથા ઈમામુલ વાસિલીન સૈયદના વ મૌલાના અલીયે મુર્તઝા, મુશ્કિલ કુશા, શેરે ખુદા رضی اللہ عنہની ખૂબીઓનો મુદ્દલે ઈન્કાર કરે છે એ લોકો ખારજી તથા નાસબી છે. મહબૂબે કરીમ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો : اَلْخَوَارِجُ كِلَابُ النَّارِ "ખારજી જહન્નમના કૂતરા છે."

*(ઈબ્ને માજહ : હદીષ નં. ૧૭૩)*

કોઈ પણ ઈમાનવાળો માણસ મૌલા અલી કર્રમલ્લાહુ વજહહુલ કરીમની ખૂબીઓ તથા કમાલોનો ઈન્કાર કેવી રીતે કરી શકે છે જ્યારે કે દષ્ટિવાળાઓને હદીષોમાં સ્પષ્ટતાઓ દેખાય રહી છે કે અલીયે મુર્તઝા رضی اللہ عنہ જ રસૂલે પાક ﷺની આલના દાદા છે. સૈયદતુન્નિસા علی ابیها وعلیها الصلوٰۃ والسلامના પતિ છે, રસૂલુલ્લાહ ﷺના કાકાના પુત્ર છે જેમને મહબૂબે કરીમ ﷺએ ગઝવએ તબૂક પર જતી વખતે પાછળ છોડયા તો ફર્માવ્યું : اَنْتَ مِنِّیْ بِمَنْزِلَةِ هَارُوْنَ مِنْ مُوْسٰی "તમે મારાથી તે જ સંબંધ ધરાવો છો જે હારૂનનો મૂસાથી હતો." (બુખારી : હદીષ નં. ૧૧૫) તે દરેક મોમિનના મહબૂબ તથા નાસિર (મદદગાર) છે જેમની શાનમાં તાકીદની રીતે ઈર્શાદ થયો કે :–

مَنْ كُنْتُ مَوْلَاهُ فَعَلِيٌّ مَوْلَاهُ اَللّٰهُمَّ وَالِ مَنْ وَّالَاهُ وَعَادِ مَنْ عَادَاهُ

"જેનો હું દોસ્ત છું તેનો અલી પણ દોસ્ત છે. હે અલ્લાહ! જે અલીને દોસ્ત માને તું તેને પોતાનો દોસ્ત બનાવ અને જે તેની સાથે દુશ્મની

www.barkatekhwaja.net

રાખે તું તેની સાથે દુશ્મની રાખ.'' *(તિર્મિઝી : હદીષ નં. ૩૭૧૩, મિશ્કાત, હદીષ નં. ૬૦૯૧)*

એ જ ફાતેહે ખૈબર છે જેમના હક્કમાં હબીબે કિબ્રિયા ﷺએ ફર્માવ્યું કે કાલે હું ઝંડો તેને આપીશ જે ખુદા તથા રસૂલનો પ્યારો હશે, અને ખુદા તથા રસૂલ એને પ્યારા હશે. (બુખારી : હદીષ નં. ૨૯૪૪, ૩૦૦૯, ૩૭૦૧, ૪૨૧૦, મુસ્લિમ : હદીષ નં. ૬૨૨૩) તે જ મુસ્તફા ﷺના દોલતકદાના રહેવાસી હતા જેમને સરકાર ﷺએ મસ્જિદે નબવીમાંથી જનાબતની હાલતમાં પસાર થવાની ઈજાઝત આપી. (તિર્મિઝી : હદીષ નં. ૩૭૨૭) તે બિરાદરે મુસ્તફા હતા, જે મવાખાતે મદીનાના મોકા પર રડતા રડતા આવ્યા કે મને તમે કોઈનો ભાઈ ન બનાવ્યો ! તો હુઝૂર ﷺએ ફર્માવ્યું : اَنْتَ اَخِیْ فِی الدُّنْیَا وَ الْاٰخِرَۃِ ''તમે દુનિયા તથા આખેરતમાં મારા ભાઈ છો.'' (તિર્મિઝી : હદીષ નં. ૩૭૨૦) અસંખ્ય સહાબીઓના બારામાં આ શબ્દો તો મૌજૂદ છે કે તે મારાથી છે અને હું તેનાથી છું, પરંતુ આ વધારાના શબ્દો કેવળ મૌલા અલી رضی اللہ عنہના બારામાં ફર્માવવામાં આવ્યા છે કે لَا یُؤَدِّیْ عَنِّیْ اِلَّا عَلِیٌّ ''મારી અદાયગી અલી સિવાય કોઈ નથી કરી શકતું.'' (તિર્મિઝી : હદીષ નં. ૩૭૧૯, ઈબ્ને માજહ : હદીષ નં. ૧૧૯) આ તે બાબુલ ઈલ્મ છે જેમને સર્વ સહાબાથી મોટા કાઝી હોવાનો એઝાઝ હાંસલ છે. (મિશ્કાત : હદીષ નં. ૬૧૨૦) એટલા માટે સૈયદના ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ એવી કઝા (ફેંસલા)ની તથા ઈલ્મની મજલિસથી અલ્લાહની પનાહ માગતા હતા જેમાં અલી મૌજૂદ ન હોય. (અલ્અસાબા, ૨/૧૨૯૬) એ અઝીમુલ મર્તબત હસ્તી અલીયે મુર્તઝા رضی اللہ عنہની હતી જેમને હબીબે કિબ્રિયા ﷺએ હુકમ આપ્યો કે મારા ખભાઓ પર ચઢીને કા'બાની છત પરથી મૂર્તિ પાડી દો. અને આપ ફર્માવે છે કે મને ખયાલ આવી રહ્યો હતો કે, જો ચાહું તો આસ્માનના કિનારાઓને સ્પર્શી લઉં. (અસ્સુનનુલ કુબરા લિલ નસાઈ : હદીષ : ૮૫૦૭) આપની નમાઝના ખાતર સૂરજને પરત લાવવામાં આવ્યો (અશિફા, ૧/૧૫૮) રસૂલુલ્લાહ ﷺએ એક લશ્કર મોકલ્યું જેમાં હઝરત અલી رضی اللہ عنہ પણ હતા. રસૂલુલ્લાહ ﷺ હાથ મુબારક ઉઠાવીને દુઆ કરી રહ્યા હતા : اَللّٰھُمَّ لَا تُمِتْنِیْ حَتّٰی تُرِیَنِیْ عَلِیًّا ''હે અલ્લાહ ! મને એ સમય સુધી વફાત ન આપતો જયાં સુધી અલીને ન જોઈ લઉં.'' (તિર્મિઝી : હદીષ નં. ૩૭૩૭) આપ હિજરતની રાતે રસૂલુલ્લાહ ﷺના બિસ્તર પર સૂતા. (અર્રિયાઝુન્નઝરહ, ૨/૧૭૬) તેમના જ બારામાં સૈયદના અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما ફર્માવે છે કે અલીમાં અઢાર ખૂબીઓ એવી છે કે એમનામાંથી કેવળ એક જ તેમની આખેરત સંવારવા માટે પૂરતી હતી, જ્યારે કે એમનામાંથી તેર ખૂબીઓ એવી છે જે કેવળ એમની જ વિશિષ્ટતાઓ છે અને આ ઉમ્મતમાં કોઈ બીજાને આ એ'ઝાઝ હાંસલ નથી.

لَقَدْ کَانَتْ لَهٗ ثَلَاثَۃَ عَشَرَ مُنْقِبَۃً لَمْ یَکُنْ لِاَحَدٍ مِنْ ھٰذِهِ الْاُمَّۃِ

*(તિબ્રાની અવસત : હદીષ નં. ૮૪૩૨)*

હઝરત શયખ અબ્દુલહક્ક મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہએ અલ્લામા સિયૂતી رحمۃ اللہ علیہના હવાલાથી લખ્યું છે કે : પ્રથમ ત્રણેવ ખલીફાના ફઝાઈલ તથા મનાકિબ (ખૂબીઓ) પણ આ જ પ્રમાણે ખૂબ જ અધિક પ્રમાણમાં છે, બલ્કે સૈયદના અલીયે મુર્તઝા رضی اللہ عنہથી વધીને છે. بلکہ بیشتر ازاں *(અશિઅતુલ લમ્આત, ૪/૬૭૪)*

ફકીર લખનારે ચારેવ ખુલફાએ રાશિદીન رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْھِمْ اَجْمَعِیْنَની વિશિષ્ટતાઓ પર ''કિતાબુલ ખસાઈસ'' લખી આપી છે જે અલ્હમ્દુલિલ્લાહ પ્રસિધ્ધ થઈ ચૂકી છે. (ક્રમશઃ)

www.barkatekhwaja.net

## ★ 'સુફ્ફા ઉલમા કાઉન્સિલ' થકી બહેનો માટે પ્રોગ્રામો થયા ★

**દયાદરા** : 'સુફ્ફા ઉલમા કાઉન્સિલ' થકી ગ્યારહવી શરીફ નિમિત્તે ઈસ્લામી બહેનો માટે નઅત, મન્કબત તથા બયાનોના પ્રોગ્રામો શનિ, રવિ તા. ૧૨ અને ૧૩ ઓકટોબર, મુ. ચાંદ રબીઉલ આખર ૯ તથા ૧૦ની રાતે "સુફ્ફા ટયુશન કલાસિસ" ખાતે થયા અને તા. ૧૫–૧૦–૨૦૨૪ની રાતે ઈશા બાદ અકુજી કોમ્યુનિટી હોલમાં શાનદાર રીતે જશ્ને ગૌષે આ'ઝમ رحمۃ اللہ تعالیٰ علیہ મનાવાયો જેમાં નઅતે પાક તથા ગૌષ પાકની શાનમાં મન્કબતો વિવિધ બહેનોએ પઢેલ અને આલિમા બહેનોએ ગૌષપાક رحمۃ اللہ تعالیٰ علیہની શાનમાં ઈમાન અફરોઝ બયાનો કર્યાં હતાં. મોટી સંખ્યામાં ગામની ખવાતીને હાજરી આપી પ્રોગ્રામોને કામયાબ કર્યા હતા.


**કિતાબ મફત મંગાવો !**



**કિતાબ : શું કહે છે શરીઅત ?**

**સંપાદક** : પીરે તરીકત સૈયદ દાદમિયાં શમ્સુદ્દીન કાદરી હૂદી હુસૈની

નીચેના સરનામે રૂા. ૧૦ની ટપાલ ટીકીટ મોકલશો.

**સરનામું** : સુન્ની મુસ્લિમ ખિદમત કમિટી
મુ. રૂપાલ, તા. બાવલા, જિ. અમદાવાદ,
પિન : ૩૫૨૨૨૦. Mo. 9824450194, 9824031831

ઝિક્રે અલ્લાહ તઆલા વ રસૂલે પાક ﷺ કુર્આન શરીફ તથા હદીષ શરીફ, કુફ્ર અને ઈમાન, શિર્ક અને તૌહીદ, કલ્મા, નમાઝ, રોઝા, હજ–ઉમરાહ, આસ્માની કિતાબો, અંબિયા, અહલે બૈત, ખુલ્ફાએ રાશિદીન, સહાબા, બાર ઈમામ, વલી, શરીઅત, તરીકત, ઈબાદત... વગેરે વિશે સવાલ જવાબના રૂપમાં જરૂરી દીની માહિતી વાંચો અને ઈલ્મે દીન હાંસલ કરો.


## :: ઈન્તેકાલ પુરમલાલ ::

- **નડિયાદ** : ખાતે દિલશાદ અલી શફાઅતઅલી સૈયદનો ૭૦ વર્ષની વયે મુ.તા. ૨૩ ઝીલ હજ્જ, હિ.સ. ૧૪૪૫, અંગ્રેજી તા. ૩૦–૦૬–૨૦૨૪ રવિવારના રોજ ઈન્તેકાલ થઈ ગયો.
- **નબીપુર** : ખાતે સક્રિય સુન્ની કાર્યકર જનાબ મકબૂલ ગુલામ મોલ્વીનો મુ. ચાંદ ૧૧, રબીઉલ અવ્વલ, હિ.સ. ૧૪૪૬, અંગ્રેજી તા. ૧૫–૦૯–૨૦૨૪, રવિવારના રોજ ઈન્તેકાલ થયો છે. મર્હૂમ દીનદાર, સેવાભાવી, દીનો સુન્નિયતના કામો, જરૂરતની જગાએ મસ્જિદ મદ્રસા બાંધકામમાં, તેના સંચાલનમાં સહાયનું મિશન ચલાવતા હતા. ગરીબો, કુદરતી આપત્તિમાં પીડીતો માટે રીલીફનું કામ કરતા હતા, આમ ઘણા દીની સામાજિક નેક કાર્યોમાં પ્રવૃત્ત રહેતા હતા.
- **દયાદરા** : ખાતે તા. ૨૯–૦૯–૨૦૨૪ રવિવારે, મુ. ચાંદ ૨૫ રબીઉલ અવ્વલ શરીફ હિ.સ. ૧૪૪૬ના રોજ મેરૂનબેન યૂનુસ બોરડીવાલાનો ઈન્તેકાલ થયો.
- **આમોદ** : મુકામે જનાબ શબ્બીરભાઈ રાજ (રાજ ઈસ્હાક માસ્તરના ભાઈ)નો તા. ૧૪–૧૦–૨૦૨૪, ગૌષપાક رضی اللہ عنہની ૧૧વીં શરીફની રાતમાં ઈન્તેકાલ થઈ ગયો. મર્હૂમ દીનદાર, મિલનસાર, નેક નમાઝી, પાકા સુન્ની હતા.
- **દયાદરા** : ખાતે તા. ૧૬–૧૦–૨૦૨૪ બુધવાર, મુ. ચાંદ ૧૪ રબીઉલ આખર શરીફ હિ.સ. ૧૪૪૬ના રોજ જરીનાબેન ઈબ્રાહીમ પોસ્ટ માસ્તરનો ઈન્તેકાલ થયો.

*રબ્બે કરીમ તેના પ્યારા મહબૂબ ﷺના સદકામાં મર્હૂમોની કરવટ કરવટ મગફેરત ફર્માવે, જન્નતમાં આ'લા મકામ અતા કરે, કુટુંબીજનોને, સ્નહીઓને, ચાહકોને સબ્રે જમીલ અતા કરે. (આમીન) સર્વ મર્હૂમોના માટે **દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ** ખાતે કુર્આન શરીફનો ખત્મ કરાવીને ઈસાલે સવાબ કરી મગફેરતની દુઆ કરવામાં આવી હતી. –તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

www.barkatekhwaja.net